RNI NO GUJ/GUJ/2006/24237
LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !
RAJKOT
www.aaspassdaily.com
LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ
● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪
● સંવત ૨૦૮૨ અષાઢ વદ - ૮    શુક્રવાર તા.૦૭-૦૮-૨૦૨૬    અંક : ૪૧ વર્ષ : ૨૨    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# કચ્છના સરક્રીક પર ચીન-પાકિસ્તાનની નાપાક ચાલ
# ભારતની સમુદ્રી સરહદે અસ્થિરતા ફેલાવવાનું શરૂ

## અરબ સાગરમાં પાકિસ્તાન દ્વારા ભારતીય નેવીને ઘેરવા 'અબાબીલ પ્રોજેક્ટ' શરૂ



ઈસ્લામાબાદ,
ભારતની ઉત્તર અને પૂર્વીય સરહદો પર સતત તણાવ પેદા કર્યા બાદ હવે ચીને પાકિસ્તાનની મિલીભગતથી ભારતની પશ્ચિમ સમુદ્રી સરહદ પર પણ અસ્થિરતા ફેલાવવાનું શરૂ કર્યું છે. કચ્છ સરહદ નજીક આવેલા વ્યૂહાત્મક રીતે સંવેદનશીલ સરક્રીક વિસ્તારમાં પાકિસ્તાન ચીન અને તુર્કીની મદદથી પોતાની સૈન્ય તાકાત અને નેવલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઝડપથી વધારી રહ્યું છે. અરબ સાગરમાં ભારતીય નેવલ પાવરને સીધો પડકાર આપવા માટે પાકિસ્તાને અહીં ખતરનાક 'અબાબીલ પ્રોજેક્ટ' અમલમાં મૂક્યો છે.

'અબાબીલ-૫ ડિવાઈન સ્ટ્રાઈક' નામના આ પ્રોજેક્ટની સીધી દેખરેખ પાકિસ્તાનના ફિલ્ડ માર્શલ અસીમ મુનીર પોતે કરી રહ્યા છે. આ યોજના અંતર્ગત કચ્છની સરહદ પાસે સરક્રીક વિસ્તારમાં અત્યાધુનિક સૈન્ય ઉપકરણો ગોઠવવામાં આવી રહ્યા છે. ભારતની સુરક્ષાને ગંભીર પડકાર આપવા માટે પાકિસ્તાને અહીં તેના નેવલ સ્પેશિયલ સર્વિસ ગ્રુપ (SSG) કમાન્ડો તૈનાત કર્યા છે, જેઓ સમુદ્ર, હવા અને જમીન પર હાઈ-રિસ્ક મિશન પાર પાડવા માટે ખાસ તાલીમ પામેલા હોય છે.

આ સૈન્ય આધુનિકીકરણમાં ચીન અને તુર્કી પાકિસ્તાનના મુખ્ય સહયોગી બન્યા છે. પાકિસ્તાને સરક્રીક અને અરબ સાગરમાં તુર્કીના આત્મઘાતી અને સર્વેલન્સ ડ્રોન, ચીનના અત્યાધુનિક હોવરક્રાફ્ટ, હાઇ-સ્પીડ નેવલ બોટ્સ તેમજ આધુનિક રોકેટ અને એર ડિફેન્સ સિસ્ટમ તૈનાત કરી છે. આ એડવાન્સ્ડ એર ડિફેન્સ સિસ્ટમ સરક્રીક વિસ્તારમાં પાકિસ્તાન આર્મીની નવી રોકેટ ફોર્સ સાથે સંકલન સાધીને કામ કરશે.આ ઉપરાંત, અરબ સાગરમાં પાકિસ્તાનની તાકાતમાં વધારો કરતા ચીને તેને પહેલી 'હેંગર ક્લાસ સબમરીન' પણ સોંપી દીધી છે. આ સબમરીનને કારણે પાકિસ્તાનની સ્ટેલ્થ ક્ષમતા (દુશ્મનની નજરથી બચીને છૂપા રહેવાની ક્ષમતા) અને સેકન્ડ સ્ટ્રાઈક ક્ષમતા (હુમલા બાદ વળતો પ્રહાર કરવાની શક્તિ) નોંધપાત્ર રીતે મજબૂત થઈ છે.

### ભારતીય સુરક્ષા એજન્સીઓનું હાઈ એલર્ટ

પાકિસ્તાન દ્વારા સરક્રીક અને અરબ સાગરમાં પાયલટ વિનાના એરિયલ અને મેરીટાઈમ ડ્રોન્સનો વધતો ઉપયોગ ભારત માટે ચિંતાનો વિષય બન્યો છે. જોકે, પાકિસ્તાનની આ તમામ નાપાક હરકતો અને સરહદી વિસ્તારોમાં થઈ રહેલા ફેરફારો પર ભારતીય સુરક્ષા એજન્સીઓ અને નેવી દ્વારા અત્યંત સચેત નજર રાખવામાં આવી રહી છે. ભારતીય સશસ્ત્ર દળો કોઈપણ સ્થિતિને પહોંચી વળવા માટે સંપૂર્ણપણે સજ્જ છે.

## ટ્રમ્પે જન્મથી મળતી નાગરિકતાના નિયમોને કડક બનાવવા માટે બે નવા આદેશો જાહેર કર્યા

### 'બર્થ ટૂરિઝમ' અને આતંકવાદ સંબંધિત માતા-પિતાના બાળકોને અમેરિકન નાગરિકતા ન આપવાનો નિર્ણય

વોશિંગટન,
અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જન્મથી મળતી નાગરિકતાના નિયમો કડક કરવા ૨ નવા આદેશો જારી કર્યા છે. સુપ્રીમ કોર્ટે ગેરકાયદે ઈમિગ્રન્ટ્સના બાળકોને નાગરિકતા ન આપવાના ટ્રમ્પના આદેશને રદ કર્યો હતો. છતાં, ટ્રમ્પે 'બર્થ ટૂરિઝમ' અને આતંકવાદ સંબંધિત માતા-પિતાના બાળકોને અમેરિકન નાગરિકતા ન આપવાનો નિર્ણય કર્યો છે. વ્હાઈટ હાઉસે આ નિયમ વિદેશી સરકારો માટે લોબિંગ કરનારા લોકોના બાળકો પર પણ લાગુ પડશે તેમ જણાવ્યું.

ડોનાલ્ડ ટ્રમ્પે જન્મથી મળતી નાગરિકતા (બર્થરાઈટ સિટીઝનશિપ)ના નિયમોને કડક બનાવવા માટે બે નવા આદેશો જાહેર કર્યા છે. આ અગાઉ અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના એ આદેશને રદ કરી દીધો હતો, જેમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સના બાળકોને નાગરિકતા આપવાની મનાઈ કરવામાં આવી હતી.

## હવે LPG ઉપર સરકાર ટેક્સ વસૂલશે!

નવીદિલ્હી,
કેન્દ્ર સરકાર LPG અને નેચરલ ગેસ પર નવો ટેક્સ લાદવાનું વિચારી રહી છે. આ પ્રસ્તાવ મંજૂર થતાં જ સામાન્ય નાગરિકોના માસિક બિલમાં વધારો થશે, જેનાથી મોંઘવારી વધુ વકરશે. પેટ્રોલિયમ મંત્રાલય LPG પર ૧.૨૯ રૂપિયા પ્રતિ કિલોગ્રામ અને નેચરલ ગેસ પર ૧.૪૩ રૂપિયા પ્રતિ સ્ટાન્ડર્ડ ઘન મીટર ચાર્જ વસૂલવાની તૈયારીમાં છે. આનાથી ઘરેલુ સિલિન્ડર ૧૮ રૂપિયા મોંઘો થશે.

એક અહેવાલ મુજબ, કેન્દ્ર સરકાર ફ્યુઅલ સ્ટોરેજ સ્કીમ અંતર્ગત મદદ માટે આશરે ૪૨ અબજ ડોલર (લગભગ ૩.૯૯ લાખ કરોડ રૂપિયા) નું ભંડોળ એકત્ર કરવાની યોજના બનાવી રહી છે. આ રકમ એલપીજી અને નેચરલ ગેસના યુઝર્સ પાસેથી વધારાના ચાર્જ તરીકે વસૂલવામાં આવી શકે છે, જોકે હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને આયાત ખર્ચમાં વધારાને ધ્યાનમાં રાખીને ભારત સરકાર પોતાની ઊર્જા સુરક્ષા મજબૂત કરવા માંગે છે. દેશ તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતના મોટાભાગના ભાગ માટે આયાત પર નિર્ભર છે, તેથી કટોકટીના સમયમાં અછત ન સર્જાય તે માટે આ વ્યુહાત્મક ભંડોળ ઊભું કરવાનું અત્યંત મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

## સાઉદી પર હુથીઓનો મોટો હુમલો, નાગરિકોને બનાવ્યા નિશાન

### સાઉદી સેનાએ આ હુમલાને આંતરરાષ્ટ્રીય માનવાધિકાર અને કાયદાનું ખુલ્લું ઉલ્લંઘન ગણાવ્યું

યમન,
યમન સરહદે સાઉદી અરેબિયાના નજરાનમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ હુમલો કર્યો છે. આ હુમલામાં ૪ વર્ષના બાળક સહિત ૧૧ નાગરિકો ઘાયલ થયા છે. ઘાયલોમાં ૭ સાઉદી, ૧ યમની, ૨ ઈજિપ્તીયન અને ૧ પાકિસ્તાની પ્રવાસી સામેલ છે. સાઉદી સેનાએ તેને માનવાધિકારનું ઉલ્લંઘન ગણાવ્યું છે. આ હુમલાથી સરહદી તણાવ વધ્યો છે.

યમન સરહદ નજીક આવેલા સાઉદી અરેબિયાના નજરાન વિસ્તારમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરો દ્વારા કરવામાં આવેલા હુમલામાં ૪ વર્ષના બાળક સહિત ૧૧ નાગરિકો ગંભીર રીતે ઘાયલ થયા છે. એપ્રિલ ૨૦૨૨ માં થયેલા યુદ્ધવિરામ બાદ સરહદી વિસ્તારમાં તણાવ ફરી એકવાર ચરમસીમાએ પહોંચ્યો છે. સાઉદી સેનાએ આ હુમલાને આંતરરાષ્ટ્રીય માનવાધિકાર અને કાયદાનું ખુલ્લું ઉલ્લંઘન ગણાવ્યું છે.

સાઉદી અરેબિયાની સેનાના પ્રવક્તા તૂર્કિયે અલ-મલ્કીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર માહિતી આપતા જણાવ્યું હતું કે, ઘાયલોમાં ૭ સાઉદી નાગરિકો, ૧ યમની, ૨ ઈજિપ્તીયન અને ૧ પાકિસ્તાની પ્રવાસી સામેલ છે. હુથી મિલિશિયાએ જાણીજોઈને સામાન્ય નાગરિકો અને રહેણાંક વિસ્તારો પર અંધાધૂંધ ગોળીબાર અને રોકેટ દાગ્યા હતા. અલ-મલ્કીએ કડક શબ્દોમાં કહ્યું કે સામાન્ય નાગરિકોને નિશાન બનાવવું એ 'કસ્ટમરી ઈન્ટરનેશનલ હ્યુમેનિટેરિયન લો' નો સીધો ભંગ છે.

### યમન સૈન્ય કેમ્પ પર પણ હુમલોઃ ૩૦ સૈનિકોના મોત

નજરાનમાં થયેલા હુમલાના થોડા કલાકો પહેલા જ હુથી બળવાખોરોએ મધ્ય અને પૂર્વ યમનમાં પણ મોટા આક્રમણની જવાબદારી લીધી હતી. યમનના સત્તાવાર અધિકારીઓના જણાવ્યા અનુસાર, મારીબ અને હદરામૌત પ્રાંતમાં આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકારના લશ્કરી કેમ્પોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ બેલિસ્ટિક મિસાઈલ અને ડ્રોન હુમલાઓમાં ઓછામાં ઓછા ૩૦ સરકારી સૈનિકોના મોત થયા છે અને ૫૦ થી વધુ સૈનિકો ઘાયલ થયા છે.

## NTA ના નિષ્ણાતોએ જ NEET-UG નું પેપર લીક કર્યું હતું

### CBI તપાસમાં મોટો ઘટસ્ફોટ, અનુવાદ અને પ્રૂફરીડિંગ દરમિયાન થઈ ગેરરીતિ

નવીદિલ્હી,
NEET-UG 2026 પેપર લીક મામલે CBIની ચાર્જશીટે દ્ધછની સુરક્ષા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. તપાસ મુજબ, વિષય નિષ્ણાતો મનીષા મંધારે, પ્રહ્લાદ કુલકર્ણી અને મનીષા હવાલદારે પુણેમાં પોતાના અધિકૃત એક્સેસનો દુરુપયોગ કરીને પ્રશ્નપત્ર લીક કર્યું હતું. તેમણે ઉમેદવારોને પ્રશ્નો મૌખિક રીતે જણાવી લાખો રૂપિયાના નાણાકીય વ્યવહારો કર્યા હતા. દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટ ૧૦ ઓગસ્ટે આ ચાર્જશીટ પર સુનાવણી કરશે.

તપાસ એજન્સીએ દાવો કર્યો છે કે પ્રશ્નપત્ર કોઈ પ્રિંટિંગ પ્રેસમાંથી લીક થયું નહોતું, પરંતુ નેશનલ ટેસ્ટિંગ એજન્સી માટે કામ કરી રહેલા વિષય નિષ્ણાતોએ જ પોતાના અધિકૃત એક્સેસનો દુરુપયોગ કરીને પેપર બહાર પહોંચાડ્યું હતું. આ મામલે દાખલ કરવામાં આવેલી ચાર્જશીટ પર દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટ ૧૦ ઓગસ્ટે સંજ્ઞાન લેશે.સીબીઆઈના જણાવ્યા અનુસાર, પ્રશ્નપત્રના ગોપનીય અનુવાદ, બેક-ટ્રાન્સલેશન અને પ્રૂફરીડિંગની પ્રક્રિયા દરમિયાન વિષય નિષ્ણાતોએ પોતાના અધિકારોનો દુરુપયોગ કર્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે બોટની-ઝૂલોજીના નિષ્ણાત મનીષા ગુરુનાથ મંધારે, કેમિસ્ટ્રીના નિષ્ણાત પ્રહ્લાદ વિઠ્ઠલરાવ કુલકર્ણી અને ફિઝિક્સના નિષ્ણાત મનીષા સંજય હવાલદારે પ્રશ્નપત્રની માહિતી બહાર પહોંચાડી હતી.

## હવે રિકવરી એજન્ટો નહીં કરી શકે દાદાગીરી!

### RBIએ બદલ્યા નિયમો, ૧ જાન્યુઆરી, ૨૦૨૭થી અમલમાં આવશે

નવીદિલ્હી,
જો તમે બેંક કે કોઈ ફાઈનાન્સ કંપની પાસેથી લોન લીધી હોય ભારતીય રિઝર્વ બેંક (ઈ૪) દ્વારા લોન રિકવરીના નિયમોમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. આ નવા નિયમોનો મુખ્ય હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે લોન વસૂલાતના નામે ગ્રાહકો સાથે ગેરવર્તણૂક કે માનસિક દબાણ ન કરવામાં આવે. આ નવા નિયમો આગામી ૧ જાન્યુઆરી, ૨૦૨૭થી અમલમાં આવશે.

નવા નિયમો અનુસાર, રિકવરી એજન્ટો હવે કોઈપણ ગ્રાહકને ધમકાવી શકશે નહીં અને વારંવાર ફોન કે મેસેજ કરીને હેરાન પણ નહીં કરી શકે. સૌથી મહત્વની વાત એ છે કે, સવારે ૮ વાગ્યા પહેલા અને સાંજ પછી રિકવરી કોલ કરવાની પણ મંજૂરી રહેશે નહીં. આ ઉપરાંત, એજન્ટો ગ્રાહકના પરિવારજનો કે મિત્રોને પણ પરેશાન કરી શકશે નહીં.

રાખડી જોહરની જ
ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ | પ્રેમ મંદિર રોડ, ગાર્ડનની સામે, કાલાવડ રોડ, રાજકોટ.

## ચાર દાયકા બાદ બોફોર્સ કેસ બંધ, સુપ્રીમે અંતિમ અરજી ફગાવી દીધી

### ભ્રષ્ટાચારના આરોપોને કારણે રાજીવ ગાંધી ૧૯૮૯ની ચૂંટણી હારી ગયા હતા




નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટે લગભગ ૪૦ વર્ષ જૂના બોફોર્સ કૌભાંડમાં અંતિમ અરજી ગુરુવારે ફગાવી દીધી હતી. આ સાથે, મામલો હવે સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે.

મીડિયા અહેવાલો અનુસાર, ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને કે. વિનોદ ચંદ્રનની બેન્ચે જણાવ્યું હતું કે આ કેસમાં વધુ સુનાવણીની જરૂર નથી. કોર્ટે ૨૦૦૫ના દિલ્હી હાઈકોર્ટના હિન્દુજા બ્રધર્સ અને બોફોર્સ કંપનીને નિર્દોષ જાહેર કરવાના નિર્ણયને પડકારતી અપીલ પર સુનાવણી કરવાનો પણ ઈનકાર કર્યો હતો.

આ કેસ ૧૯૮૬ના સોદા સાથે સંબંધિત છે જેમાં ભારતે સ્વીડિશ કંપની બોફોર્સ પાસેથી ૧,૪૩૭ કરોડ રૂપિયાની તોપખાના ખરીદ્યા હતા. બાદમાં, આરોપો સામે આવ્યા કે સોદામાં કમિશન ચૂકવવામાં આવ્યું હતું. ભ્રષ્ટાચારના આરોપોને કારણે રાજીવ ગાંધી ૧૯૮૯ની ચૂંટણી હારી ગયા.આ કેસ ૧૯૮૬માં ભારત સરકાર અને સ્વીડિશ કંપની એબી બોફોર્સ વચ્ચે થયેલા ૧,૪૩૭ કરોડ રૂપિયાના બંદૂક ખરીદી સોદા સાથે સંબંધિત છે.૧૯૮૭માં, એવું બહાર આવ્યું હતું કે આ સોદો મેળવવા માટે કથિત રીતે લાંચ આપવામાં આવી હતી. આ કેસ ત્યારબાદ દેશના સૌથી મોટા રાજકીય કૌભાંડોમાંનો એક બન્યો.

બોફોર્સ કેસ લાંબા સમય સુધી સમાચારમાં રહ્યો, પરંતુ કોર્ટમાં ટકી શક્યો નહીં. તેનું મુખ્ય કારણ ખામીયુક્ત તપાસ અને પુરાવા હતા.દિલ્હી હાઈકોર્ટે ૨૦૦૫ના તેના ચુકાદામાં જણાવ્યું હતું કે સીબીઆઈ આરોપોને સાબિત કરવા માટે પૂરતા અને વિશ્વસનીય પુરાવા પૂરા પાડવામાં નિષ્ફળ રહી. જ્યારે આરોપો લગાવવામાં આવ્યા હતા, ત્યારે કોઈપણ આરોપી સાથે કોઈ સીધી કડી મળી શકી ન હતી.

વિદેશી દસ્તાવેજો પ્રમાણિત કરવામાં આવ્યા ન હતાઃ તપાસ દરમિયાન સીબીઆઈ દ્વારા સ્વીડનથી મેળવેલા દસ્તાવેજો સાચા ન હતા અને યોગ્ય રીતે ચકાસવામાં આવ્યા ન હતા. કોર્ટે જણાવ્યું હતું કે આવા દસ્તાવેજોના આધારે કોઈને આરોપી બનાવવું ગેરવાજબી છે અને ન્યાયિક પ્રક્રિયાનો દુરુપયોગ છે.


Molbio is an innovative point-of-care diagnostics company focused on expanding access to accurate, rapid and cost-effective healthcare technologies to diagnose infectious and non-infectious diseases.

The company has strong in-house R&D capabilities with 153 permanent employees, including 136 scientists and a proven track record of developing innovative diagnostic products.

Molbio's flagship innovation, Truenat®, is a novel portable multi-disease diagnostic platform patented in over 100 countries. As of March 31, 2025, it can diagnose 30 diseases.

Truenat® is one of only two rapid molecular tests in the world endorsed by the WHO for the initial diagnosis of tuberculosis (TB) and the detection of rifampicin resistance detection using molecular diagnostic technology. (Source: 1Lattice Report)

Molbio's product portfolio also includes solutions for radiology, digital pathology, and breast health screening through its subsidiaries, Prognosys Medical Systems Private Limited and OptraScan, as well as its collaboration partner, UE Lifesciences.

Molbio's products are offered globally across public health programs, diagnostic laboratories, and both private and public hospitals.

molbio® INNOVATE • IMPACT • INSPIRE
Molbio Diagnostics Limited
molbiodiagnostics.com

**MOLBIO DIAGNOSTICS LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares and has filed the RHP dated August 3, 2026 with RoC and the Stock Exchanges. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.molbiodiagnostics.com and the websites of the Kotak Mahindra Capital Company Limited, IIFL Capital Services Limited (formerly known as IIFL Securities Limited), Jefferies India Private Limited and Motilal Oswal Investment Advisors Limited at https://investmentbank.kotak.com, www.iiflcapital.com, www.jefferies.com and www.motilaloswal.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see *"Risk Factors"* beginning on page 28 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges, and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision. This announcement does not constitute an invitation or offer of securities for sale in any jurisdiction. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the **"U.S. Securities Act"**) or any state securities laws in the United States, and unless so registered, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in "offshore transactions" as defined in and in reliance on, Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાની તિરંગા યાત્રા અને તિરંગા કોન્સર્ટનું આયોજન

## રાજ્યમાં ૧૨૦૦થી વધુ તિરંગા યાત્રાનું આયોજનઃ ૭૦ લાખથી વધુ ઘરો પર તિરંગો લહેરાશે



અમદાવાદ,

ગુજરાતમાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત યોજાનારા વિવિધ કાર્યક્રમો અંગે માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને એકતાના સંદેશ સાથે કશ્મીરથી કન્યાકુમારી સુધી સમગ્ર દેશમાં 'હર ઘર તિરંગા' અભિયાનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. દેશની સુરક્ષા માટે શહાદત આપનાર વીર જવાનો, તેમના પરિવારો પ્રત્યે આદર વ્યક્ત કરવા તેમજ બાળકોથી લઈને વૃદ્ધો સુધી સૌ નાગરિકોમાં દેશભક્તિના ભાવને મજબૂત કરવાના હેતુથી આ વર્ષે ગુજરાતમાં તા.૯ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન વિવિધ રાષ્ટ્રભક્તિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રી ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા મંત્રીમંડળના સભ્યો સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં આગામી તા. ૧૦ ઓગસ્ટે ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાની તિરંગા યાત્રા અને 'તિરંગા કોન્સર્ટ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૧૧ ઓગસ્ટે અમદાવાદ, ૧૨ ઓગસ્ટે રાજકોટ અને ૧૪ ઓગસ્ટે વડોદરા ખાતે તિરંગા યાત્રા યોજાશે.

તેમણે કહ્યું કે, આ વર્ષે સમગ્ર ગુજરાતમાં ૭૦ લાખથી વધુ ઘરો પર તિરંગો લહેરાવવામાં આવશે. ભારત પાકિસ્તાન સરહદ પર આવેલા ગામડાઓથી લઈને રાજ્યના મોટા શહેરો સુધી તમામ જિલ્લાઓમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવશે. જિલ્લા કલેક્ટરશ્રીઓ અને પોલીસ કમિશનર સાથે વિવિધ ધાર્મિક તેમજ સામાજિક સંસ્થાઓ દ્વારા અત્યાર સુધીમાં રાજ્યભરમાં ૧૨૦૦થી વધુ તિરંગા યાત્રાઓ માટેની મંજૂરી મેળવી લેવામાં આવી છે. આ રાષ્ટ્રીય પર્વમાં રાજ્યની સામાજિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, શાળા-કોલેજો અને ધાર્મિક સંસ્થાઓ પણ ઉત્સાહભેર જોડાઈને આયોજનને વધુ વ્યાપક બનાવી રહી છે. આ ઉપરાંત રાજ્યના તમામ તાલુકાઓ, ગામડાઓ અને નવી બનેલી મહાનગરપાલિકાઓ તેમજ નગરપાલિકાઓમાં પણ સ્થાનિક કક્ષાએ રાષ્ટ્રભક્તિના વિવિધ કાર્યક્રમો યોજાશે.

વીર શહીદોને નમન કરવા અને જવાનોનો આભાર માનવા માટે દર વર્ષે યોજાતી આ યાત્રાઓમાં લાખોની સંખ્યામાં નાગરિકો અને યુવાનો જોડાય છે. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ગુજરાતના યુવાનો, વિદ્યાર્થીઓ અને તમામ સમાજના લોકો દેશભક્તિના મહાપર્વમાં સહભાગી બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. તા. ૧૪ ઓગસ્ટ સવારે તમામ જિલ્લા મથકો પર 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ'નો ખાસ કાર્યક્રમ પણ યોજાશે તેમ તેમણે ઉમેર્યું હતું.

# ગુજરાતમાં ૧૨ થી ૧૫ ઓગસ્ટ બાદ કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની શક્યતા

## ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં પણ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના

અમદાવાદ,

ગુજરાતમાં ચોમાસું હાલમાં સ્થિર ગતિએ આગળ વધી રહ્યું છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી રહ્યા છે અને આગામી કેટલાક દિવસો સુધી પણ આવું જ વાતાવરણ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના અનુમાન મુજબ ૧૧ ઓગસ્ટ સુધી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં સામાન્યથી મધ્યમ વરસાદ ચાલુ રહી શકે છે, જ્યારે ૧૨થી ૧૫ ઓગસ્ટ દરમિયાન વરસાદનું પ્રમાણ કેટલાક વિસ્તારોમાં વધી શકે છે.

દરમિયાન દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાઈ શકે છે. સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપી, ભરૂચ, નર્મદા, વડોદરા, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, રાજકોટ, જામનગર, મોરબી, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને કચ્છ સહિતના જિલ્લાઓમાં વરસાદી માહોલ રહેવાની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ ૮થી ૧૧ ઓગસ્ટ દરમિયાન પણ રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ અને છૂટાછવાયા વરસાદી ઝાપટાં જોવા મળી શકે છે. દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત ઉપરાંત ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં પણ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના યથાવત રહેશે.

મધ્યમ ગાળાના હવામાન અનુમાન મુજબ ૧૨થી ૧૫ ઓગસ્ટ વચ્ચે રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદ વધુ સક્રિય બની શકે છે.

# છત્રાલ જીઆઈડીસીમાં નકલી ઘી બનાવતી ફેક્ટરીનો પર્દાફાશઃ કરોડોનો શંકાસ્પદ જથ્થો જપ્ત

## નકલી પ્રોડક્ટનો આશરે ૩૦ હજાર લીટર જેટલો જથ્થો વિવિધ ટ્રેડિંગ કંપનીઓને સપ્લાય કરવામાં આવતો હતો

ગાંધીનગર,

ગાંધીનગર રેન્જ પોલીસે એક મોટી કાર્યવાહી કરીને છત્રાલ જીઆઈડીસીમાં ચાલી રહેલી નકલી ઘી બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ કર્યો છે. પોલીસના દરોડા દરમિયાન 'હેપી ઓઈલ ઇન્ડસ્ટ્રી' નામની ફેક્ટરીમાંથી રૂ. ૧.૬૭ કરોડની કિંમતનો શંકાસ્પદ પામ ઓઈલ અને કેમિકલનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

તપાસમાં સામે આવ્યું છે કે આ ફેક્ટરીમાં પામ ઓઈલમાં ખતરનાક કેમિકલ્સ ભેળવીને પ્રોડક્ટ તૈયાર કરવામાં આવતી હતી. આ નકલી પ્રોડક્ટનો આશરે ૩૦ હજાર લીટર જેટલો જથ્થો વિવિધ ટ્રેડિંગ કંપનીઓને સપ્લાય કરવામાં આવતો હતો. ત્યારબાદ કેટલાક વેપારીઓ આ પ્રોડક્ટ પર પોતાની બ્રાન્ડનું લેબલ લગાવીને તેને બજારમાં અસલી "દેશી ઘી" તરીકે વેચતા હતા.

આ મામલે ફેક્ટરીના સંચાલક જનકકુમાર ભાવસાર સામે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. નોંધનીય છે કે આરોપી જનકકુમાર સામે વર્ષ ૨૦૨૪માં પણ આ જ પ્રકારનો ભેળસેળનો ગુનો નોંધાઈ ચૂક્યો છે, છતાં તે ફરીથી આ ગેરકાયદેસર કાળો કારોબાર ચલાવી રહ્યો હતો.

નિષ્ણાતોના જણાવ્યા મુજબ, આ પ્રકારના કેમિકલયુક્ત અને ભેળસેળવાળા ઘીનું સેવન કરવાથી માનવ શરીરને ગંભીર નુકસાન થાય છે. તેનાથી હૃદયરોગ, કોલેસ્ટ્રોલમાં વધારો અને હાઈ બ્લડ પ્રેશર જેવી જીવલેણ બીમારીઓ થવાનો ભારે ખતરો રહેલો છે.

# શિક્ષકોના પ્રશ્નોના ત્વરિત નિરાકરણ માટે સેવા સમાધાન પોર્ટલ લોન્ચ કરાયું : ૩ લાખથી વધુ શિક્ષકોને મળશે સીધો લાભ

## રાજ્ય સરકારની શિક્ષણ ક્ષેત્રે ઐતિહાસિક ડિજિટલ પહેલ

ગાંધીનગર,

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓના શિક્ષકોના વહીવટી અને સેવાકીય પ્રશ્નોના ત્વરિત, પારદર્શી અને સમયબદ્ધ ઉકેલ માટે શિક્ષણ વિભાગ દ્વારા 'સેવા સમાધાન પોર્ટલ' https://ssp.ssguja®a.org/ લોન્ચ કરવામાં આવ્યું છે. આ મહત્વપૂર્ણ ડિજિટલ પહેલનો શુભારંભ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી રીવાબા જાડેજાની પ્રેરક ઉપસ્થિત રહ્યા હતાં. આ પહેલથી રાજ્યભરના ૩ લાખથી વધુ શિક્ષકોના સેવાકીય પ્રશ્નોનો ઓનલાઈન ઉકેલ આવશે. શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારનો મુખ્ય અભિગમ 'ઝ્ર્ઙ્મજજર્દ્બિ- ઙ્મીજિં' નો છે. તમામ વહીવટી કામગીરી પોર્ટલ મારફતે ઓનલાઈન થવાથી શિક્ષકો પરનો વહીવટી બોજ ઘટશે અને શિક્ષકો વર્ગખંડમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા પર પૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી શકશે. આ ઉપરાંત શિક્ષકોને હવે પોતાના સેવાકીય પ્રશ્નો કે રજૂઆતો માટે તાલુકા કે જિલ્લા કચેરીઓના ચક્કર કાપવામાંથી કાયમી મુક્તિ મળશે. શિક્ષકો પોતાના પ્રશ્નોનું નિરાકરણ ઝડપથી થતા હકારાત્મક અભિગમ સાથે વર્ગખંડમાં વધુ નિષ્ઠાથી કાર્યરત રહેશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરાયેલું 'સેવા સમાધાન પોર્ટલ' એ માત્ર એક ટેકનોલોજીકલ પ્લેટફોર્મ નથી, પરંતુ ગુડ ગવર્નન્સ -સુશાસન અને શિક્ષક-કેન્દ્રિત વહીવટની દિશામાં લેવાયેલું એક ક્રાંતિકારી પગલું છે. શિક્ષકો વહીવટી ગૂંચવણોથી મુક્ત રહીને માત્ર ભણાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે તેવી વ્યવસ્થા આ પોર્ટલ દ્વારા કરવામાં આવી છે. આ પોર્ટલ મારફતે શિક્ષકોના ફિક્સ પગારમાંથી કાયમી કરવા, ઉચ્ચતર પગાર ધોરણ, CPF/GPF, રજા મંજૂરી, પેન્શન અને એરિયર્સ જેવા સેવાકીય પ્રશ્નોનું ઓનલાઈન અને સમયબદ્ધ નિરાકરણ લાવી શકશે, તેમ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું. શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રીવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, 'સેવા સમાધાન પોર્ટલ'ના પ્રથમ તબક્કામાં તા. ૦૫ થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી ઓનલાઈન અરજીઓ સ્વીકારવામાં આવશે. આ પોર્ટલ મારફતે હાલમાં તાલુકા કે જિલ્લા કક્ષાએ લાંબા સમયથી પડતર હોય તેવી જ અરજીઓ રજૂ કરવાની રહેશે. આ પોર્ટલની કામગીરી અંગે દર મહિને શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રીની અધ્યક્ષતામાં જિલ્લાવાર ફરિયાદોના સમયબદ્ધ નિકાલ માટે સમીક્ષા બેઠક યોજાશે.

# ધંધુકા તાલુકાના ૪૨ ગામોના રસ્તાઓની મરામત માટે હાથ ધરાઈ ભગીરથ કામગીરી

ધંધુકા,

અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં પ્રજા કલ્યાણ અને ગ્રામીણ માળખાકીય સુવિધાઓની જાળવણી પ્રત્યે તાલુકા પંચાયતનું તંત્ર ભારે સક્રિય અને સંવેદનશીલ હોવાનો વધુ એક ઉત્કૃષ્ટ દાખલો સામે આવ્યો છે. તાજેતરમાં ધંધુકા પંથકમાં પડેલા ભારે વરસાદના કારણે ગ્રામ્ય વિસ્તારોના આંતરિક રસ્તાઓ પર ઠેર-ઠેર ખાડા પડી જવાની તેમજ ધોવાણ થવાની સમસ્યાઓ સર્જાઈ હતી, જેના કારણે વાહનચાલકો અને સ્થાનિક ગ્રામજનોને અવરજવરમાં ભારે અગવડતા પડી રહી હતી. આ પરિસ્થિતિનો કાયમી અને ત્વરિત ઉકેલ લાવવા માટે સ્થાનિક સરપંચો દ્વારા ધંધુકા તાલુકા પંચાયત સમક્ષ આંતરિક રસ્તાઓમાં 'કોરી વેસ્ટ' (ક્વોરી વેસ્ટ) નાખીને રસ્તાઓનું યોગ્ય સમારકામ કરાવવા રજૂઆત કરવામાં આવી હતી.ગ્રામીણ પ્રજાની આ વ્યાજબી માંગણી અને જરૂરિયાતને અત્યંત ગંભીરતાથી લઈને ધંધુકા તાલુકા પંચાયતના લોકપ્રિય પ્રમુખ, વિવિધ કારોબારી કમિટીના ચેરમેનો તથા તમામ ચૂંટાયેલા ડેલીગેટોએ આદર્શ સમન્વય દર્શાવ્યો હતો. પ્રજાની તકલીફ દૂર કરવાના ઉમદા હેતુથી તાલુકા પંચાયતના શાસકોએ વિલંબ કર્યા વિના તાલુકાના તમામ ૪૨ ગામોના આંતરિક રસ્તાઓની મરામત કરવાનો એક આયોજનબદ્ધ અને દ્રષ્ટિવંત નિર્ણય લીધો હતો. આ નિર્ણયને અમલી બનાવવા માટે તાલુકા પંચાયત દ્વારા તમામ ગામોમાં યુદ્ધના ધોરણે કોરી વેસ્ટનો જંગી જથ્થો સપ્લાય કરવાનું ભગીરથ કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું હતું.હાલમાં તાલુકાના ખૂણે-ખૂણે આ મરામતની કામગીરી અત્યંત ઝડપથી અને ગુણવત્તાસભર રીતે આગળ વધી રહી છે તથા મોટાભાગના ગામોમાં સમારકામનું કામ આખરી તબક્કામાં પહોંચી ગયું છે.

# સુરતમાં સૂર્યા મરાઠી હત્યા કેસના આરોપી સતીશ મરાઠાની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી સરાજાહેર હત્યા

## હુમલા દરમિયાન ફાયરિંગ પણ થયું હોવાની પ્રાથમિક માહિતી સામે આવી



સુરત,

શહેરમાં ફરી એકવાર ગેંગવોરનો લોહિયાળ ખેલ સામે આવ્યો છે. ભેસ્તાનના ભીમનગર વિસ્તારમાં વર્ષ ૨૦૨૦ના કુખ્યાત સૂર્યા મરાઠી હત્યા કેસના આરોપી અને રીઢા ગુનેગાર સતીશ મરાઠા ઉર્ફે સત્યા સુરેશભાઈ ધાગડેની (ઉ.વ. ૩૨, રહે. રામરાજ્ય સોસાયટી, ગોડાદરા) જાહેરમાં તીક્ષ્ણ હથિયાર વડે હત્યા કરવામાં આવી હતી. હુમલા દરમિયાન ફાયરિંગ પણ થયું હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે. આ હત્યા સમયે સતીશની સ્ત્રી મિત્ર પણ તેની સાથે જ હતી.

ભીમનગર ખાતે મંદિર નજીક આવેલા કાલુના અડ્ડા પાસે સતીશ પોતાની કારમાં સ્ત્રી મિત્ર સાથે બેઠો હતો. આ દરમિયાન ટુ વ્હીલર પર આવેલા અંદાજે પાંચથી સાત જેટલા શખ્સોએ કારને ઘેરી લીધી હતી. ત્યારબાદ જીવ બચાવવા સતીશ ત્યાંથી ભાગ્યો હતો. હુમલાખોરોએ તીક્ષ્ણ હથિયાર વડે એક પછી એક મોઢા, છાતી અને હાથ પર ઘા ઝીંક્યા હતા. જેથી સતીશ ગંભીર રીતે ઘાયલ થયો હતો. ગંભીર ઈજાઓના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

ભેસ્તાનમાં હત્યાનો ભોગ બનેલો સતીશ મરાઠા વેડરોડના સૂર્યા મરાઠીની હત્યામાં પકડાયો હતો. એ પછી મારામારી ધમકી સહિતના ગુના પણ તેની વિરુદ્ધ પોલીસ ચોપડે નોંધાયા હતા. ગોડાદરામાં તાજેતરમાં સતીશ સામે પોલીસે કાર્યવાહી કરી હતી. ઉપરાંત બ્રિજ નીચે દારૂનું સ્ટેન્ડ પણ ચલાવતો હોવાનું સામે આવ્યું છે.

# ગાંધીનગરના ચિલોડા વિસ્તારમાં ૪ વર્ષની દીકરી પર સગા પિતાએ દુષ્કર્મ આચર્યું

## પિતા-પુત્રીના સંબંધને કલંકિત કરનાર નરાધમ શખ્સની પોલીસે કરી ધરપકડ

ગાંધીનગર,

પાટનગર ગાંધીનગર નજીક આવેલા ચિલોડા વિસ્તારમાંથી માનવતા અને પવિત્ર સંબંધોને શર્મસાર કરતી એક અત્યંત અરેરાટીભરી ઘટના સામે આવી છે. જેમાં એક નરાધમ પિતાએ પોતાની જ ૪ વર્ષની વયની માસૂમ પુત્રી પર દુષ્કર્મ આચરીને પિતા-પુત્રીના સંબંધને કલંકિત કર્યો છે. પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરીને આરોપી પિતાની ધરપકડ કરી લીધી છે.

મળતી વિગતો અનુસાર, આરોપી પિતા અને તેની પત્ની વચ્ચે છેલ્લા કેટલાક સમયથી અણબનાવ ચાલી રહ્યો હતો. પતિ-પત્ની વચ્ચેના મનદુઃખના કારણે માતા પોતાના બાળકોને લઈને પિયર જતી રહી હતી. દરમિયાન, ગઈકાલે પિતા પોતાના બાળકોમાંથી ૪ વર્ષની માસૂમ દીકરીને માતા પાસેથી પોતાના ઘરે લઈ આવ્યો હતો. ઘરે લાવ્યા બાદ નરાધમ પિતાએ માસૂમ દીકરીને પોતાની હવસનો શિકાર બનાવી હતી. સવારે બાળકીના ગુપ્તાંગમાંથી લોહી નીકળતું જોવા મળતા આ સમગ્ર શર્મનાક ઘટનાનો પર્દાફાશ થયો હતો. બાળકીને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાંથી હોસ્પિટલ તંત્ર દ્વારા ચિલોડા પોલીસને બનાવ અંગે જાણ કરવામાં આવી હતી. ઘટના અંગે માહિતી આપતા દહેગામ ડિવિઝનના એએસપી આયુષ જૈને જણાવ્યું હતું કે, ચિલોડા પોલીસ મથક વિસ્તારમાં બનેલી આ ઘટના અત્યંત ગંભીર છે.

# વડોદરા એસએસજી હોસ્પિટલમાંથી દુષ્કર્મ કેસનો આરોપી પોલીસને ધક્કો મારી ફરાર

### ઘટનાના પગલે હોસ્પિટલ પરિસરમાં ફિલ્મી દશ્યો સર્જાયા



વડોદરા,

વડોદરાની સયાજી જનરલ હોસ્પિટલ (એસએસજી)માંથી એક કેદી ફરાર થઈ જતાં પોલીસ દોડતી થઈ ગઈ છે. દુષ્કર્મ કેસમાં આરોપી તરીકે પકડાયેલો યુવક સારવાર માટે હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. જ્યાં ઈન્જેક્શન આપવા માટે હાથકડી ખોલવામાં આવતા તેણે તકનો લાભ લઈ પોલીસકર્મીને ધક્કો મારી ભાગી છૂટ્યો હતો.આ સમગ્ર ઘટનાના પગલે હોસ્પિટલ પરિસરમાં ફિલ્મી દશ્યો સર્જાયા હતા. પોલીસ આરોપીને શોધવા માટે હોસ્પિટલ આસપાસના વિસ્તારમાં સઘન તપાસ કરી રહી છે.

મળતી માહિતી મુજબ, આરોપી ગોવિંદ રમેશ વિહાતિયા દાહોદનો રહેવાસી છે અને દુષ્કર્મ કેસમાં કાચા કામનો આરોપી છે. તેને સ્કિન અને પેશાબની જગ્યાએ ઈન્ફેક્શન હોવાથી સારવાર માટે વડોદરાની એસએસજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો.

પોલીસ આરોપીને વોર્ડ નંબર-પમાં ઈન્જેક્શન અપાવવા લઈ ગઈ હતી. હાથ પર ઈન્જેક્શન આપવાનું હોવાથી તેની હાથકડી ખોલવામાં આવી હતી. આ દરમિયાન આરોપીએ અચાનક તકનો લાભ લીધો હતો અને પોલીસકર્મીને ધક્કો મારીને ત્યાંથી ભાગી ગયો હતો.

# અમદાવાદમાં ૯ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતી માટીની ગણેશજીની મૂર્તિ સ્થાપિત કરવા પર પ્રતિબંધ

## ગણેશ મહોત્સવને લઈને પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડ્યું



અમદાવાદ,

અમદાવાદમાં આગામી ૧૪ સપ્ટેમ્બરથી શરૂ થનારા ગણેશ મહોત્સવને લઈને પોલીસ કમિશનરે મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડ્યું છે. દર વર્ષે શહેરમાં મોટી સંખ્યામાં ગણેશ મહોત્સવનું આયોજન થતું હોવાથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ પર્યાવરણનું સંરક્ષણ થાય તે હેતુથી આ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જાહેરનામા મુજબ માટીની મૂર્તિ, પીઓપી (પ્લાસ્ટર ઓફ પેરિસ)ની મૂર્તિ અને મૂર્તિ પર કરવામાં આવતા રંગોના ઉપયોગ અંગે ખાસ નિયમો નક્કી કરવામાં આવ્યા છે.

પોલીસ કમિશનરના જાહેરનામા મુજબ અમદાવાદ શહેરમાં ૯ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતી માટીની ગણેશજીની મૂર્તિ સ્થાપિત કરવા પર પ્રતિબંધ રહેશે. તે જ રીતે પ્લાસ્ટર ઓફ પેરિસમાંથી બનાવવામાં આવેલી ૫ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતી મૂર્તિ સ્થાપિત કરવાની પણ મંજૂરી આપવામાં આવશે નહીં. આ નિર્ણય પર્યાવરણના સંરક્ષણ અને વિસર્જન દરમિયાન ઉભી થતી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.

જાહેરનામામાં મૂર્તિના નિર્માણમાં વપરાતા રંગોને લઈને પણ સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. મૂર્તિ બનાવવા માટે કેમિકલયુક્ત અથવા પર્યાવરણને નુકસાન પહોંચાડતા રંગોનો ઉપયોગ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મૂર્તિ બનાવનાર કારીગરો તેમજ આયોજકોને પર્યાવરણમૈત્રી રંગોનો જ ઉપયોગ કરવાની સૂચના આપવામાં આવી છે, જેથી વિસર્જન બાદ નદી, તળાવ અને અન્ય જળાશયોમાં પ્રદૂષણ ન ફેલાય.

અમદાવાદમાં દર વર્ષે ગણેશ મહોત્સવ ખૂબ જ ઉત્સાહ અને ભક્તિભાવ સાથે ઉજવવામાં આવે છે. શહેરના વિવિધ વિસ્તારોમાં નાના-મોટા મળી અંદાજે ૧૦૦૦ જેટલા પંડાલોમાં ભગવાન ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે ઉમટી પડતા હોવાથી ટ્રાફિક વ્યવસ્થા, સુરક્ષા અને અન્ય જરૂરી વ્યવસ્થાઓ માટે પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા અગાઉથી જ આયોજન કરવામાં આવે છે.

# રાજ્યની તમામ પંચાયતોમાં હવે ઑડિટ પછી તરત 'એગ્ઝિટ કૉન્ફરન્સ'નું આયોજન ફરજિયાત બનાવાયું

## ગુજરાત સરકારે પંચાયતી રાજ વ્યવસ્થામાં પારદર્શકતા, જવાબદારી અને સુશાસનને વધુ મજબૂત બનાવવા માટે એક મહત્વનો નિર્ણય કર્યો

ગાંધીનગર,

ડીડીઓને આક્ષેપિત અધિકારી-કર્મચારી વિરુદ્ધ તાત્કાલિક પગલા ભરવામાં રહેશે સરળતા ગુજરાત સરકારે પંચાયતી રાજ વ્યવસ્થામાં પારદર્શકતા, જવાબદારી અને સુશાસનને વધુ મજબૂત બનાવવા માટે એક મહત્વનો નિર્ણય કર્યો છે. અત્યાર સુધી પંચાયતોમાં ઑડિટ દરમિયાન સામે આવતી ગંભીર ગેરરીતિઓ અંગે કાર્યવાહીમાં પ્રક્રિયાગત વિલંબ થતો હતો, પરંતુ આ સ્થિતિ હવે બદલાવા જઈ રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે પારદર્શક પંચાયતની દિશામાં મહત્વનું પગલું ભરતા તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ (ડીડીઓ)ને સૂચના આપી છે કે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતનું વાર્ષિક ઑડિટ પૂર્ણ થતાં જ ફરજિયાત 'એગ્ઝિટ કૉન્ફરન્સ' યોજવામાં આવે, જેથી ગંભીર ગેરરીતિઓ સામે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે. આ નિર્ણય દ્વારા રાજ્ય સરકારે ભ્રષ્ટાચાર સામે કડક સંદેશ આપ્યો છે. સાથે જ આ નિર્ણયથી પંચાયતી રાજ વ્યવસ્થામાં નાણાકીય ગેરરીતિઓ પર લગામ લાગશે તથા પારદર્શકતા વધારવાની સાથે પ્રજાના નાણાંનું વધુ અસરકારક સંરક્ષણ થઈ શકશે.

'પારદર્શક પંચાયત' માટે પ્રતિબદ્ધ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર અને મંત્રી શ્રી ઋષિકેશ પટેલ તેમજ રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહિડાના માર્ગદર્શન હેઠળ પંચાયત તથા ગ્રામ ગૃહ નિર્માણ વિભાગે તા. ૨૮/૦૭/૨૦૨૬ના રોજ એક પરિપત્ર જાહેર કરી સમગ્ર રાજ્યમાં નવી પ્રક્રિયા અમલમાં મૂકી દીધી. નવી વ્યવસ્થા મુજબ હવે દરેક જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતનું ઑડિટ પૂર્ણ થતાં જ નિર્ધારિત દિવસે જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં ફરજિયાતપણે એગ્ઝિટ કૉન્ફરન્સ યોજાશે.

# ઔદ્યોગિક વિકાસ અને પર્યાવરણીય સુશાસનને વધુ વેગ આપવા GPCB દ્વારા બોટાદ તેમજ બામણબોર વિસ્તારના પ્રાદેશિક પુનર્ગઠનનો મહત્વપૂર્ણ પ્રજાભિમુખ નિર્ણય

રાજકોટ:ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા રાજ્યમાં વહીવટી સરળતા, પર્યાવરણીય દેખરેખની ક્ષમતા અને ઔદ્યોગિક એકમોની સુવિધામાં વધારો કરવાના હેતુથી એક અત્યંત મહત્વપૂર્ણ અને સકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો છે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન તેમજ પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયાના નેતૃત્વમાં આ નવા સુધારા અંતર્ગત ભૌગોલિક અનુકૂળતાને ધ્યાને રાખીને બોટાદ જિલ્લા અને બામણબોર ઔદ્યોગિક વિસ્તારની GPCB પ્રાદેશિક કચેરીઓમાં મોટો સાનુકૂળ ફેરફાર કરવામાં આવ્યો છે.

**બામણબોર GIDC અને આસપાસના વિસ્તારોનું રાજકોટ પ્રાદેશિક કચેરીમાં તબદીલી**

વહીવટી અને મહેસૂલી સીમાઓ વચ્ચે સુસંગતતા લાવવા માટે બામણબોર જી.આઈ.ડી.સી. તથા તેની આસપાસના વિસ્તારોને સુરેન્દ્રનગર કચેરીમાંથી મુક્ત કરી રાજકોટ પ્રાદેશિક કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ મૂકવામાં આવ્યા છે.

**અંતર અને સમયમાં મોટો બચાવ:**

સુરેન્દ્રનગર કચેરીનું અંતર ૮૪ કિમી હતું, જે હવે રાજકોટ કચેરી હેઠળ આવવાથી ઘટીને માત્ર ૨૯ કિમી એટલે કે ૫૫ કિમીનો ઘટાડો થઈ જશે. આનાથી અધિકારીઓની સ્થળ મુલાકાત અને નિયમિત તપાસ પ્રક્રિયા વધુ ઝડપી બનશે.

**એકસમાન ઔદ્યોગિક પટ્ટા આધારિત દેખરેખ:**

બામણબોર-રાજકોટ સળંગ ક્લસ્ટર હોવાથી એક જ કચેરી હેઠળ એકસમાન પર્યાવરણીય નિયમન શક્ય બનશે.

**કટોકટી અને આપત્તિમાં ત્વરિત પ્રતિસાદ:**

કોઈપણ ઔદ્યોગિક દુર્ઘટના કે રાસાયણિક કટોકટીના સમયે રાજકોટની ટીમ મિનિટોમાં સ્થળ પર પહોંચી કામગીરી કરી શકશે.

**રાજકોટ આંતરરાષ્ટ્રીય હવાઈમથક (હિરાસર) ખાતે પર્યાવરણીય વ્યવસ્થાપન:**

હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક હોવાથી અતિ મહત્વના મહાનુભાવોની અવરજવર સમયે ક્ષેત્રીય હવા-ગુણવત્તા અને પર્યાવરણીય દેખરેખ વધુ અસરકારક બનશે.

વધુમાં રાજકોટ પ્રાદેશિક કચેરી એ બોર્ડની ખૂબ જ જૂની અને સ્થાપિત કચેરી છે, જે ઘણા વર્ષોથી સફળતાપૂર્વક કાર્યરત છે. આ કચેરી ખાતે પુરતો અને અનુભવી સ્ટાફ, વિશાળ મેનપાવર તથા ઉત્કૃષ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ હોવાથી બામણબોર જીઆઈડીસી ખાતેના ઔદ્યોગિક એકમો પર વધુ સક્ષમ અને અસરકારક રીતે નિયમન કરી શકાશે. રાજકોટ ખાતે બોર્ડની પોતાની સુસજ્જ પ્રયોગશાળા ઉપલબ્ધ હોવાથી, ઉદ્યોગોના સેમ્પલનું પૃથક્કરણ અત્યંત સરળતાથી અને ત્વરિત થઈ શકશે, જેના પરિણામે જરૂરી નિર્ણયો લેવામાં નોંધપાત્ર ઝડપ આવશે.

જ્યારે બોટાદ જિલ્લાની કામગીરી સુરેન્દ્રનગર પ્રાદેશિક કચેરી હેઠળ સમાવિષ્ટ અમદાવાદ (ગ્રામ્ય) કચેરી હેઠળ સાણંદ GIDC અને ધોલેરા SIRના ઝડપી વિકાસના કારણે વધતા વહીવટી કાર્યભારને હળવો કરવા અને બોટાદના ઉદ્યોગોને નજીકની સેવાઓ પૂરી પાડવા માટે આ નિર્ણય લેવાયો છે.

**ભૌગોલિક અંતરમાં અડધોઅડધ ઘટાડો:**

અમદાવાદથી બોટાદનું અંતર આશરે ૧૩૦ કિમી હતું. બોટાદ જિલ્લાના તમામ ૧૬૯ ઔદ્યોગિક અને ૩૬ હેલ્થકેર એકમોને હવે માત્ર ૭૦ કિમીના અંતરે આવેલી સુરેન્દ્રનગર પ્રાદેશિક કચેરી સાથે જોડવામાં આવ્યા છે.

**સ્થાનિક ઉદ્યોગો અને નાગરિકોને સુવિધા:**

અંતર ઘટવાથી સ્થાનિક ઉદ્યોગકારો, હેલ્થકેર સેન્ટરો અને સામાન્ય નાગરિકો માટે અરજીઓ, પરવાનગીઓ અને વહીવટી કામગીરી અત્યંત સરળ બનશે.

**ઝડપી ફરિયાદ નિવારણ:**

સ્થાનિક પર્યાવરણીય ફરિયાદો અને સ્થળ-તપાસની કામગીરી સમયસર અને ઝડપથી પૂર્ણ થઈ શકશે.

**પ્રાદેશિક ફેરફારોનું એક નજરે વિહંગાવલોકન:**

સંબંધિત વિસ્તાર પૂર્વ પ્રાદેશિક કચેરી નવી/સૂચિત પ્રાદેશિક કચેરીઅંતરમાં થયેલો સાનુકૂળ ઘટાડો થશે.બામણબોર GIDC અને આસપાસનો પટ્ટો પ્રાદેશિક કચેરી, સુરેન્દ્રનગર પ્રાદેશિક કચેરી, રાજકોટ ૮૪ કિમી થી ઘટીને ૨૯ કિમી એટલે કે ૫૫ કિમી નો ઘટાડો થશે.બોટાદ જિલ્લો (તમામ તાલુકાઓ) પ્રાદેશિક કચેરી, અમદાવાદ (ગ્રામ્ય) પ્રાદેશિક કચેરી, સુરેન્દ્રનગર ૧૩૦ કિમીથી ઘટીને ૭૦ કિમી એટલે કે ૬૦ કિમી નો ઘટાડો) અમલીકરણ અને સુવિધા:આ નિર્ણયના અમલીકરણ માટે સંબંધિત ઉદ્યોગ-એકમોના ડેટા, ફાઈલો અને XGN પોર્ટલ પર ક્ષેત્રાધિકાર મેપિંગ સરળતાથી તબદીલ કરવામાં આવશે. ગુજરાત સરકાર અને GPCBના આવા થકી નિર્ણય પર્યાવરણ સુરક્ષા, વહીવટી પારદર્શિતા અને "ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ" (Ease of Doing Business) પ્રત્યે ગુજરાત સરકાર અને GPCB પ્રતિબદ્ધ છે.

# ફડચામાં ગયેલી શ્રી રામદેવ કો. ઓ. હા.સો. લિ. મંડળીને દફતરનો ચાર્જ સોંપવા અંતિમ નોટિસ

રાજકોટ:

શ્રી જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળી, રાજકોટ દ્વારા જાહેર કરાયા મુજબ શ્રી રામદેવ કો. ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ (નોંધણી નં - ધ-૧૨૪૭૦ તા. ૧૧/૦૫/૧૯૯૯)ને ગત તા. તારીખ - ૨૪/૦૭/૨૦૧૭ ના રોજ ફડચામાં ગયાનું જાહેર કરવામાં આવ્યું હતું.

જેના અનુસંધાને ફડચા મંડળીના ભુતપૂર્વ કાર્યવાહકોને આ સાથે જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, આ મંડળી ફડચામાં ગયેલી હોય તેમના દફતરનો ચાર્જ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ૧૦૮(૨)(૩) મુજબ ફડચા અધિકારીને જે તે મંડળીઓના કાર્યવાહકોએ સુપ્રત કરવો ફરજિયાત છે.

મંડળી ફડચામાં ગયા બાદ ચાર્જ માટે વારંવાર પ્રયત્નો કરવા છતા આ કાર્યવાહકો મળતા નથી તેમજ એક યા બીજા બહાના હેઠળ વિભાગને ચાર્જ સોંપતા નથી, તેવું ધ્યાને આવ્યું છે.

આ જાહેર નોટીસથી શ્રી રામદેવ કો. ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડે મંડળીના ભુતપૂર્વ કાર્યવાહકોને અંતિમ નોટીસ આપવામાં આવે છે. વધુમાં તેમના હસ્તકના દફતર, સ્ટોક, મિલ્કત તેમજ સિલક વગેરેનો તમામ ચાર્જ દિન-૦૭ સુધીમાં ફડચા અધિકારીને શ્રી જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળી, ૧/૬ બહુમાળી ભવન, રાજકોટ ખાતે સોપી જવા જણાવાયું છે. જેના વિકલ્પે કાયદા મુજબ નોંધણી રદની કાર્યવાહી કરવામાં આવશે. સમય મર્યાદા બાદ આવેલા વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી જેની લાગતા વળગતાઓએ નોંધ લેવા ફડચા અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

# ક્રૂરતાપૂર્વક રિક્ષામાં કતલખાને લઈ જવાતા પાડાનો જીવ બચાવાયો

## આજીડેમ પોલીસ અને જીવદયા પ્રેમીઓનો આજીડેમ ચોકડી પાસે દરોડો: ત્રણ શખ્સોની ધરપકડ

રાજકોટ:આજીડેમ પોલીસ અને જીવદયા પ્રેમીઓની ટીમે આજીડેમ ચોકડી પાસેથી ક્રૂરતા પૂર્વક રિક્ષામાં કતલખાને લઈ જવાતા પાડાનો જીવ બચાવી ત્રણ શખ્સો સામે પોલીસે કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે જામનગર રોડ પર નાગેશ્વર એપાર્ટમેન્ટ એ વિંગ ૧૦૧, જૈન દેરાસર પાસે રહેતાં બિંદીયાબેન નાગજીભાઇ રાઠોડ (ઉ.વ..૨૭, ધંધો સામાજીક કાર્યકર) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ઈકબાલ ઓસમાણ બાવણકા (ઉ.વ.૫૦ ધંધો રી.ડ્રા. રહે. નંદનવન સોસાયટી શેરી નં.૩, ભગવતી પરા મેઈન રોડ), મહેબુબ જમાલ કટારીયા (ઉ.વ.૩૧, રહે. ભીલવાસ શેરી નં.૪ ફુલછાબ ચોક પાસે) અને ઈસ્માઈલ આમદ માંડલીયા (ઉ.વ.૬૦, રહે. કૃષ્ણપરા શેરી નં.૧ મો ચીબજાર દાણાપીઠ) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ સામજીક કાર્યકર તથા જીવદયા પ્રેમી તરીકે સેવા આપે છે.

ગઈ રાત્રીના આશરે સવા આઠેક વાગ્યાના અરસમાં તેઓ અને તેમની સાથે જીવદયા પ્રેમી તરીકે સેવા આપતા ભાવિનભાઈ ઘિયાડ સાથે બન્ને તેનોની ફોર વ્હીલ કારમાં ભાવનગર રોડ કાળીપાટ ચોકડી પાસે હતા. તે દરમ્યાન અમોને માહિતી મળેલ કે, એક છકડો રિક્ષામાં એક પાડો લઈને ત્રણ માણસો આવે છે. જેથી તેઓ બન્ને કાળીપાટ ચોકડી ખાતે ઉભા હતા, તે દરમ્યાન થોડીવારમાં એક છકડો રિક્ષા ત્યાંથી પસાર થયેલ અને આ રીક્ષાના પાછળ પાછળ કાર લઈને રવાના થયેલ હતા.રસ્તામાં હતા ત્યારે સાથેના ભાવિનભાઈ એ ૧૧૨ નંબર ઉપર ફોન કરીને પોલીસ મદદ માંગેલ હતી. બાદ આજીડેમ ચોકડી ખાતે પહોંચતા પોલીસ તેઓએ આ રિક્ષા ચાલકને તેની રિક્ષા ઉભી રખાવેલ હતી. રિક્ષા નં. જીજે-૦૩-ડબ્લ્યુ-૬૮૧૮ જોવામાં આવેલ અને તે રીક્ષાની પાછળના ભાગે જોતા તાલપત્રીથી ઢાંકાયેલ હોય તે તાલપત્રી ખોલીને જોતા તેમાં એક જીવિત પાડો જેના ચારેય પગ હલન ચલન ન કરી શકે તે રીતે દોરડા વડે ક્રૂરતા પુર્વક બાંધેલ હતો.

# રાજકોટના બેડીમાં ચડ્ડી બુકાનીધારી ટોળી ત્રાટકી: પશુપાલકના ઘરમાંથી ૩.૪૦ લાખ મતાની ચોરી

## વૃધ્ધ અને તેમના પત્નિ મકાનને તાળા મારી આગળના ભાગે ઓરડીમાં સુતા હતાં

રાજકોટ:

રાજકોટ શહેરની ભોગોળે રાજકોટ-મોરબી હાઈવે પરના બેડી ગામ પટેલ સોસાયટી વિસ્તારમાં રહેણાંક મકાનને નિશાન બનાવી કબાટમાંથી રૂ. ૩,૪૦,૦૦૦ની રોકડ રકમ તથા આગલી શેરીમાંથી રૂ. ૧૫,૦૦૦ની કિંમતનું મોટર સાયકલ મળી કુલ રૂ.૩,૫૫,૦૦૦ના મુદ્દામાલ ચોરી ગયા છે.

આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે બેડી પટેલ સોસાયટીમાં ઢોળા પર રહેતાં અને માલઢોર લે-વેંચનો ધંધો કરતાં ગોરધનભાઈ બચુભાઈ મુંધવા (ઉ.વ.૬૩)ની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તા. ૩ના રાત્રિના નવેક વાગ્યાના આસપાસ ગોરધનભાઈ અને તેમના પત્નિ ડાહીબેન મકાનને તાળા લગાવી આગળના ભાગે આવેલી ઓરડીમાં સુવા માટે ગયા હતા ગયા હતાં. ધંધાકીય કામકાજ અર્થે તેમણે ઘરમાં મંદિરની બાજુમાં આવેલા રૂમના પતરાના કબાટમાં રૂ. ૩,૪૦,૦૦૦ જેટલી રોકડ રકમ રાખી હતી.

બીજા દિવસે વહેલી સવારે પાંચેક વાગ્યે તેમના પત્નિ ડાહીબેન સફાઈ કરવા જતાં રૂમનો કબાટ ખુલ્લો અને સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. આથી તેમણે પતિને જગાડીને જાણ કરી હતી. તપાસ કરતાં તસ્કરોએ કબાટની પાછળની બારી તોડી અંદર પ્રવેશ કરી રોકડા રૂ. ૩,૪૦,૦૦૦ ચોરી લીધાનું જણાયું હતું. આ ઉપરાંત બહાર તપાસ કરતાં ખબર પડી હતી કે ચકુભાઈ આલાભાઈ ધ્રાંગિયા (ઉ.વ. ૪૦) નું બાઈક નં. જીજે૦૩એલએસ-૮૭૭૭ રૂ.૧૫ હજારનું પણ તસ્કો ઉઠાવી ગયા છે. આ પછી ગોરધનભાઈએ કાકાના દિકરા વિજયભાઈ ગમારાને બનાવની જાણ કરતાં પોલીસને જાણ કરાઈ હતી.

કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ એ. એન. જાનીની રાહબરીમાં હેડકોન્સ. વી.જે. ગોહેલે ગુનો નોંધતા પીએસઆઇ એમ. આર. મકવાણાએ તપાસ હાથ ધરી છે. ફરિયાદી ગોરધનભાઈના કહેવા મુજબ ગામમાં એવી ચર્ચા થઇ રહી છે કે ચોર ચડ્ડી પહેરીને અને મોઢે બુકાની બાંધીને આવ્યા હતાં. પોલીસ સીસીટીવી ફૂટેજ ચકાસવા તપાસ કરી રહી છે.

# રાજકોટ ખાતે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા "ઈન્ડેન એક્સ્ટ્રાલાઈટ નાઉ" સેવાનું લોન્ચિંગ કરાયું

## ઓછું વજન, ઓછી જાળવણી અને વધુ સલામતી ધરાવતું સિલિન્ડર બેચલર્સ, નોકરિયાત વર્ગ તેમજ બેકઅપ એલપીજીની જરૂરિયાત ધરાવતા ગ્રાહકો માટે ઉપયોગી

રાજકોટ:

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડની નવીન અને ગ્રાહકમૈત્રી "ઈન્ડેન એક્સ્ટ્રાલાઈટ નાઉ" સેવાનું રાજકોટ ખાતે લોન્ચિંગ કરાયું હતું.

જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અજય ઝાંપડાના હસ્તે આજ તા.૦૫ ઓગસ્ટના રોજ આ સેવાના લોન્ચિંગની સાથે ૫ અને ૧૦ કિલોનાં સિલિન્ડર મોડલોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ "ઈન્ડેન એક્સ્ટ્રાલાઈટ નાઉ" સિલિન્ડરની વિશેષતાઓ, ઉપયોગીતા અને ગ્રાહકોને મળનારી સુવિધાઓ અંગે વિગતવાર માહિતી આપી હતી.

"ઈન્ડેન એક્સ્ટ્રાલાઈટ નાઉ" પરંપરાગત સ્ટીલ એલપીજી સિલિન્ડરની તુલનામાં વજનમાં ૫૦ ટકા હલકું, આધુનિક અને સરળતાથી વહન કરી શકાય તેવું કમ્પોઝિટ સિલિન્ડર છે. તેમાં પારદર્શક એલપીજી લેવલ વિન્ડો હોવાથી ગ્રાહક સિલિન્ડરમાં બાકી રહેલા ગેસનું સ્તર સરળતાથી જાણી શકે છે.

આ સિલિન્ડર રસ્ટ-ફ્રી કમ્પોઝિટ બોડી, ઓછી જાળવણી, વધુ સલામતી, સરળ હેન્ડલિંગ અને પરિવહન જેવી વિશેષતાઓ ધરાવે છે. તે ખાસ કરીને કામકાજ કરતા બેચલર્સ, વારંવાર બદલી થતી હોય તેવી નોકરી ધરાવતા કર્મચારીઓ, નાના કાર્યાલયો તેમજ વધારાના કે બેકઅપ એલપીજી સિલિન્ડરની જરૂરિયાત ધરાવતા ગ્રાહકો માટે ઉપયોગી છે.

આ સેવા અંતર્ગત ઓછા દસ્તાવેજો, સીમલેસ ડિજિટલ બુકિંગ, સરનામાનાં પુરાવાની જરૂર ન હોવી, જરૂરિયાત મુજબ સિલિન્ડરની ઉપલબ્ધતા તથા નિર્ધારિત ટ્રેડિંગ વિસ્તારમાં ઝડપી ડિલિવરી જેવી સુવિધાઓ આપવામાં આવે છે.

સિલિન્ડર લોન્ચિંગ કાર્યક્રમ પ્રસંગે રાજકોટ ઈન્ડેન ડિવિઝનલ ઓફિસના અધિકારીઓ, એલપીજી વિતરકો, વ્યાવસાયિક પ્રતિનિધિઓ તેમજ અન્ય આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં સરકારના નવા પ્રતિબંધનો અમલ શરૂ

## એનાલોગ ડેરી પ્રોડકટ પકડવા દરોડા: હોટલ, કેટરર્સ સહિતની પેઢીઓને ચેતવણી



રાજકોટ:મહારાષ્ટ્ર બાદ ગુજરાત સરકારે પણ રાજયમાં એનાલોગ ડેરી ઉત્પાદનો પર પ્રતિબંધ મુકી દીધો છે ત્યારે આજથી જ રાજકોટ સહિતના શહેરોમાં ફૂડ અને આરોગ્ય તંત્ર ચેકીંગ માટે એક્શનમાં આવી ગયું છે. આજે સવારે ફૂડ વિભાગે પારેવડી ચોક પાસે લાતી પ્લોટમાં મિલ્ક એન્ડ ફૂડ પ્રોડકટના એકમમાં તપાસ કરીને એનાલોગ ચીઝ સહિતના ત્રણ નમુના લઇ લેબોરેટરીમાં મોકલ્યા છે. તો પેઢીને નોટીસ પણ આપવામાં આવી છે.

એનાલોગ પનીર સહિતના ઉત્પાદનો ઉપયોગમાં લેવા પર પ્રતિબંધનો અમલ થયો છે. આજે સવારે ફૂડ વિભાગની ટીમે પારેવડી ચોક, લાતી પ્લોટ-૪માં પુનિત ઘરઘંટી પાસે આવેલ ફોર્ચ્યુન મિલ્ક એન્ડ ફૂડ પ્રોડકટસ નામની પેઢીમાં તપાસ કરી હતી. આ જગ્યાએથી પેઢીમાં સંગ્રહ કરાયેલ એનાલોગ ચીઝ, લો ફેટ પ્રોટીન પનીર અને પ્યુરીકા બ્રાન્ડ પનીરના કુલ ત્રણ નમુના લઇ પેઢીને હાઇજેનિક કંડીશન માટે નોટીસ આપી છે.

ના.આરોગ્ય અધિકારી ડો. હાર્દિક મેતાએ જણાવ્યું હતું કે, હવે એનાલોગ ડેરી પ્રોડકટ પ્રતિબંધીત બન્યા છે. તેનું ઉત્પાદન કરતા એકમોથી માંડી ઉપયોગ કરતા હોટલ, રેસ્ટોરન્ટ સહિતની પેઢીઓમાં આજથી સઘન ડ્રાઇવ ચલાવવામાં આવશે. નવા કાયદા હેઠળ આવો માલ મળે તો તેનો નાશ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.ગુજરાત રાજ્ય ના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સમગ્ર રાજયમાં એનાલોગ ડેરી ઉત્પાદનો-ખાસ કરીને પનીર,ક્રીમ અને માખણ જેવા ઉત્પાદનો કે જેમાં દૂધના ફેટના બદલે વનસ્પતિ તેલ કે અન્ય બહારના પદાર્થોનો ઉપયોગ કરવામાં આવે છે તેના ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ પર તત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

પ્રતિબંધનું કારણ:તપાસ દરમિયાન લેવાયેલા પનીરના નમૂનાઓમાં વેજિટેબલ ફેટ (વનસ્પતિ તેલ/ઘી), ભેજ, સ્ટાર્ચ અને અન્ય બિન-અધિકૃત પદાર્થો મળી આવ્યા હતા, જે આરોગ્ય માટે અસુરક્ષિત અને અપ્રમાણસર છે. ગ્રાહકો સાથે થતી છેતરપિંડી અટકાવવા અને જાહેર આરોગ્યની સુરક્ષા માટે આ પગલું લેવાયું છે.

સમગ્ર ગુજરાતમાં અસલી ડેરી પ્રોડક્ટ ન હોય તેવી અને પનીર, માખણ કે ક્રીમ જેવા ઉત્પાદનોની નકલ કરતી 'એનાલોગ' બનાવટો બનાવવી, પ્રોસેસ કરવી, પેક કરવી, સંગ્રહ કરવો, પરિવહન કરવું કે વેચવું તે ગેરકાયદે છે. જે પ્રોડક્ટ્સમાં દૂધ અથવા મિલ્ક ફેટના બદલે વનસ્પતિ તેલ કે નોન-ડેરી તત્વો વાપરવામાં આવ્યા હોય, તેને આ વ્યાખ્યામાં લેવામાં આવ્યા છે.

રાજકોટ શહેરના તમામ ફૂડ બિઝનેસ ઓપરેટરો જેમકે હોટેલ, રેસ્ટોરન્ટ, કેટરર્સ અને કેન્ટીન કે ક્લાઉડ કિચન દ્વારા આવી એનાલોગ પ્રોડક્ટ્સનો ખોરાકમાં ઉપયોગ ન કરવા આદેશ અપાયો છે. જોકે ફ્રોઝન ડેઝર્ટ, પ્રોસેસ્ડ ચીઝ અ મિક્સ્ડ ફેટ સ્પ્રેડ જેવા માનક ઉત્પાદનોને તેમાંથી મુક્તિ અપાઇ છે.

# મનપાની સ્ટે.કમીટીની મીટીંગમાં બે દરખાસ્ત પરત અને બે પેન્ડીંગ

## ૨૫ લાખ વૃક્ષોનું આયોજન એક સાથે મોકલો : મોંઘા સલાહકાર સહિતની દરખાસ્તોને બ્રેક



રાજકોટ:

મહાપાલિકાની સ્ટે.કમીટીની મળેલી મીટીંગના એજન્ડા પર રહેલી કુલ ૧૬ દરખાસ્તો પૈકી બે દરખાસ્ત પેન્ડીગ અને બે દરખાસ્ત પરત કરવામાં આવી છે. આજની મીટીંગમાં ચેરમેન પરેશ પીપળીયાએ કુલ ૨૦.૨૫ કરોડના વિકાસ કામોને મંજૂરી આપી હતી. તો સ્ટેચ્યુટરી ઓડિટરની નિમણુંક અને સોલીડ વેસ્ટ પ્રોજેકટસ માટે સલાહકાર રોકતા પૂર્વે સંપૂર્ણ કામની વિગતો મંગાવી છે. જ્યારે વૃક્ષારોપણની છુટક દરખાસ્તોને બદલે સરકારની સુચના મુજબ એક વર્ષમાં ૨૫ લાખ વૃક્ષોના વાવેતરનું સંપૂર્ણ આયોજન ગાર્ડન શાખા પાસે માંગ્યું છે.

મીટીગ બાદ લેવાયેલા નિર્ણયો અંગે માહિતી આપતા ચેરમેને જણાવ્યું હતું કે, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેકટ તથા અન્ય કામો માટે ૧.૧૧ કરોડના ખર્ચે એનઆઇસીએસઆઇના ક્ધસ.ને રોકવા માટે દરખાસ્ત આવી હતી પરંતુ સફાઇ તંત્ર સહિતના વિભાગો માટે એજન્સી શું કામ કરવાની છે તેની વિગતો અધિકારીઓ પાસે પુછવામાં આવી છે. આથી આ દરખાસ્ત મુલત્વી રખાઇ છે.

મનપામાં બે વર્ષ માટે ખાસ હિસાબોના સ્ટેચ્યુટરી ઓડિટરની નિમણુંક કરવા ૧૮.૮૮ લાખનો ખર્ચ મુકાયો હતો. પરંતુ આ સી.એ. પેઢીની પસંદગી કયા આધારે અને કયા અનુભવ પરથી કરવામાં આવી છે તેવો સવાલ ચેરમેને પુછીને હિસાબી શાખાને માહિતી આપવા સૂચના આપી દરખાસ્ત મોકુફ રાખી છે.

રાજકોટના જુદા જુદા છ ટીપી પ્લોટ, રામવન પાર્કિંગ, સર્વે નં.૬૨૫ તથા મોટા મવા હેડવર્કસમાં ૪૪.૬૬ લાખના ખર્ચે વૃક્ષારોપણ કરવાનું કામ પરત કરી દેવામાં આવ્યું છે. સરકારે વર્ષમાં ૨૫ લાખ વૃક્ષો રોપવા સૂચના આપી છે. આથી છુટક દરખાસ્તોને બદલે પૂરા વર્ષનું આયોજન સ્ટે.કમીટીએ મંગાવ્યું છે. મીયાવાકીમાં પ્રતિ ચો.મી. રૂા.૩૧૦ લેખે કામગીરી મંજૂર થયેલી છે. ઘનિષ્ઠ વૃક્ષારોપણ માટે રૂા.૬૪૦ નો ભાવ મંજુર છે.

પોપટપરા સેન્ટ્રલ જેલ પાછળ અને મોટા મવા હેડવર્કસ, ફનબ્લાસ્ટ પાસેના રોડ પર ૩૨૦૦ ચો.મી. વિસ્તારમાં ૧૨,૮૦૦ વૃક્ષ ૯.૯૨ લાખના ખર્ચે મીયાવાકી પધ્ધતિથી અને રૈયા સ્માર્ટ સીટી વિસ્તારમાં ગાર્ડન હેતુના પ્લોટ, સિલ્વર-ગોલ્ડ, રામવન પાર્કિંગ, મટુકી રેસ્ટોરન્ટ પાછળ, મોચીનગર-૧, રાજીવનગર, રંગોલી પાર્ટી પ્લોટ પાસે મળી ૭ સથળે ૩૪.૭૪ લાખના ખર્ચે ૫૪૨૯ વૃક્ષ મળી કુલ ૪૪.૬૬ લાખના ખર્ચે ૧૮૨૨૯ વૃક્ષ રોપવાનું આયોજન અધિકારીઓએ મુકયું હતું જે સામે સમિતિએ સંપૂર્ણ સંકલિત પ્લાન માંગ્યો છે.

જ્યારે ઈસ્ટ ઝોનના જુદા જુદા ગાર્ડન, સીનીયર સીટીઝન પાર્ક, બાલક્રિડાંગણ એક વર્ષની જાળવણીનું કામ કોનાર્ક એજન્સીને ૨૯.૯૯ ટકા ઓછા ભાવે ૯૨.૮૧ લાખમાં આપવા મંજૂરી અપાઇ છે. શહેરના ત્રણે ઝોનમાં રોડ સેન્ટ્રલ વર્ઝ, ટ્રાફિક જંકશનના આઇલેન્ડ, સર્કલ જાળવણીની નિભાવણી માટે ટેન્ડર બહાર પડાતા ૪.૧૦ કરોડના બે વર્ષના કોન્ટ્રાકટ આપવા દરખાસ્ત આવી હતી. પરંતુ આ દરખાસ્ત પણ પૂરતી વિગતો માંગીને પેન્ડીગ રાખવામાં આવી છે.

# વોર્ડ નં.૮ના ખત્રીવાડ પાસે આજી નદીનો બેઠો પુલ જર્જરીત

## પુલનો જીર્ણોધ્ધાર કરી ઉંચો લેવા બેડીપરાનાં આગેવાનોની મ્યુ.કમિશનરને રજૂઆત



રાજકોટ: રાજકોટના વોર્ડનં.૮ અને વોર્ડનં.૫ને જોડતો ખત્રીવાડ પાસેનો આજી નદીનો બેઠો પુલ જર્જરીત થતા અસંખ્ય લોકો અવરજવર કરવામાં મુશ્કેલી અનુભવતા હોવાથી બેડીપરાના આગેવાનો સલીમભાઈ લોટીયા, મોઈઝભાઈ ગાંધી, સૈફુદીન ઉદેપુરી, અલીભાઈ ખેતીએ મ્યુ.કમિશનરને લેખીત રજૂઆત કરી આ પુલનો જીર્ણોધ્ધાર કરી ઉંચો લેવા માંગણી કરી છે. વર્ષોથી આ પુલ લોકોની સેવા માટે કાર્યરત છે. પરંતુ અગાઉ ચોમાસામાં વરસાદ ખુબ જ આવતા પુલની રેલીગ નીકળી ગયેલ ત્યારબાદ રેલીગ નવી લગાડવામાં આવેલ નથી. વચ્ચેના ભાગમાં ખાડાઓમાં સીમેન્ટ કોંક્રીટ કરવામાં આવેલ.

આ પુલ પાછળ તંત્રએ કોઈ જાળવણીના પગલા ન લેતા આ પુલની હાલત દિવસેને દિવસે બીસ્માર થતી જાય છે. આ આશીર્વાદ સમા આ બેઠા પુલનો તાત્કાલીક જીર્ણોધ્ધાર કરવા માટે અગાઉ ૨૦૦૮માં ૨૦૧૫માં અનેક વખત લેખીત મોખીક રજૂઆતો કમિશનર તથા અધિકારીઓને કરવામાં આવેલ હતી. અગાઉ ધારાસભ્યએ પણ તેમના લેટરથી મ્યુ.કમિશનરને પુલ રીપેરીગ કરાવવો જરૂરી હોય જાણ કરેલ હતી.

છતા આ પુલની હાલત આજ દિવસ સુધી બીસ્માર છે. આટલા વર્ષો થયા પરંતુ હજુસુધી કોઈ કાર્યવાહી થયેલ નથી. આજી નદીના બેઠા પુલમાં ખાડા થઈ ગયા છે અને પુલની રેલીગ પણ નથી. પુલ ઉપરથી પાણી પસાર થાય છે. આ પુલ ઉપરથી વિદ્યાર્થીઓ સ્કુલ જતા હોય પડવાની પુરી શકયતા છે. વાહન ચાલકોને તથા રાહદારીઓને અવર જવર માટે આશીર્વાદરૂપ આ પુલ વર્ષોથી રીપેરીગ થયો નથી.

આ પુલ કોઈ નાના બાળકોને મોટી ઉમરના માણસોનો ભોગ લેવાય તે પહેલા તાકીદે આ પુલ સાફ કરાવી રીપેરીગ કરાવવા માટે સ્થાનિક કોર્પોરેટરો, ધારાસભ્યો અંગત રસ લઈ આ પુલનો જીર્ણોધ્ધાર તુરત કરાવે તેવી અમારા લત્તાવાસીઓની માંગણી છે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

**સૌરાષ્ટ્ર આસપાસ**

## લોકસભાનું ચોમાસુ સત્ર ૨૦૨૬: લોકશાહીનો જીવંત આયનો

સંસદીય ગતિવિધિનો એક ઐતિહાસિક સમયગાળો પસાર થઈ રહ્યો છે ત્યારે સંસદના ચોમાસુ સત્રની વિસ્તૃત સમીક્ષા કરવી જરૂરી છે.

૨૦ જુલાઈ, ૨૦૨૬થી શરૂ થયેલું લોકસભાનું ચોમાસુ સત્ર ભારતીય લોકશાહીની ગતિશીલતાનું સજીવ ઉદાહરણ બની રહ્યું છે. વિવાદો અને વિરોધ વચ્ચે પણ આ સત્રે ઘણાં મહત્વપૂર્ણ કાયદાકીય કાર્યો સંપન્ન કર્યા છે, જે દેશના વિકાસ અને સુશાસન માટે માઈલસ્ટોન સમાન છે. સત્રનો આ સમયગાળો એ બતાવે છે કે વિવિધ મતો વચ્ચે પણ સંસદીય પ્રણાલી કેવી રીતે કાર્યરત રહી શકે છે.લોકસભામાં પાસ થયેલા મહત્વપૂર્ણ બિલો વિશે જાણવું જરૂરી છે.આ ચોમાસુ સત્ર દરમિયાન લોકસભાએ કેટલાંક ઐતિહાસિક બિલો પાસ કર્યા છે. સર્વોચ્ચ અદાલત (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા બિલ, ૨૦૨૬ હેઠળ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની સંખ્યા ૩૪થી વધારીને ૩૮ કરવામાં આવી છે, જે વધતી જતી કેસોની સંખ્યાને ધ્યાનમાં રાખીને અત્યંત જરૂરી પગલું છે. જાહેર પરીક્ષાઓ (અયોગ્ય માધ્યમોનું નિવારણ) સુધારા બિલ, ૨૦૨૬ (એન્ટી-પેપર લીક બિલ) પાસ થવાથી પરીક્ષા ગેરરીતિઓ સામે કડક કાયદાકીય વ્યવસ્થા ઊભી થઈ છે. રાષ્ટ્રીય ગૌરવના અપમાનનું નિવારણ (સુધારા) બિલ, ૨૦૨૬ (વંદે માતરમ બિલ) રાષ્ટ્રગીત, રાષ્ટ્રધ્વજ અને બંધારણના અપમાનને ગુનો ઠેરવે છે. જન્મ અને મૃત્યુ નોંધણી (સુધારા) બિલ, ૨૦૨૬માં વિલંબિત નોંધણી માટે કડક બે-સ્તરીય પદ્ધતિ લાગુ કરવામાં આવી છે. વિનિયોગ (નં. ૩) બિલ, ૨૦૨૬ પાસ થવાથી સરકારી ખર્ચની કાયદેસર મંજૂરી મળી છે. બેન્કર્સ બુક્સ એવિડન્સ બિલ, ૨૦૨૬ ડિજિટલ બેંકિંગ રેકોર્ડ્સને બેંક કૌભાંડોના કેસોમાં પુરાવા તરીકે સ્વીકારવાની મંજૂરી આપે છે.વિપક્ષની ભૂમિકા લોકશાહીનો કર્ણધાર સમાન હોવી જોઈએ.વિપક્ષે આ સત્ર દરમિયાન અનેક મુદ્દાઓ ઉઠાવ્યા – રામમંદિર દાનની કથિત ગેરરીતિ, દ્રઈઈ પેપર લીક, દિલ્હીમાં પોલીસ કાર્યવાહી અને કાવેરી જળ વિવાદ. વિપક્ષના સતત વિરોધને કારણે પ્રશ્નોત્તરી અને શૂન્યકાળ વારંવાર ખોરવાયા. જોકે, સ્પીકર ઓમ બિરલાએ સભાને શાંતિથી ચલાવવાની અપીલ કરીને લોકશાહી મર્યાદાઓ યાદ કરાવી. સરકાર અને વિપક્ષ વચ્ચે પડદા પાછળની વાટાઘાટો પણ ચાલુ રહી, જેમાં સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ વિપક્ષના નેતા રાહુલ ગાંધી સાથે લગભગ ૫૦ મિનિટની મુલાકાત લીધી. વિપક્ષનો આ સક્રિય વિરોધ લોકશાહીની તંદુરસ્તી દર્શાવે છે.ચાલુ લોકસભાના ચોમાસુ સત્ર દરમિયાન કેટલાંક મહત્વપૂર્ણ બિલો સંસદીય ગતિરોધને કારણે પાસ થઈ શક્યા નથી, જે ભારતીય લોકશાહી માટે ચિંતાનો વિષય છે. આ સત્ર ૨૦ જુલાઈ, ૨૦૨૬થી શરૂ થયું હતું અને ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી ચાલવાનું નક્કી થયું છે, છતાં ગતિરોધને કારણે ગૃહની કાર્યવાહી મોટા પ્રમાણમાં પ્રભાવિત થઈ છે. સૌથી ચર્ચિત બિલો પૈકીનું એક છે પરિસીમા બિલ (Delimitation Bill), જેને વ્યાપક રીતે ૧૩૧મા બંધારણ સુધારા બિલ તરીકે ઓળખવામાં આવે છે. આ બિલ લોકસભાની મહત્તમ સભ્યસંખ્યા ૫૫૦થી વધારીને ૮૫૦ કરવાની અને ચૂંટણી ક્ષેત્રોની સીમાઓ ફરીથી નક્કી કરવાની દરખાસ્ત કરે છે.

## સોમનાથ નેશનલ હાઇવે પર પ્રકૃતિનો રમણીય સ્પર્શ



ફ્રાઈડે ફોટો સ્ટોરી - દિપક માળી

વરસાદ પછી હરિયાળીથી સજ્જ બનેલો સોમનાથ નેશનલ હાઈવે અને તેના પર શાંતિથી આગળ વધતું ઘેટાંનું ધણ... દશ્ય માત્ર આંખોને જ નહીં, મનને પણ અદભુત શાંતિનો અનુભવ કરાવે છે.ઝડપભરી જિંદગી વચ્ચે કુદરત જાણે એક સંદેશ આપે છે કે જીવનની સાચી ખુશી સાદગી, સહઅસ્તિત્વ અને પ્રકૃતિ સાથેના સંબંધમાં સમાયેલી છે. આવા દશ્યો ક્ષણિક હોય છે, પરંતુ હૃદયમાં કાયમ માટે વસવાટ કરી જાય છે.

# ધ્યેય અને ધગશ હશે તો ધાર્યું કામ થશે

સતત પ્રયત્નથી સાદા દોરામાંથી બનેલું મજબૂત દોરડું પથ્થરમાંય આંકા પાડી શકે છે. તો માણસ કોશિશ કરે તો શું ના કરી શકે?

ઔર્વ ઋષિના ઉપદેશ પ્રમાણે ચક્રવર્તી સમ્રાટ સગરે અશ્વમેઘ યજ્ઞાનું આયોજન કર્યું. યજ્ઞા માટે જે ઘોડો છોડવામાં આવ્યો તે ઈન્દ્રએ ચોરી લીધો. ઘોડા વગર યજ્ઞા સંપૂર્ણ ના થાય. સગરના પુત્રો ઘોડો શોધવા નીકળ્યા. એ દરમ્યાન સમજફેરથી તેમને મહર્ષિ કપિલમુનિ પર શંકા ગઈ. તેમને લાગ્યું ઘોડો મહર્ષિ એ જ ચોર્યો છે. યજ્ઞાના ઘોડા માટે પુત્રોથી મહર્ષિનું અપમાન થઈ ગયું. આ અપમાનના લીધે મહર્ષિના તપોબળથી પુત્રોના શરીરમાંથી સ્વયંભૂ અગ્નિ પ્રકટયો. અને પળવારમાં બધા પુત્રો ભડભડ બળીને ભસ્મ થઈ ગયા. રાજમહેલનો ખૂણે ખૂણો હીબકે ચઢયો. રાજકુટુંબમાં શોક છવાઈ ગયો. પુત્રો તો ગયા પણ તેમનો જીવ અવગતે ના જાય તેના માટે ગુરૂને એક ઉપાય બતાવ્યો. સ્વાહા થઈ ગયેલા પુત્રોની ભસ્મ અને અસ્થિઓને જો ગંગા નદીમાં પધરાવાય તો જીવોનો ઉધ્ધાર થાય. પણ આ એ યુગની વાત છે જ્યારે ગંગાજી ધરતી પર નહોતાં. તે વખતે ગંગાજી બ્રહ્મલોકમાં બ્રહ્માજીના કમંડળમાં હતાં. હવે શું કરવું? જ્યાં સુધી ગંગાજીનું અવતરણ ના થાય ત્યાં સુધી પુત્રોના જીવનો ઉધ્ધાર પણ ના થાય!!

મહારાજા સગરનો અંશુમાન નામે એક પૌત્ર હતો. તે ધર્મિષ્ઠ અને લાગણીશીલ હતો. તે કપિલમુનિને મળ્યો. ભૂલ સ્વીકારી. ચરણ-વંદના કરી. સ્તુતિ કરી. વિનંતી કરી. કપિલમુનિએ પ્રસન્ન થઈ એક યજ્ઞાપશુ આપી યજ્ઞાની બાકીની વિધિ પૂરી કરવા આશીર્વાદ આપ્યાં. યજ્ઞા તો સમાપ્ત થયો પણ અંશુમાને મરેલા જીવોની ભસ્મ અને અસ્થિઓ એક મોટા પોટલાંમાં સલામત સ્થળે સાચવી રાખ્યાં. તેનો જીવ કકળતો હતો. તેણે ગંગાજીને ધરતી પર ઉતારવાનો દઢ સંકલ્પ કર્યો. (ના પ્રાપ્યં તપસઃ કિંચિત) આ જગતમાં એવું કશું જ નથી જે તપથી ભરપૂર કોશિશથી ના મેળવી શકાય. જ્યારે ધ્યેય નજર સામે હોય, ઉત્સાહ જીવંત હોય તો સંકલ્પ પૂરો કેમ ના થાય ?

અંશુમાને વર્ષો સુધી ઘોર તપ કર્યું. છેલ્લા શ્વાસ સુધી તપથી ચલિત ના થયો. છતાં સફળતા ના મળી. અંશુમાનના પુત્ર દિલીપે વિચાર્યું. પિતાજીનો સંકલ્પ પિતૃઓના ઉધ્ધાર માટે હતો. તેણે અધુરા રહેલા સંકલ્પને પૂરો કરવા પ્રયત્ન કરવો જોઈએ. તેમના તપને નકામું ના જવા દેવાય. (યત્નો હિ સતતં કાર્યસ્તતો દેવેન સિધ્યતિ) મારે સતત પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. જો કોશિશ ચાલુરહેશે તો ગમે ત્યારે ઈશ્વર સાથ આપશે અને કાર્ય પૂર્ણ થશે.

**વિશેષ**

જોકે દિલીપના જીવંતા પણ સફળતા ના મળી. ત્યારપછી દિલીપના પુત્ર ભગીરથમાં ધ્યેય હાસિલ કરવાનો તલસાટ વધી ગયો. ભગીરથે અખંડ તપ કર્યું. તેના જીવનનો એક એક શ્વાસ ગંગા અવતરણ માટે ખર્ચવા લાગ્યો. છેવટે ગંગાજીના દર્શન થયાં. ''ભગીરથ, હું ધરતી પર આવું તો મારી ગતિ, મારો વેગ, મારો જુસ્સો કોણ ઝીલશે ? જો કે હું ધરતી પર આવવા રાજી નથી. કારણ કે અહીં પાપીઓ મારામાં સ્નાન કરી મને મેલી કરશે! એમના ધોવાયેલા પાપનો નાશ ક્યારે થશે ?'' ભગીરથે કહ્યું, ''માતા ભગવાન શિવજીની હું આરાધના કરીશ, તે આપનો વેગ ઝીલશે, અને તમે પાણની ચિંતા ના કરશો. અહીંના સંતો, ભક્તો અને મહાત્માઓના અંતઃકરણમાં શ્રીહરિનો વાસ હોય છે. તેમના સ્પર્શમાત્રથી આપનું વહેણ શુધ્ધ જ રહેશે!!''ગંગાજી પ્રસન્ન થયાં. શિવજીએ તેમની જટામાં ગંગાજી ધારણ કર્યાં અને જટા નીચોવી ગંગાજીનું અવતરણ કરાવ્યું. ભગીરથે તેમનો જ નહિં સંસારનો પણ ઉધ્ધાર કર્યો. આપણને ગંગાજળ આપી આપણા સૌનું કલ્યાણ કર્યું. ભગીરથ ગંગાસાગર-સંગમે ગયા. ત્યાં ગંગા માતાની સ્તુતિ કરી ભસ્મ અને અસ્થિઓનું વિસર્જન કર્યું.

# ઇતિહાસના પડછાયામાં ઘેરાયેલું બલુચિસ્તાન શાંતિની શોધમાં

દક્ષિણ એશિયાના રાજકીય નકશામાં બલુચિસ્તાન એક એવો પ્રદેશ છે, જે આજે માત્ર પાકિસ્તાનના સૌથી મોટા પ્રાંત તરીકે જ નહીં પરંતુ સતત ચાલતા રાજકીય અસંતોષ, સુરક્ષા પડકારો અને વ્યૂહાત્મક સ્પર્ધાના કેન્દ્ર તરીકે પણ ઓળખાય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અહીં ફરી હિંસક ઘટનાઓમાં વધારો થયો છે. બલોચ સશસ્ત્ર સંગઠનો દ્વારા કરવામાં આવેલા હુમલાઓ, તેના જવાબમાં પાકિસ્તાની સેનાના વિશાળ અભિયાનો અને સામાન્ય નાગરિકો પર પડતી તેની સીધી અસરને કારણે સમગ્ર પ્રદેશ અશાંતિના માહોલમાંથી પસાર થઈ રહ્યો છે. વિશ્વના અનેક દેશો પણ હવે બલુચિસ્તાનને માત્ર સ્થાનિક પ્રશ્ન તરીકે નહીં, પરંતુ પ્રાદેશિક સ્થિરતા સાથે જોડાયેલા મુદ્દા તરીકે જોવા લાગ્યા છે.

**બલુચિસ્તાનમાં સર્જાયેલી વર્તમાન પરિસ્થિતિનું મૂળ અનેક દાયકાઓ જૂના રાજકીય મતભેદોમાં રહેલું છે. પાકિસ્તાન સરકારનું માનવું છે કે દેશમાં શાંતિ અને અખંડિતતા જાળવવા માટે સુરક્ષા કાર્યવાહી અનિવાર્ય છે. બીજી તરફ બલોચ રાષ્ટ્રવાદી સંગઠનો દાવો કરે છે કે તેઓ પોતાના ઐતિહાસિક અધિકારો, પ્રાંતીય સ્વાયત્તતા અને કુદરતી સંપત્તિ પરના હક્ક માટે લડી રહ્યા છે**

બલુચિસ્તાનમાં સર્જાયેલી વર્તમાન પરિસ્થિતિનું મૂળ અનેક દાયકાઓ જૂના રાજકીય મતભેદોમાં રહેલું છે. પાકિસ્તાન સરકારનું માનવું છે કે દેશમાં શાંતિ અને અખંડિતતા જાળવવા માટે સુરક્ષા કાર્યવાહી અનિવાર્ય છે. બીજી તરફ બલોચ રાષ્ટ્રવાદી સંગઠનો દાવો કરે છે કે તેઓ પોતાના ઐતિહાસિક અધિકારો, પ્રાંતીય સ્વાયત્તતા અને કુદરતી સંપત્તિ પરના હક્ક માટે લડી રહ્યા છે. આ વિરોધાભાસી દષ્ટિકોણને કારણે પ્રદેશમાં વિશ્વાસનું વાતાવરણ ઉભું થઈ શક્યું નથી અને સમયાંતરે હિંસાની નવી ઘટનાઓ સામે આવતી રહે છે.

આ સમગ્ર પ્રશ્નને સમજવા માટે બલુચિસ્તાનના પ્રાચીન ઈતિહાસ તરફ નજર કરવી જરૂરી બને છે. હજારો વર્ષ પહેલાં આ પ્રદેશમાં વિકસેલું મહેરગઢ માનવ સંસ્કૃતિના પ્રારંભિક કેન્દ્રોમાંનું એક માનવામાં આવે છે. અહીં કૃષિ, પશુપાલન અને કાયમી વસવાટની શરૂઆત થઈ હોવાનું પુરાતત્ત્વીય સંશોધનો દર્શાવે છે. મહેરગઢમાંથી પ્રાપ્ત થયેલા અવશેષો બતાવે છે કે તે સમયના લોકો માત્ર ખેતી જ કરતા નહોતા, પરંતુ હસ્તકલામાં પણ પારંગત હતા અને દૂરના પ્રદેશો સાથે વેપારિક સંબંધો ધરાવતા હતા. આ કારણે બલુચિસ્તાન પ્રાચીન વિશ્વમાં સાંસ્કૃતિક અને આર્થિક સંપર્કનો મહત્વપૂર્ણ માર્ગ બની ગયો હતો.સમય જતાં બલુચિસ્તાન પર વિવિધ સામ્રાજ્યોનો પ્રભાવ પડ્યો. પર્શિયન શાસકો, મૌર્ય સામ્રાજ્ય, ગ્રીક પરંપરાનો પ્રભાવ, કુષાણ શાસકો અને ત્યારબાદ આરબ શાસન સુધી અનેક રાજકીય પરિવર્તનો અહીં જોવા મળ્યા. આ પ્રદેશનું ભૌગોલિક સ્થાન એવું છે કે પશ્ચિમ એશિયા અને ભારતીય ઉપખંડ વચ્ચેના માર્ગો અહીંથી પસાર થાય છે. તેથી દરેક યુગમાં બલુચિસ્તાનને વ્યૂહાત્મક મહત્વ મળતું રહ્યું છે.બલોચ સમાજ પોતાની આગવી ઓળખ માટે ઓળખાય છે. બલોચી ભાષા, લોકસંસ્કૃતિ, પરંપરાગત જીવનશૈલી અને જાતિ આધારિત સામાજિક વ્યવસ્થાએ અહીંના સમાજને વિશિષ્ટ બનાવ્યો છે. સ્થાનિક સ્વતંત્રતા અને પરંપરાગત નેતૃત્વમાં વિશ્વાસ રાખતી આ સામાજિક રચનાએ બલોચ ઓળખને સદીઓ સુધી જાળવી રાખી છે. આજના રાજકીય આંદોલનોમાં પણ આ ઐતિહાસિક ઓળખ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

બ્રિટિશ શાસન દરમિયાન કલાતનું ખાનત બલુચિસ્તાનનું સૌથી પ્રભાવશાળી રાજ્ય હતું. બ્રિટિશ સરકાર માટે આ વિસ્તારનું વ્યૂહાત્મક મહત્વ એટલું વધારે હતું કે તેણે સીધા શાસન ઉપરાંત સ્થાનિક શાસકો સાથે કરારો કરીને પોતાનો પ્રભાવ જાળવી રાખ્યો. ભારતના વિભાજન સમયે કલાતના ભવિષ્ય અંગે ગંભીર રાજકીય ચર્ચા શરૂ થઈ. બલોચ રાષ્ટ્રવાદીઓનું કહેવું છે કે કલાતે શરૂઆતમાં પોતાની સ્વતંત્ર સ્થિતિ જાળવવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે પાકિસ્તાનનું વલણ હતું કે આખરે થયેલું વિલીનીકરણ કાયદેસર અને સ્વીકાર્ય હતું. આ બંને દષ્ટિકોણ વચ્ચેનો મતભેદ આજે પણ બલુચિસ્તાનના રાજકીય પ્રશ્નનું કેન્દ્ર છે.

૧૯૪૮ પછી બલુચિસ્તાનમાં અસંતોષ ધીમે ધીમે

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

સશસ્ત્ર ચળવળમાં પરિવર્તિત થતો ગયો. વિવિધ સમયગાળામાં થયેલા બળવાઓએ પાકિસ્તાન સરકાર અને સ્થાનિક સંગઠનો વચ્ચેનું અંતર વધાર્યું. કેટલાક સંગઠનો માત્ર વધુ સ્વાયત્તતા માંગે છે, જ્યારે કેટલાક સંપૂર્ણ સ્વતંત્ર બલુચિસ્તાનની માંગ સાથે સક્રિય રહ્યા છે. પાકિસ્તાન સરકાર આવા સંગઠનોને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાવે છે અને તેમની સામે સતત કાર્યવાહી કરે છે. આ કાર્યવાહીઓ દરમિયાન માનવાધિકારોના ઉલ્લંઘન, ગાયબ થયેલા લોકો અને બળજબરીથી ધરપકડ જેવા મુદ્દાઓ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાનો વિષય બન્યા છે.બલુચિસ્તાનની સમસ્યાનું સૌથી મહત્વનું પાસું તેની કુદરતી સંપત્તિ છે. પ્રાકૃતિક ગેસ, સોનું, કોપર, કોલસો અને અન્ય ખનિજોથી સમૃદ્ધ હોવા છતાં સ્થાનિક લોકોમાં ગરીબીનું પ્રમાણ ઊંચું છે. શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી, રોજગાર અને આધુનિક માળખાકીય સુવિધાઓ હજુ પણ ઘણા વિસ્તારોમાં મર્યાદિત છે. પરિણામે સ્થાનિક સમાજમાં એવી લાગણી પ્રબળ બની છે કે પ્રદેશની સંપત્તિનો લાભ અન્ય વિસ્તારોને વધારે મળે છે, જ્યારે બલુચિસ્તાન પોતે વિકાસથી વંચિત રહે છે.

ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર શરૂ થયા પછી બલુચિસ્તાનનું આંતરરાષ્ટ્રીય મહત્વ વધુ વધી ગયું છે. ગ્વાદર બંદરને ભવિષ્યના વૈશ્વિક વેપાર કેન્દ્ર તરીકે વિકસાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. રસ્તાઓ, ઊર્જા પ્રકલ્પો અને બંદર વિકાસમાં મોટા પ્રમાણમાં રોકાણ કરવામાં આવ્યું છે. સરકારનું માનવું છે કે આ પ્રકલ્પો સમગ્ર પ્રદેશના આર્થિક વિકાસ માટે નવા દ્વાર ખોલશે. જોકે સ્થાનિક સંગઠનોનો આક્ષેપ છે કે વિકાસની યોજનાઓમાં તેમની પૂરતી ભાગીદારી નથી અને રોજગારી સહિતના લાભો પણ મર્યાદિત પ્રમાણમાં સ્થાનિક લોકોને મળે છે. આ મતભેદને કારણે ગ્વાદર વિસ્તાર પણ ઘણી વખત તણાવનું કેન્દ્ર બન્યો છે.ભારતના દષ્ટિકોણથી જોવામાં આવે તો બલુચિસ્તાનનું મહત્વ માત્ર પાડોશી દેશના આંતરિક પ્રશ્ન સુધી મર્યાદિત નથી. અરબી સમુદ્ર, પશ્ચિમ એશિયા તરફના વેપાર માર્ગો, અફઘાનિસ્તાનની નજીકનું સ્થાન અને ચીનની વધતી વ્યૂહાત્મક હાજરીને કારણે ભારત પણ આ વિસ્તારની ઘટનાઓ પર ધ્યાન રાખે છે. ભારતે સમયાંતરે બલુચિસ્તાનમાં માનવાધિકારો અંગે ચિંતા વ્યક્ત કરી છે, જ્યારે પાકિસ્તાન ભારત પર બલોચ સંગઠનોને સમર્થન આપવાનો આરોપ મૂકે છે. ભારતે આવા આરોપોને સતત નકાર્યા છે. આ પરિસ્થિતિને કારણે બલુચિસ્તાનનો પ્રશ્ન બંને દેશો વચ્ચેની રાજદ્વારી ચર્ચાઓમાં પણ સમયાંતરે સામે આવે છે.તાજેતરના બનાવોએ ફરી એકવાર સ્પષ્ટ કર્યું છે કે બલુચિસ્તાનમાં માત્ર સુરક્ષા અભિયાનથી લાંબા ગાળાની શાંતિ સ્થાપિત કરવી મુશ્કેલ છે. સતત ચાલતી હિંસા, રાજકીય અવિશ્વાસ અને વિકાસ અંગેની ફરિયાદોનો ઉકેલ સંવાદ દ્વારા જ શક્ય બની શકે છે. સ્થાનિક સમાજને વિશ્વાસમાં લીધા વગર, પારદર્શક વિકાસ સુનિશ્ચિત કર્યા વગર અને કુદરતી સંપત્તિના લાભમાં યોગ્ય ભાગીદારી આપ્યા વગર સ્થિરતા પ્રાપ્ત કરવી સરળ નથી. બીજી તરફ સશસ્ત્ર હુમલાઓ અને હિંસક માર્ગ અપનાવવાથી પણ સામાન્ય નાગરિકોને જ સૌથી વધુ નુકસાન થાય છે અને સમસ્યાનો કાયમી ઉકેલ મળતો નથી.




ઈમેજ એઆઈ દ્વારા જનરેટ

બલુચિસ્તાનનો ઈતિહાસ માનવ સંસ્કૃતિની પ્રાચીન સિદ્ધિઓ, સમૃદ્ધ કુદરતી સંપત્તિ અને વ્યૂહાત્મક મહત્વનો સાક્ષી રહ્યો છે. છતાં આજે તે જ પ્રદેશ રાજકીય મતભેદો, સુરક્ષા પડકારો અને વિકાસના પ્રશ્નોથી ઘેરાયેલો છે. ભવિષ્યમાં જો બલુચિસ્તાનને સ્થિર અને સમૃદ્ધ બનાવવું હોય તો વિશ્વાસપૂર્ણ સંવાદ, પ્રજાકીય ભાગીદારી, ન્યાયપૂર્ણ વિકાસ, માનવાધિકારોનું સન્માન અને લોકશાહી માર્ગે ઉકેલ શોધવાનો પ્રયાસ અનિવાર્ય બનશે. ઈતિહાસે અનેક વખત સાબિત કર્યું છે કે શસ્ત્રો સંઘર્ષને લાંબો ખેંચી શકે છે, પરંતુ શાંતિનો માર્ગ હંમેશા ન્યાય, સહભાગિતા અને પરસ્પર વિશ્વાસમાંથી જ પસાર થાય છે.

# શુભમન ગિલની કેપ્ટનશીપ હેઠળ ટીમ ઈન્ડિયા ૧૫ ઓગસ્ટે ઈતિહાસ રચશે : ૬૦૦ ટેસ્ટ રમનાર ત્રીજો દેશ બનશે



નવીદિલ્હી,

જયારે શુભમન ગિલની કેપ્ટનશીપ હેઠળ ભારતીય ક્રિકેટ ટીમ ૧૫ ઓગસ્ટે શ્રીલંકા સામે પ્રથમ ટેસ્ટ માટે મેદાનમાં ઉતરશે, ત્યારે તે એક ઐતિહાસિક મેચ હશે. વિશ્વની ફક્ત બે ટીમોએ અત્યાર સુધી ૬૦૦ ટેસ્ટ મેચ રમી છે, અને હવે ભારત તેમની સાથે જોડાશે. ભારતની સ્વતંત્રતાની વર્ષગાંઠ પર આ એક મોટી સિદ્ધિ હશે. દરમિયાન, ટીમ ઈન્ડિયા શ્રીલંકા પહોંચી ગઈ છે, અને તૈયારીઓ ટૂંક સમયમાં શરૂ થશે.

ભારતીય ટીમ ૫૯૯ ટેસ્ટ રમી છે, અને ગાલેમાં શ્રીલંકા સામેની મેચ ૬૦૦મી હશે. ભારતે આઝાદી પહેલા પણ પોતાની પહેલી ટેસ્ટ રમી હતી. પહેલી મેચ ૧૯૩૨ માં રમાઈ હતી. તે સમયે ભારતના કેપ્ટન સીકે નાયડુ હતા. ત્યારથી આ યાત્રા ઐતિહાસિક રહી છે. ૧૯૩૨ થી ઘણા ટેસ્ટ કેપ્ટન થયા છે, પરંતુ હવે શુભમન ગિલની કેપ્ટનશીપ હેઠળ બીજો એક અધ્યાય ઉમેરવાનો છે.

ઈંગ્લેન્ડે અત્યાર સુધી સૌથી વધુ ટેસ્ટ રમી છે, ઓસ્ટ્રેલિયા બીજા ક્રમે છે.

ફક્ત બે ટીમોએ ૬૦૦ ટેસ્ટનો આંકડો વટાવી દીધો છે. ઈંગ્લેન્ડે અત્યાર સુધી સૌથી વધુ ટેસ્ટ રમી છે, ૧૦૯૭ ટેસ્ટ રમી છે. કોઈ પણ વ્યક્તિ માટે આ સિદ્ધિની બરાબરી કરવી લગભગ અશક્ય છે. ઈંગ્લેન્ડે ૧૮૭૭ માં પોતાની પહેલી ટેસ્ટ રમી હતી. ઓસ્ટ્રેલિયા યાદીમાં બીજા ક્રમે છે. ઓસ્ટ્રેલિયાએ પણ ૧૮૭૭માં પોતાનો પહેલો ટેસ્ટ રમ્યો હતો. ત્યારથી, ટીમે ૮૮૨ ટેસ્ટ રમી છે.

ભારતની વાત કરીએ તો, આપણે પહેલાથી જ ઉલ્લેખ કર્યો છે કે ભારતે ૧૯૩૨માં પોતાનો પહેલો ટેસ્ટ રમ્યો હતો. ત્યારથી, ટીમે ૫૯૯ ટેસ્ટ રમી છે. આ સમયગાળા દરમિયાન, ભારતે ૧૮૬ ટેસ્ટ મેચ જીતી છે અને ૧૮૮માં હારનો સામનો કરવો પડ્યો છે. ૨૨૪ મેચ ડ્રો રહી છે, જેમાં ફક્ત એક મેચ ટાઈ રહી છે.

૧૫ ઓગસ્ટ, સ્વતંત્રતા દિવસના રોજ ભારત અને શ્રીલંકાની ટીમો ટકરાશે ત્યારે ઉત્સાહ ચરમસીમાએ હશે. આ શ્રેણી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ હેઠળ રમાશે, તેથી તેનું મહત્વ વધુ વધી ગયું છે. આ પાંચ દિવસીય મેચમાં ટીમો કેવું પ્રદર્શન કરે છે તે જોવાનું બાકી છે.

# જોસ બટલરે ટી૨૦ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવી પોલાર્ડનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો



નવીદિલ્હી,

ઈંગ્લેન્ડના દિગ્ગજ વિકેટકીપર-બેટ્સમેન જોસ બટલર ટી ૨૦ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યા છે. તેણે આ સંદર્ભમાં કિરોન પોલાર્ડનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો છે. બટલરે ઈંગ્લેન્ડમાં રમાઈ રહેલી ધ હંડ્રેડ ટુર્નામેન્ટમાં રમતી વખતે વેલ્શ ફાયર સામેની મેચમાં આ સિદ્ધિ મેળવી હતી. તે આ ટુર્નામેન્ટમાં માન્ચેસ્ટર સુપર જાયન્ટ્સનું નેતૃત્વ કરી રહ્યો છે. નિયમિત કેપ્ટન એડન માર્કરામ સિઝનના મધ્યમાં ધ હંડ્રેડ ટુર્નામેન્ટમાંથી ખસી ગયો અને બટલરને ટીમની કમાન સોંપવામાં આવી.

૫ ઓગસ્ટના રોજ, ધ હંડ્રેડ ટુર્નામેન્ટમાં માન્ચેસ્ટર સુપર જાયન્ટ્સ અને વેલ્શ ફાયર વચ્ચે મેચ રમાઈ હતી. આ મેચ પહેલા, જોસ બટલરને કિરોન પોલાર્ડનો વર્લ્ડ રેકોર્ડ તોડવા માટે ૨૨ રનની જરૂર હતી. તેણે સિક્સર ફટકારીને આ રેકોર્ડ હાંસલ કર્યો. જોસ બટલરે અત્યાર સુધીમાં ૫૨૨ ૨૦ મેચોમાં ૧૪,૮૩૩ રન બનાવ્યા છે. તે હવે આ ફોર્મેટમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બની ગયો છે.

કિરોન પોલાર્ડ આ યાદીમાં બીજા ક્રમે છે, તેણે ૭૪૬ મેચોમાં ૧૪,૮૦૩ રન બનાવ્યા છે.

ટી ૨૦ ફોર્મેટમાં સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓની યાદીમાં ક્રિસ ગેલ ત્રીજા ક્રમે છે. ગેલે આ ફોર્મેટમાં ૪૬૩ મેચોમાં ૧૪,૫૬૨ રન બનાવ્યા છે. આ યાદીમાં ઈંગ્લેન્ડના એલેક્સ હેલ્સ ચોથા ક્રમે છે.

# વેસ્ટ ઈન્ડિઝની ટીમનો ૨૦૨૭ વનડે વર્લ્ડ કપમાં સીધા પ્રવેશનો માર્ગ પણ મુશ્કેલ



નવીદિલ્હી,

વેસ્ટ ઈન્ડિઝની ટીમ, જે એક સમયે ક્રિકેટમાં પ્રભુત્વ ધરાવતી હતી, તેને વનડે વર્લ્ડ કપમાંથી બાકાત રાખવામાં આવવાના ભયનો સામનો કરી રહી છે. ૨૦૨૩ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થવામાં નિષ્ફળ રહ્યા બાદ, કેરેબિયન ટીમનો ૨૦૨૭ વનડે વર્લ્ડ કપમાં સીધા પ્રવેશનો માર્ગ પણ મુશ્કેલ લાગે છે. પરિસ્થિતિ એવી છે કે તેની આશાઓ હવે ફક્ત તેની પોતાની જીત પર જ નહીં પરંતુ અન્ય ટીમોના પરિણામો પર પણ ટકી રહી છે.

આઈસીસીના નિયમો અનુસાર, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ આઈસીસી વનડે રેન્કિંગમાં ટોચની આઠ ટીમો ૨૦૨૭ વનડે વર્લ્ડ કપ માટે સીધી ક્વોલિફાય થશે. હાલમાં, શાઈ હોપની આગેવાની હેઠળની વેસ્ટ ઈન્ડિઝ ૧૦મા ક્રમે છે. કટ-ઓફ તારીખ પહેલા તેમની પાસે ફક્ત બે વનડે મેચ બાકી છે, જેના કારણે તેમનો માર્ગ વધુ મુશ્કેલ બની ગયો છે.

વેસ્ટ ઈન્ડિઝ સપ્ટેમ્બરમાં ભારત સામે ત્રણ મેચની વનડે શ્રેણી રમવાનું છે, પરંતુ ૩૦ સપ્ટેમ્બરની કટ-ઓફ તારીખ પહેલા ફક્ત પ્રથમ બે વનડે મેચો જ ધ્યાનમાં લેવામાં આવશે. તેથી, ટીમને સીધા ક્વોલિફાય થવાની આશા જાળવી રાખવા માટે ભારત સામે બંને મેચ જીતવાની જરૂર પડશે. જોકે, માત્ર ભારત સામે વિજય પૂરતો રહેશે નહીં.

વેસ્ટ ઈન્ડિઝ આયર્લેન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચેની પાંચ મેચની વનડે શ્રેણી પર પણ નજર રાખશે. જો આયર્લેન્ડ આ શ્રેણી ૫-૦ અથવા ૪-૧ થી જીતવામાં સફળ થાય છે, તો વેસ્ટ ઈન્ડિઝની ટોચની આઠમાં પહોંચવાની આશા જીવંત રહી શકે છે. જોકે, શ્રેણીની પહેલી મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. હાલમાં,આઈસીસી વનડે રેન્કિંગમાં અફઘાનિસ્તાન આઠમા ક્રમે છે અને આયર્લેન્ડ ૧૨મા ક્રમે છે.

# શ્રીલંકા સામે ઘરઆંગણે રમાયેલી ૪૭ ટકા ટેસ્ટ મેચોમાં ભારતે જીત મેળવી



નવીદિલ્હી,

ભારત અને શ્રીલંકા વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણી ૧૫ ઓગસ્ટથી શરૂ થશે. ભારતીય ટીમ બુધવારે શ્રીલંકા પહોંચી હતી અને તાલીમ શરૂ કરી દીધી છે. સાઈ સુદર્શન સિવાય, કોઈ પણ ખેલાડી અયોગ્ય નથી. જસપ્રીત બુમરાહની ગેરહાજરીથી ટીમને ચોક્કસપણે નુકસાન થયું છે, પરંતુ ભારતની સૌથી મોટી આશા શ્રીલંકાની ટર્નિંગ પીચો પર તેના બેટ્સમેનોમાં રહેલી છે. તાજેતરના વર્ષોમાં સ્પિન સામે ભારતનો રેકોર્ડ ખૂબ જ ખરાબ રહ્યો છે. આવી સ્થિતિમાં, આ શ્રેણી જીતવી ટીમ ઈન્ડિયા માટે મહત્વપૂર્ણ છે, જે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૭ ચક્રના ફાઈનલનું લક્ષ્ય રાખી રહી છે. રેકોર્ડ ભારતના પક્ષમાં છે, પરંતુ શ્રીલંકા ઘરઆંગણે વધુ ખતરનાક છે. ભારત અને શ્રીલંકા વચ્ચેની પહેલી ટેસ્ટ સપ્ટેમ્બર ૧૯૮૨ માં રમાઈ હતી. ચેન્નાઈમાં રમાયેલી આ મેચ ડ્રો રહી. ત્યારથી, બંને ટીમો વચ્ચે કુલ ૪૬ ટેસ્ટ રમાઈ છે. ભારતે આ ટેસ્ટમાંથી ૪૭.૮ ટકા જીત મેળવી છે, જેમાં ૨૨ જીત છે. શ્રીલંકાએ સાત જીતી છે. બંને ટીમો વચ્ચે ૧૭ ટેસ્ટ ડ્રો રહી છે. શ્રીલંકા સામે ભારતની છેલ્લી ટેસ્ટ ચાર વર્ષ પહેલા હતી. માર્ચ ૨૦૨૨ માં બેંગ્લોરમાં રમાયેલી તે મેચમાં ટીમ ઈન્ડિયાએ ૨૩૮ રનથી જીત મેળવી હતી. બંને ટીમો ચાર વર્ષ પછી આ ફોર્મેટમાં એકબીજાનો સામનો કરશે.

ભારતે શ્રીલંકા સામે ઘરેલુ મેદાન પર ૨૪ ટેસ્ટ રમી છે. તેમાંથી તેણે નવ જીત્યા છે. શ્રીલંકાએ સાત જીત્યા છે. આઠ મેચ ડ્રો થઈ છે. ભારતનો શ્રીલંકા સામે ઘરઆંગણે છેલ્લી ટેસ્ટ ઓગસ્ટ ૨૦૧૭ માં રમાઈ હતી. ભારતે પલ્લેકેલમાં તે મેચ એક ઈનિંગ્સ અને ૧૭૧ રનથી જીતી હતી. દરમિયાન, ગાલેમાં બંને ટીમો ટેસ્ટમાં ચાર વખત એકબીજાનો સામનો કરી ચૂકી છે. આ પાંચેય મેચ જીત અથવા હારમાં પરિણમી છે, એટલે કે કોઈ ટેસ્ટ ડ્રો થઈ નથી. ભારત અને શ્રીલંકા વચ્ચે અહીં પાંચ ટેસ્ટ રમાઈ છે, અને ભારતે બે જીતી છે અને ત્રણ હારી છે.

# રણબીર કપૂર અને યશની ફિલ્મ રામાયણ દિવાળીના બે દિવસ પહેલા રિલીઝ થશે



મુંબઈ,

'રામાયણ' ૨૦૨૬ ની સૌથી રાહ જોવાતી ફિલ્મોમાંની એક છે, જે બે ભાગમાં સિનેમાઘરોમાં રિલીઝ થશે. તેનું ટ્રેલર ૩૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજ સવારે ૪:૧૫ વાગ્યે રિલીઝ થયું હતું, અને ત્યારથી, ફિલ્મ વિશે ચાહકોમાં જબરદસ્ત ચર્ચા ચાલી રહી છે. રણબીર કપૂર અને યશની આગામી ફિલ્મ સાથે સંબંધિત દરેક નવી અપડેટ ચાહકોનો ઉત્સાહ વધારી રહી છે. હવે, નિર્માતાઓએ આંતરરાષ્ટ્રીય દર્શકો માટે આ ભવ્ય વાર્તાનું અંગ્રેજી ડબ ટ્રેલર શેર કર્યું છે. આ સાથે, નિર્માતાઓએ 'રામાયણઃ ભાગ ૧' ની રિલીઝ તારીખ પણ જાહેર કરી છે, જે દિવાળી ૨૦૨૬ ના બે દિવસ પહેલા મોટા પડદા પર આવશે.

'રામાયણ' ના આંતરરાષ્ટ્રીય વિતરણ ભાગીદાર સોની પિક્ચર્સે તેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર અંગ્રેજી ટ્રેલર અને તેની રિલીઝ તારીખ શેર કરી. નિર્માતાઓએ 'રામાયણ ભાગ ૧' ૬ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ, લક્ષ્મી પૂજા (દિવાળી) ના બે દિવસ પહેલા રિલીઝ કરવાનો નિર્ણય લીધો છે. આ જાહેરાત કરતા, સોની પિક્ચર્સે લખ્યું, "પહેલા ક્યારેય ન હોય તેવી એક શાનદાર સફર. #Ramayana નું સત્તાવાર ટ્રેલર જુઓ, ૬ નવેમ્બરે વિશ્વભરના સિનેમાઘરોમાં પહોંચશે.

# અભિનેત્રી જિયા શંકરે કરણ ધનક સાથે સગાઈ કરી : રોમેન્ટિક ફોટા શેર કર્યા



મુંબઈ,

'બિગ બોસ ઓટીટી ૨' ફેમ જિયા શંકરે આખરે તેના સંબંધની પુષ્ટિ કરી છે. તે યુએસ સ્થિત ઉદ્યોગપતિ કરણ ધનકને ડેટ કરી રહી હોવાની અફવા હતી. મહિનાઓની અટકળો પછી, જિયાએ તેમના સંબંધોને આગળ વધારવાનું નક્કી કર્યું અને તાજેતરમાં તેમના સ્વપ્નશીલ પ્રસ્તાવના ફોટા શેર કર્યા. ૫ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ, અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર એક હૃદયસ્પર્શી પોસ્ટ દ્વારા કરણ ધનક સાથેની તેની સગાઈની જાહેરાત કરી. આ દંપતીએ હરિયાળી અને સુંદર દ્રશ્યો વચ્ચે એક ખાનગી સમારોહમાં સગાઈ કરી. જિયાએ સોશિયલ મીડિયા પર તેના મંગેતર સાથેના રોમેન્ટિક ફોટા શેર કર્યા અને કરણ ધનક માટે એક ભાવનાત્મક નોંધ પણ લખી.

ઘણા મહિનાઓ સુધી તેના સંબંધ અને બોયફ્રેન્ડની ઓળખ ગુપ્ત રાખ્યા પછી, જિયા શંકરે આખરે તેના મંગેતરનો ચહેરો દુનિયા સમક્ષ રજૂ કર્યો. ચાહકો સાથે આ ખુશખબર શેર કરતા, અભિનેત્રીએ પહેલીવાર તેના મંગેતરનો ચહેરો જાહેર કર્યો અને પોસ્ટમાં તેના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ્સને ટેગ કર્યા. તેણીએ લખ્યું, "કદાચ એ સાચું છે કે પ્રેમ ત્યારે આવે છે જ્યારે તમે ઓછામાં ઓછી અપેક્ષા રાખો છો, પરંતુ અહીં ભગવાન ખરેખર મારી ધીરજની કસોટી કરે છે."તેણીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ હેતુ માટે પોતાની ખુશી અને પ્રેમ વ્યક્ત કર્યો. જિયાએ લખ્યું, "તમારી સાથેની દરેક વાતચીત, ભલે તમે હજારો માઈલ દૂર હોવ, ઘર જેવું લાગતું હતું. આ સફર સરળ ન હતી, પરંતુ અમે દરરોજ એકબીજાને પસંદ કર્યા. તમે મને તે પ્રેમ આપ્યો જેની હું આખી જીંદગી રાહ જોતી હતી. તમે મને સૌથી મુશ્કેલ દિવસોમાં પણ હસાવ્યો. જ્યારે અમે એરપોર્ટ પર ગયા, ત્યારે તમે હંમેશા મને થોડું કડક રીતે ગળે લગાવ્યું, જાણે તમારું હૃદય હજારો ટુકડાઓમાં તૂટી રહ્યું હોય. મારા તોફાની મિત્ર, મારા શ્રેષ્ઠ મિત્ર, મારી એબીસીડી, તમારી સાથે જીવન ખરેખર એક સાહસ છે અને મારી પ્રિય રોમેન્ટિક-કોમેડી ફિલ્મ જેવું છે. હું મારું બાકીનું જીવન તમારી સાથે વિતાવવા અને તમને તે રીતે પ્રેમ કરવા માટે ઉત્સુક છું જે રીતે તમે હંમેશા મને પ્રેમ કર્યો છે. તેના કારણે હું તમને પ્રેમ કરું છું."

જિયા શંકરનું નામ અભિષેક મલ્હાન સાથે ઘણી વખત જોડાયું છે. તાજેતરમાં, તેમની સગાઈના અહેવાલો સામે આવ્યા હતા. આ અહેવાલો પર પ્રતિક્રિયા આપતા,યુટયુબ ફુકરા ઈન્સાને આ દાવાઓને પાયાવિહોણા ગણાવ્યા.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અં | ળ | સા | અં | ડી | ણ | કા | ગં | ર | ઉ | ઐ | મા |
| પ્રા | મા | ણિ | ક | કા | ગ | બા | ળ | કા | બૂ | ક્ષ | ભ |
| દ | ક્રો | ર | પ્ર | દ | ન | દ | અઃ | લ | ર | મ | ધ |
| અ | લા | પ્ર | ક | કુ | સ | કા | લા | રો | રો | ધ | ર |
| ધ | કુ | મા | બ | ઔ | ગ | ભ | ભ | રી | ણ | ચા | ક્ષ |
| ળો | અ | રા | કા | કા | ફ | બા | દ | બા | કી | ફ | મા |
| ગી | બ | ભો | ર | લ | ર | ત | ળ | હિ | ડો | દ | ગ |
| ર | ભા | તી | ગ | ળ | જ | ચી | ર | આ | પ્ર | અં | વા |
| કા | આ | શિ | મ | કા | અ | લી | સા | સા | લ | લા | બ |
| જ | લ | હિ | ણે | મ | ગં | પ્ર | દ | ક | ગ | અ | હા |
| મા | મા | સા | જ | ગ | ર | ર | મા | સા | દ | બિ | સ |
| ક | મ | રો | ઊ | અ | શિ | અ | મ | દ | દ | શિ | બ |

**શબ્દ શોધો:** પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# લોકઅપ-૨ જીત્યા પછી શ્રેયા કાલરા ભાવુક થઈ : જીતનો શ્રેય તેના મિત્રોને આપ્યો



મુંબઈ,

કન્ટેન્ટ સર્જક, અભિનેત્રી અને રિયાલિટી શો સ્ટાર શ્રેયા કાલરા બુધવાર, ઓગસ્ટ ૦૫, ૨૦૨૬ ના રોજ લોક અપ સીઝન ૨ ના વિજેતા બન્યા. તેણીએ ફાઈનલ પછી પહેલીવાર ઈન્સ્ટાગ્રામ પર લાઈવ થઈ, મિત્રો અને પરિવાર સાથે પોતાની જીતની ઉજવણી કરી. તેણીએ પોતાની જીત તેના મિત્રોને પણ સમર્પિત કરી જેઓ 'લોક અપ ૨' માં તેની સફર દરમિયાન તેની સાથે ઉભા રહ્યા હતા. તેણીએ તેના સંઘર્ષો અને લોકો તેને કેવી રીતે નીચે ઉતારતા હતા તે વિશે પણ ખુલ્લેઆમ વાત કરી.

ઈન્સ્ટાગ્રામ લાઈવ દરમિયાન, શ્રેયા તેના મિત્રો સાથે તેની જીતની ઉજવણી કરતી જોવા મળી. વિજેતા તરીકે જાહેર થતાં જ તેના મિત્રો જોરથી ઉત્સાહિત થવા લાગ્યા. તેના બોયફ્રેન્ડ, અભિનેતા ઋષભ જયસ્વાલ, તેણી ટ્રોફી પકડીને તેને પોતાના ખભા પર પણ ઉંચકી લીધી. બાદમાં, તેણીએ તેના મિત્રો સાથે ફોટા પડાવ્યા, જ્યારે તેની માતા તેને ટ્રોફી ઉપાડતી જોઈ ભાવુક થઈ ગઈ. શ્રેયા કાલરાએ શિવાંગી જોશીને હરાવીને ટ્રોફી જીતી અને ૧ કરોડનું રોકડ ઈનામ પણ જીત્યું. શ્રેયાએ પોતાની જીત તેના મિત્રોને સમર્પિત કરી જેઓ તેની સાથે ઉભા રહ્યા અને શોની બહાર તેના ગેમપ્લેની આસપાસની ટીકા સામે તેનો બચાવ કર્યો.

ઉજવણી દરમિયાન, શ્રેયાએ પોતાના ભાષણમાં કહ્યું કે "આ ટ્રોફી ફક્ત મારી નથી, તે આપણા બધાની છે. આપણે બધા નાના સિંહોથી આપણા સપના પૂરા કરવા માટે આવ્યા છીએ.

# અજિંક્ય રહાણેએ ભારતીય ટેસ્ટ ટીમમાં અનુભવી ખેલાડીઓના અભાવ અંગે ચિંતા વ્યક્ત કરી



નવીદિલ્હી,

ભારતીય ટેસ્ટ ટીમ હાલમાં પરિવર્તનના સમયગાળામાંથી પસાર થઈ રહી છે. ઘણા અનુભવી ખેલાડીઓની વિદાય સાથે, યુવા ચહેરાઓને વધુને વધુ તકો મળી રહી છે, પરંતુ ભૂતપૂર્વ ભારતીય ઉપ-કપ્તાન અજિંક્ય રહાણે માને છે કે ફક્ત યુવા ખેલાડીઓ પર આધાર રાખવો ટેસ્ટ ક્રિકેટમાં સફળતા પ્રાપ્ત કરવી સરળ રહેશે નહીં. તેમનું કહેવું છે કે લાંબા ફોર્મેટમાં અનુભવ એટલો જ મહત્વપૂર્ણ છે જેટલો આજ છે, અને ટીમમાં સિનિયર ખેલાડીઓની હાજરી મહત્વપૂર્ણ છે.ભારત અને શ્રીલંકા વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણી ૧૫ ઓગસ્ટથી ગાલે ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે શરૂ થવાની છે. શુભમન ગિલના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમ આ શ્રેણીમાં જીત સાથે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલમાં પહોંચવાની પોતાની આશાઓને મજબૂત બનાવવાનો પ્રયાસ કરશે. જોકે, શ્રેણી પહેલા રહાણેનું નિવેદન ચર્ચાનો વિષય બની ગયું છે.

ધ ઓવરલેપ ક્રિકેટની યુટ્યુબ ચેનલ પર એક વાતચીત દરમિયાન રહાણેએ કહ્યું કે વર્તમાન ભારતીય ટેસ્ટ ટીમમાં અનુભવનો સ્પષ્ટ અભાવ છે. તેમના મતે, છેલ્લા બે વર્ષમાં ઘણા નવા ખેલાડીઓ ટીમમાં જોડાયા છે, પરંતુ સિનિયર ખેલાડીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. રહાણેએ કહ્યું કે જે લોકો ટેસ્ટ ક્રિકેટ જુએ છે તેઓ સાચા ક્રિકેટ પ્રેમી છે. છેલ્લા બે વર્ષમાં ઘણા નવા ખેલાડીઓ ટીમમાં જોડાયા છે, પરંતુ તેમનું માનવું છે કે ટેસ્ટ ટીમમાં સાત કે આઠ અનુભવી ખેલાડીઓ સાથે બે કે ત્રણ યુવા ખેલાડીઓનું સંતુલન હોવું જોઈએ. વર્તમાન ટીમમાં લગભગ બધા ખેલાડીઓ નવા છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે ટીમમાં ભાગ્યે જ કોઈ સિનિયર ખેલાડીઓ બાકી છે. ટેસ્ટ ક્રિકેટમાં અનુભવી ખેલાડીઓની જરૂર હોય છે.

# સિવીલ હોસ્પિટલમાં થેલેસેમીયાના દર્દીઓને હાડમારી : લોહી, દવા કે ઈન્જેકશન મળતા નથી





## હોસ્પિટલમાં ખાલી બોટલથી ૫૦૦ બાળકો બ્લડ વગર જોખમમાં : ડેસ્પરાલ ઈન્જેકશન, કેલ્ફર દવાની અછત બ્લડ ચઢાવવાનું મશીન બંધ

રાજકોટ

રાજકોટ સિવિલ હોસ્પિટલ દ્વારા ૫૦૦ જેટલા થેલેસેમીયા પીડિત બાળકો બ્લડ ન મળવાની સમસ્યાથી પારાવાર મુશ્કેલી ભોગવી રહ્યા છે. જેને લઈને આજે બડા બજરંગ ફાઉન્ડેશનના નેજા હેઠળ થેલેસેમીયા મેજર બાળકો અને યુવાનોએ કલેક્ટર કચેરીમાં ''સિવિલ હોસ્પિટલ તંત્ર જાગો, થેલેસેમિક બાળકોની મદદ કરો'' જેવા નારા લગાવવામાં આવ્યા હતા. તેમનો આક્ષેપ હતો કે થેલેસેમીયા પીડિત બાળકો માટે બ્લડ ડોનેશન કેમ્પ તો યોજાય છે પરંતુ અમ્બબ્લડ આપવામાં આવતું નથી. બ્લડ ચઢાવવા માટેનું મશીન કામ ન કરતું હોવાથી બાળકોને ગંભીર સાઈડ ઈફેક્ટ આવે છે

અને ડેસ્પરાલ ઈન્જેકશન તેમજ કેલ્ફર દવા લાંબા સમયથી ઉપલબ્ધ નથી. સિવિલ હોસ્પિટલમાં થીમસેમીયા દર્દીઓના નામે બ્લડ ડોનેશન કેમ્પ થાય છે અને તેમાં ૩૦૦ થી ૪૦૦ બોટલ આવે છે પરંતુ થેલેસેમીયા પીડિત બાળકોને એક પણ બોટલ મળતી નથી. બ્લડ ડોનેટ કરી છે તો જ થેલેસેમીયા પીડિત બાળકોને મળે છે. ઉપરાંત બ્લડ ચઢાવવા માટેનું ન્ઈ મશીન પણ વર્ક કરતું નથી. જેને લીધે થેલેસેમીયા પીડિત બાળકોને માથું દુખવા અને કળતર જેવી સાઈડ ઈફેક્ટ થાય છે. ઉપરાંત ડેસ્પરાલ ઈન્જેકશન ૩ થી ૬ વર્ષથી મળી રહ્યા નથી. જ્યારે કેલ્ફર દવા પણ મળી રહી નથી. જેના માટે જ અમે રજૂઆત કરવા આવ્યા છીએ.

સિવિલ થેલેસેમિયા એસોસિએશનના બાળકો, થેલેસેમિયા મેજર બાળકો તેમના પરિવાર અને બડા બજરંગ ફાઉન્ડેશન કલેક્ટરને દુખભરી રજૂઆત કરવા આવ્યા છીએ. રાજકોટમાં સૌરાષ્ટ્ર આખાના ગણીએ તો ૭૫૦ બાળકો છે પરંતુ સિવિલ હોસ્પિટલમાં આશરે ૫૦૦ જેટલા થેલેસેમિયા મેજર બાળકો ટ્રીટમેન્ટ મેળવે છે. હવે આ બાળકોને ઘણા સમયથી કેલ્ફર દવા મળતી નથી. જે બ્લડ સાથે સાથે વધારાનું ઓગળવા માટે લોહિયામાં જમા થયું હતું એને ઓગળવા માટેની દવા છે. જે કેલ્ફર દવા મહિનાઓથી બાળકોને નથી મળી અને તેથી બાળકોની તબિયત દિવસે ને દિવસે ખરાબ થતી જાય છે. આ ફેરીટીન ઓગાળવા માટેના જે ઈન્જેકશન આવે ડેસફેરાલ એ ઈન્જેકશન તો લગભગ છેલ્લા બે વર્ષથી સિવિલમાં આવ્યા જ નથી.

# રાજકોટ જિલ્લામાં તાલીમ પૂર્ણ થાય તે પહેલા જ ૬૦ નવનિયુક્ત તલાટીઓને ભૂમિ સીમાંકન કામગીરી સોંપાઈ

## જમીન માપણી અને સીમાંકનની કામગીરીને વેગ આપવા માટે કામગીરી ફાળવાઈ

રાજકોટ,

રાજકોટ જિલ્લામાં તાજેતરમાં જ નિમણૂક પામેલા ૮૨ નવિયુક્ત તલાટી કમ મંત્રીઓની નિયમિત પાયાની તાલીમ હજુ પૂર્ણ થઈ નથી, પરંતુ તે પહેલાં જ જિલ્લા તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જમીન માપણી અને સીમાંકનની કામગીરીને વેગ આપવા માટે આ ૮૨ પૈકીના ૬૦ તલાટીઓને તાત્કાલિક અસરથી વિશેષ કામગીરીમાં ફાળવી દેવામાં આવ્યા છે.

જમીન સીમાંકનની આ કામગીરી માટે પસંદ કરાયેલા ૬૦ તલાટીઓને રાજકોટ જિલ્લાના ત્રણ મહત્વના અને જરૂરિયાતવાળા તાલુકાઓમાં સમાન ધોરણે વહેંચવામાં આવ્યા છે. જેમાં પડધરી, લોધિકા અને કોટડાસાંગાણી તાલુકામાંથી પ્રત્યેકમાં ૨૦-૨૦ તલાટીઓને જવાબદારી સોંપવામાં આવી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, નવા નિમાયેલા આ કર્મચારીઓ હાલ પોતાની પાયાની તાલીમ મેળવી રહ્યા હતા, પરંતુ મહેસૂલી અને જમીન સીમાંકનની કામગીરીનું ભારણ ઘટાડવા માટે તેમને પુસ્તકીય જ્ઞાનની સાથે-સાથે સ્થળ પર જ પ્રાયોગિક તાલીમ (ઓન-ફીલ્ડ ટ્રેનિંગ) પણ મળી રહે તે હેતુથી આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

જિલ્લા તંત્રના આ પગલાથી પડધરી, લોધિકા અને કોટડાસાંગાણી વિસ્તારના ગ્રામ્ય અરજદારોના જમીન માપણી અને સીમાંકનને લગતા લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોનો ઝડપી નિકાલ આવશે તેવી પ્રબળ શક્યતા સેવાઈ રહી છે. ગામડાઓમાં જમીનને લગતા વિવાદોનો અંત લાવવા અને સીમાંકનની કામગીરી સમયસર પૂર્ણ થાય તે માટે તંત્ર દ્વારા આ સરાહનીય પગલું ભરવામાં આવ્યું છે.

# રાજકોટ જિલ્લામાં આગામી સપ્તાહથી 'હર ઘર તિરંગા' અભિયાન

## સ્વતંત્ર પર્વની ઉજવણીના ભાગરૂપેથી હર ઘર તિરંગા અભિયાનનું આયોજન : કલેકટર

રાજકોટ,

સ્વતંત્ર પર્વની ઉજવણીના ભાગરૂપે આગામી સપ્તાહથી હર ઘર તિરંગા અભિયાનનું આયોજન કરવામાં આવશે. ત્યારે આ વર્ષે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ગોંડલ અને શહેર કક્ષાનો કાર્યક્રમ રાજકોટની ચૌધરી હાઈસ્કૂલમાં યોજાશે. જેને લઈને કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષ સ્થાને મહત્વપૂર્ણ મિટિંગનું આયોજન કરવામાં આવેલ



આગામી ૧૫ ઓગસ્ટના સ્વતંત્ર પર્વ દિવસ નિમિત્તે દર વર્ષની જેમ આ વખતે પણ રાજયમાં હર ઘર તિરંગાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના અનુસંધાને રાજકોટ જિલ્લામાં પણ આગામી સપ્તાહથી દરેક તાલુકા સહિત સમગ્ર ગ્રામ્ય વિસ્તારના દરેક મકાનો ઉપર તિરંગો લહેરાય અને સ્વતંત્ર પર્વની ઉજવણી સારી રીતે થાય તે દિશામાં રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રયાસ શરૂ કરવામાં આવ્યા છે. જેના અનુસંધાને મહત્વની વીડિયો કોન્ફરન્સ તમામ જિલ્લાઓમાં મળવાની છે. તેમાં દેશ ભક્તિને ધ્યાનમાં રાખીને તેમજ સ્વતંત્ર પર્વની ઉજવણી અંતર્ગત જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવા બાબતે સમીક્ષા હાથ ધરવામાં આવશે.

રાજકોટ જિલ્લા કક્ષાની સ્વાતંત્ર પર્વની ઉજવણી આ વખતે ગોંડલ ખાતે યોજાનાર છે.
જેમાં પ્રભારી મંત્રી જીતુ વાઘાણીના હસ્તે ધ્વજ વંદન કાર્યક્રમ યોજવામાં આવશે. સાથોસાથ શહેરના ચૌધરી હાઈસ્કૂલમાં નિવાસી અધિક કલેક્ટર જે.એચ. બારોટના હસ્તે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાશે. જેમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ સ્વતંત્ર પરિવારોના વારસદારોને સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવશે.

# રાજકોટ ડિવિઝનમાં ડિવિઝનલ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

રાજકોટ,

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ડિવિઝનલ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિની બેઠકનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકની શરૂઆતમાં સમિતિના સચિવ અને સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાએ તમામ સભ્યોનું સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ સમિતિના અધ્યક્ષ અને રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાએ ડિવિઝનની પ્રમુખ સિદ્ધિઓ તથા પૂરી પાડવામાં આવી રહેલી પેસેન્જર સુવિધાઓ અંગે સભ્યો ને વિગતવાર માહિતી આપી હતી.





બેઠક દરમિયાન સમિતિના સભ્યો દ્વારા પોતપોતાના ક્ષેત્રોને લગતી રેલવેની સમસ્યાઓ, નવી ટ્રેનોનું સંચાલન, ટ્રેનોના સ્ટોપેજમાં વધારો, ટ્રેનોના વિસ્તરણ, ડબલ ટ્રેક સહિત વિવિધ રેલ પ્રોજેક્સે ઝડપથી પૂર્ણ કરવા તથા ડિવિઝનના સ્ટેશનો પર વધુ સારી મુસાફર સુવિધાઓ પૂરી પાડવા માટે પોતાના અમૂલ્ય સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા.

ડિવિઝનલ રેલવે મેનેજર પ્રબંધક શ્રી ગિરિરાજ કુમાર મીનાએ સભ્યો દ્વારા આપવામાં આવેલા તમામ સૂચનો પર ઝડપી અને યોગ્ય કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું હતું.

આ પ્રસંગે સમિતિના સભ્યોમાં સવશ્રી પાર્થિવકુમાર ગણાત્રા, પૂજા વઘાસિયા, અમતલાલ વાઢેર, દીપકભાઈ રવાણી, ડૉ. મયંક ઠક્કર, પ્રદીપ મહેતા, યોગેશ મિશ્રા, નરેન્દ્ર પંચાણી, દિલીપસિંહ પરમાર, પ્રવીણ ત્રિવેદી, કિરીટ કુમાર ત્રિવેદી અને સુધીર વછરાજાની ઉપસ્થિત રહ્યા હતા.બેઠક દરમિયાન રાજકોટ ડિવિઝનના અપર ડિવિઝનલ રેલ પ્રબંધક બ્રિજેશ કુમાર સિંહ સહિત વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં બાર એસોસિએશન દ્વારા વકીલોને વૃક્ષોના રોપાનું વિતરણ

રાજકોટ,

પ્રકૃતિનું જતન એ જ માનવજીવનના સુરક્ષિત ભવિષ્યની સાચી મૂડી છે. વૃક્ષો વિના પૃથ્વી પર જીવનની કલ્પના જ અશકય છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી શરૂ થયેલા એક પેડ મા કે નામ અભિયાનના ગુજરાતમાં હરિયાળી ક્રાંતિનો નવો અધ્યાય શરૂ થવા જઈ રહ્યો છે. રાજકોટ બાર એસોસિએશન અને મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના એક પેડ મા કે નામના સમર્થનમાં રાજકોટના ધારાસભ્ય? દર્શિતાબેન શાહ, મેયર નેહલભાઈ શુક્લાના વરદ હસ્તે વૃક્ષોનો વિતરણ કરવામાં




આવેલ હતું. આ તકે મોટી સંખ્યામાં વકીલ ભાઈ બહેનો ઉપસ્થિત રહા હતા.

બાર એસોસિયેશનના પ્રમુખ સુમિત વોરા, ઉપપ્રમુખ એસકે જાડેજા સેક્રેટરી નિલેશભાઈ પટેલ, લાઈબ્રેરી સેક્રેટરી કેતનભાઈ મંડ , ટ્રેઝર પ્રગતિબેન માકડીયા, કારોબારી મેમ્બર સંજયભાઈ ડાંગર, વિજયભાઈ રૈયાણી, મીનલબેન સોનપાલ, કલ્પેશ સાકરીયા, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના મેમ્બર દિલીપ પટેલ, બારના પૂર્વ પ્રમુખ પરેશભાઈ મારુ, રેવન્યુ બારના રમેશભાઈ કથીરિયા, વિજયભાઈ તોગડિયા, ક્લેઈમ બારના રાજેશ મહેતા, કપિલ શુક્લા , મહિલા બારન બિનલબેન રવેચીયા, મહેશ્વરી બેન ચૌહાણ, ધારા મૂળચ્છા, દક્ષાબેન બોખાણી સ્મિતાબેન અત્રિ, એકતા જોશી, ક્રિમીનલ બાર એસોસિએશનના હિતુભ જાડેજા, એજીપી સમીરભાઈ ખેરા, પરાગભાઈ શાહ, દિલીપભાઈ મહેતા સહિતન મોટી સંખ્યામાં વકીલો ઉપસ્થિત રહયા હતા

# રાજકોટ જિલ્લા પંચાયતની ગ્રાન્ટમાંથી ગૌરીદડમાં કોઝ-વે કામનું ખાતમૂર્હુત

રાજકોટ,

રાજકોટ જિલ્લા પંચાયત સ્વ. ભંડોળની ૫.૦૦ લાખની ગ્રાન્ટમાથી રાજકોટ તાલુકાના ગવરીદડ ગામે બિલેશ્વર જવાના રસ્તે? જયુભા જાડેજા તથા દિલિપભાઈ કમાણી ની વાડી પાસે કોજવેનું તથા સ્વ. ભંડોળની ગ્રાન્ટ માથી ૨.૫૦ લાખ ના ખર્ચે રમેશભાઈ રાજાભાઈ અજાણીની વાડી પાસે કોજવેનું કામ એમ કુલ બંને મળીને રકમ ૭.૫૦ લાખના ખર્ચે રકમ ફાળવીને ખાતમૂર્હત કરવામાં આવ્યું .



આ ખાતમૂર્હત પ્રસંગે રાજકોટ જિલ્લા પંચાયત બેડી-૩ સીટના સભ્ય પ્રતિનિધિ રાજેશભાઈ ચાવડા(રાજાભાઈ), ગવરીદડ ગામના સરપંચ પ્રતિનિધિ મનીષભાઈ અજાણી, ગવરીદડ ગામના ઉપ સરપંચ ભરતભાઈ, રાજકોટ તાલુકા યુવા ભાજપના મહામંત્રી ધનરાજભાઈ ડોડીયા, રાજકોટ તાલુકા પંચાયત સભ્ય પ્રતિનિધિ ધનરાજભાઈ રાઠોડ, રાજકોટ તાલુકા ભાજપાના પ્રમુખ કેયૂરભાઈ ઢોલરીયા, રાજકોટ તાલુકા ભાજપના અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ સુરેશભાઈ મકવાણા, રાજકોટ તાલુકા ભાજપ અનુજા મોરચોના મહામંત્રી મિતભાઈ ગોહિલ, અજયભાઈ સાગઠિયા મંત્રી રાજકોટ તાલુકા ભાજપ અનુજા મોરચો, કેશુભાઈ, પાર્થભાઈ, ધીરૂભાઈ, હસુભાઈ, રામજીભાઈ, વીરજીભાઈ, બ્રિજેશભાઈ, કિશોરભાઈ, અજયભાઈ સાગઠીયા, દિલિપભાઈ, બશીરભાઈ, રમેશભાઈ, વિજયભાઈ, અશોકભાઈ, મેપાભાઈ, દર્શકભાઈ, વસંતભાઈ તથા આગેવાનો ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# તેરા તુજકો અર્પણ :લોધીકા પોલીસે ઠગાઈ-ચોરીમાં ગયેલ મુદ્દામાલ ભોગ બનનારને પરત કર્યો





રાજકોટ,

રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરની રાહબારી હેઠળ તથા ગોંડલ વિભાગના નાયબ પોલીસ અધીક્ષકશ્રી કે.જી.ઝાલોની સુચના મુજબ ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ હેઠળ''

લોધીકા પોલીસ સ્ટેશન ઈ/ચા પો.ઈન્સ આઈ.એમ. સરવૈયાનાઓના અથાગ પ્રયત્નોથી લોધીકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાંદલી ગામે થયેલ લુંટના બનાવ બાદ અત્રે પો.સ્ટે ગુન્હો રજીસ્ટર કરેલ બાદમાં આ ગુન્હો આયરનાર ચાર ઈસમોને ગણતરીની કલાકમાં શોધી આ લુંટમાં ગયેલ મુળ માલીકની રોકડ રૂપીયા-૯૦,૦૦૦/- તથા લોધીકા પો.સ્ટેં વિસ્તારમાંના મેંગણી ગામની સીમમાં ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાંથી થયેલ રાત્રીના ઘરફોડ ચોરી કરનાર બન્ને ઈસમોને ગણતરીની કલાકમાં શોધીને ઘરફોડમાં ગયેલ.

મુદ્દામાલને રીકવરી કરી આ કામે ભોગ બનનારના રૂ.૩૭,૦૦૦/-ના કુલ મોબાઈલ ફોન નંગ-૦૩ એમ બન્ને ગુન્હાઓમાં ગયેલ કુલ રૂ.૧,૨૭,૦૦૦/- નો મુદ્દામાલ પોર્ટલ તથા ટેકનીકલ સોર્સીસથી, સીસીટીવી સર્વેલન્સ તથા ટેકનીકલ સોર્સથી શોધી મુળ માલીકને સુપ્રત કરવાની કાર્યવાહી કરેલ છે.
આ કામગીરી લોધીકાના અભયભાઈ લાલજીભાઈ તથા મહિલા પો.હેડ.કોન્સ કિર્તીબેન રમેશભાઈ. સહિતના સ્ટાફે કરી હતી.

# ૧૬ ઓગસ્ટે અમદાવાદ—ઓખા વંદે ભારત એક્સપ્રેસ રદ રહેશે

રાજકોટ:યાત્રીઓની સુવિધા માટે જણાવવામાં આવે છે કે ઓપરેશનલ કારણોસર ટ્રેન નંબર ૨૨૯૨૫ અમદાવાદ—ઓખા વંદે ભારત એક્સપ્રેસ, જે ૧૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ અમદાવાદથી ઉપડવાની છે, તે સંપૂર્ણપણે રદ રહેશે.

# શનિવારે રાજકોટમાં નિઃશૂલ્ક સર્વરોગ નિદાન કેમ્પ

રાજકોટ, સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પી:ટલ, શ્રી સાગર એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ તથા સી.જે.ગ્રુપ રાજકોટ દ્વારા નિઃશૂલ્ક સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પ વિદ્યાસાગર શ્રી વિદ્યાસાગર પ્રાયમરી સ્કૂલ (ઈન્દીરાનગર, આર.એમ.સી. કર્વાટર પાસે મોબાઈલ ટાવર સામે, શાંતિનગર ટેનામેન્ટ રોડ રૈયાધાર) ખાતે તા. શનિવાર સવારે ૯ થી ૧૨ સુધી યોજાશે.

# રાજકોટ બાલભવન દ્વારા ગુરુવંદના સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

રાજકોટ,

બાલભવન રાજકોટમાં બાલસભ્યો દ્વારા જુદી જુદી કૃતિઓ રજૂ કરી 'ગુરુવંદના સાંસ્કૃતિક કાર્યક્રમ' ઉજવવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં બાળકોએ કુંકુ તિલક કરી ગુરુઓનું અભિવાદન કરેલ. કથક નૃત્યના બાળકો, ફોક ડાન્સ અને વેસ્ટર્ન ડાન્સ, તબલા વિભાગ, કરાટે વિભાગ, સ્કેટીંગ, જીમનાસ્ટિકના બાળકોએ પોતાની કૃતિઓ રજૂ કરી પ્રેક્ષકો અને વાલીઓને મંત્રમુગ્ધ કરેલ. હિતાર્થ પંડ્યા ગુરુવંદના શ્લોક અને બાલસભ્યોએ ગુરુવંદના વિશે પોતાનું વક્તવ્ય રજૂ કરેલ.

# રાજકોટ ગ્રામ્ય જિલ્લા કક્ષાની શાળાકીય સોફ્ટબોલ સ્પર્ધામાં ગોંડલની ગંગોત્રી સ્કૂલનું ઝળહળતું પ્રદર્શન



ગોંડલ,

રાજકોટ ગ્રામ્ય જિલ્લા કક્ષાની શાળકીય સોફ્ટબોલ સ્પર્ધામાં ગંગોત્રી સ્કૂલ, ગોંડલના વિદ્યાર્થીઓએ ઉત્કષ્ટ રમત કૌશલ્ય દાખવી સમગ્ર જિલ્લામાં સ્કૂલનું નામ રોશન કર્યું છે. સ્પર્ધામાં ગંગોત્રી સ્કૂલ, ગોંડલની અંડર -૧૪ (ભાઈઓ) ની ટીમે પ્રથમ સ્થાન તથા અંડર -૧૯ (ભાઈઓ) ની ટીમે પ્રથમ સ્થાન મેળવી જિલ્લા કક્ષાએ વિજેતા પદ હાસિલ કર્યું છે. આ ઉપરાંત અંડર -૧૭ (ભાઈઓ) ની ટીમે પણ પ્રભાવશાળી રમત રમીને દ્વિતીય સ્થાપન પ્રાપ્ત કર્યું છે.

વિદ્યાર્થીઓની આ ઝળહળતી અને ગૌરવવંતી સફળતા બદલ ગંગોત્રી ગ્રુપ ઓફ સ્કૂલના ફાઉન્ડર અને ચેરમેન સંદીપ છોટાળા અને પ્રિન્સિપાલ કિરણબેન છોટાળાએ તેમજ સમગ્ર સ્ટાફ પરિવારે વિજેતા ખેલાડીઓ અને તેમને તાલીમ આપનાર કોચ શૈલેષ ભટ્ટને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે તેમજ આગામી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે શુભકામનાઓ પાઠવી છે

# મોહન ભાગવત અમેરિકા અને કેનેડાની મુલાકાતે જશે, RSSના વૈશ્વિક સંપર્કના ભાગ રૂપે ન્યુ યોર્કમાં કાર્યક્રમ

## ભારતના લોકોએ કાળજીપૂર્વક વિચાર કર્યા વિના વિદેશી જીવનશૈલી અપનાવવાને બદલે દેશના સાંસ્કૃતિક મૂલ્યો અને પરંપરાઓ અનુસાર જીવવું જોઈએ : મોહન ભાગવત



નવી દિલ્હી,
રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના વડા મોહન ભાગવત ઓગસ્ટના છેલ્લા અઠવાડિયામાં સંગઠનના શતાબ્દી વર્ષ વૈશ્વિક આઉટરીચ કાર્યક્રમના ભાગ રૂપે યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડાની મુલાકાત લેવાના છે, સૂત્રોના જણાવ્યા અનુસાર.

આ મુલાકાત RSS ના "સંપર્ક અભિયાન" (આઉટરીચ અભિયાન) નો એક ભાગ છે, જે તેના ૧૦૦મા વર્ષ નિમિત્તે શરૂ કરવામાં આવ્યું છે. આ પહેલ હેઠળ, સંગઠન ભારતીય ડાયસ્પોરા તેમજ આંતરરાષ્ટ્રીય સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ સાથે જોડાણને વધુ ગાઢ બનાવવાની યોજના ધરાવે છે.

યુનાઈટેડ સ્ટેટ્સની તેમની મુલાકાત દરમિયાન, ભાગવત ૨૯ ઓગસ્ટના રોજ ન્યૂ યોર્કના મેનહટનમાં "એકતા ઉજવણી" કાર્યક્રમને સંબોધિત કરે તેવી અપેક્ષા છે. આ કાર્યક્રમ યુએસ અને કેનેડામાં ભારતીય મૂળના સમુદાય, સંશોધન સંગઠનો, સામાજિક જૂથો અને સાંસ્કૃતિક સંસ્થાઓના સભ્યોના આમંત્રણ પર આયોજિત કરવામાં આવી રહ્યો છે.RSS ના સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાગવતનું ભાષણ એકબીજા સાથે જોડાયેલા રહેવા, સામાજિક સંવાદિતા, સાર્વત્રિક ભાઈચારો અને એકતાના વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરશે. યુએસ મુલાકાત તેના શતાબ્દી વર્ષ દરમિયાન સંઘના વૈશ્વિક આઉટરીચ પ્રયાસોનો મુખ્ય ઘટક બનવાની અપેક્ષા છે.અમેરિકામાં પોતાના કાર્યક્રમો પૂર્ણ કર્યા પછી, ભાગવત કેનેડા જાય તેવી શક્યતા છે. જો આ મુલાકાત યોજના મુજબ થશે, તો RSS વડા તરીકે આ તેમની પહેલી મુલાકાત હશે. સૂત્રોએ એવો પણ સંકેત આપ્યો છે કે તેઓ કેનેડા પ્રવાસ પૂર્ણ કર્યા પછી યુનાઈટેડ કિંગડમનો પ્રવાસ કરી શકે છે.

# બાયોગેસ ક્ષેત્રને પ્રોત્સાહન અને ખેડૂતોને સશક્ત બનાવવા કેન્દ્રની ૨૩,૭૩૧ કરોડની યોજના

નવી દિલ્હી,
બાયોગેસ ક્ષેત્રને મજબૂત બનાવવા અને ખેડૂતોને સશક્ત બનાવવાના પ્રયાસમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ગુરુવારે 'ગોબરધન' - રાષ્ટ્રીય પરિપત્ર બાયોએનર્જી યોજના - ને મંજૂરી આપી, જેનો કુલ ખર્ચ રૂ. ૨૩,૭૩૧ કરોડ છે.

આ યોજના નાણાકીય વર્ષ ૨૭ થી નાણાકીય વર્ષ ૨૦૧૭ સુધી લાગુ કરવામાં આવશે અને ભારતના ભાવિ ઉર્જા મિશ્રણના મુખ્ય સ્તંભ તરીકે સંકુચિત બાયોગેસ સ્થાપિત કરશે. તેનો ઉદ્દેશ્ય સ્થાનિક સંકુચિત બાયોગેસ (ઝમ્ ્ય) ઉત્પાદનમાં લગભગ ૧૦ ગણો વધારો કરવાનો, મોટા પાયે ખાનગી રોકાણ એકત્રિત કરવાનો અને દેશભરમાં એક ગતિશીલ પરિપત્ર બાયોએકોનોમી બનાવવાનો છે.મંત્રીમંડળના જણાવ્યા અનુસાર, 'ગોબરધન' ઉત્પાદકો માટે વિશ્વસનીય અને અનુમાનિત બજાર પૂરું પાડવા માટે સમર્પિત 'ઝમ્ ્ય ઓફટેક એશ્યોરન્સ' માળખું સ્થાપિત કરે છે.

શહેર ગેસ વિતરણ સંસ્થાઓ દ્વારા પ્રાપ્તિ નાણાકીય વર્ષ ૨૦૧૭ માં ૩ ટકા, નાણાકીય વર્ષ ૨૦૧૮ માં ૪ ટકા અને નાણાકીય વર્ષ ૨૦૧૯ થી ઝદ્વ્ ્ય (પરિવહન) અને દ્વ્ ્ય (ઘરેલું) સેગમેન્ટમાં ૫ ટકાના સૂચિત ઝમ્ ્ય જવાબદારી માર્ગને પ્રાપ્ત કરવામાં સહાય કરશે.આ માળખું મિશ્રણ જવાબદારીને ઉદ્યોગ માટે સ્પષ્ટ, લાંબા ગાળાની માંગ સંકેતમાં રૂપાંતરિત કરે છે. એક સત્તાવાર નિવેદન અનુસાર, ઝમ્ ્ઢ નેટવર્ક્સમાં સતત અમલીકરણ પ્રોજેક્ટ બેંકિબિલિટીમાં સુધારો કરશે, ક્ષમતાના ઉપયોગને ટેકો આપશે અને લાંબા ગાળાના ખાનગી રોકાણને પ્રોત્સાહન આપશે.વધુમાં, આ યોજના પ્રતિ મેટ્રિક મિલિયન બ્રિટિશ થર્મલ યુનિટ (સ્સ્ૈ) રૂ. ૨,૧૧૦ ની સ્થિર સંચાલિત ઝમ્ ્ય કિંમત રજૂ કરે છે, જે ગ્રાહક પોષણક્ષમતાનું રક્ષણ કરતી વખતે લાંબા ગાળાની આવક દશ્યતા પ્રદાન કરવા માટે સરકાર-સમર્થિત કિંમત માળખા દ્વારા સમર્થિત છે."ઓછામાં ઓછા ૧૦-વર્ષના ક્ષિતિજ સાથે, કિંમત માળખું ઉત્પાદકોને ટકાઉ આવક નિશ્ચિતતા, વ્યાપારી રીતે આકર્ષક વળતર અને રોકાણ અને ક્ષમતા વિસ્તરણ માટે મજબૂત વ્યવસાય કેસ પ્રદાન કરશે," નિવેદનમાં નોંધવામાં આવ્યું છે.

# ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટી સરકારના ૨૦૧૬ના મદરેસા પગાર બિલને ઔપચારિક રીતે પાછું ખેંચાશે

## બિલની કેટલીક જોગવાઈઓ સમાનતાના બંધારણીય સિદ્ધાંત સાથે વિરોધાભાસી હોવાનો મત

લખનૌ,
ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથ સરકારે સમાજવાદી પાર્ટી સરકારના ૨૦૧૬ના મદરેસા પગાર બિલને ઔપચારિક રીતે પાછું ખેંચવાનો નિર્ણય લીધો છે. સરકારનો દાવો છે કે તેની કેટલીક જોગવાઈઓ સમાનતાના બંધારણીય સિદ્ધાંત સાથે વિરોધાભાસી છે.

ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથ સરકારે સમાજવાદી પાર્ટી સરકારના કાર્યકાળ દરમિયાન ૨૦૧૬માં પસાર કરાયેલ ઉત્તર પ્રદેશ મદરેસા (શિક્ષકો અને અન્ય કર્મચારીઓને પગારની ચુકવણી) બિલ પાછું ખેંચવાનો નિર્ણય લીધો છે. વિધાનસભા અને વિધાનસભા પરિષદમાં પસાર થવા છતાં, આ બિલ ક્યારેય કાયદો બન્યું નહીં કારણ કે તત્કાલીન રાજ્યપાલે બંધારણીય વાંધાઓને ટાંકીને તેને રાષ્ટ્રપતિના વિચારણા માટે અનામત રાખ્યું હતું. હવે, યોગી સરકારે આ બિલને કાયદામાં ફેરવવાની બધી આશાઓ ખતમ કરી દીધી છે, અને દાવો કર્યો છે કે તે સમાનતાના બંધારણીય સિદ્ધાંતનું ઉલ્લંઘન કરે છે.

૨૦૧૬ માં, તત્કાલીન સમાજવાદી પાર્ટી સરકારે મદરેસા શિક્ષકો અને કર્મચારીઓને પગાર ચૂકવવા અંગે વિધાનસભામાં એક બિલ પસાર કર્યું હતું. સરકારનો જણાવેલ ઉદ્દેશ્ય મદરેસા કર્મચારીઓના પગાર માટે એક અલગ કાનૂની વ્યવસ્થા બનાવવાનો હતો. જો કે, તે સમયે બિલની કેટલીક જોગવાઈઓ અંગે બંધારણીય પ્રશ્નો ઉભા થયા હતા.

બિલમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે જો મદરેસા શિક્ષકો અને કર્મચારીઓને સમયસર પગાર નહીં મળે, તો જવાબદાર અધિકારીઓ સામે ફોજદારી આરોપો દાખલ કરવામાં આવશે. અન્ય જોગવાઈઓ પણ હતી જે સ્પષ્ટપણે મુસ્લિમ તુષ્ટિકરણની તરફેણમાં સમાનતાના બંધારણીય સિદ્ધાંતને અવગણતી દેખાતી હતી.

એવા પણ આરોપો હતા કે કર્મચારીઓની અમુક શ્રેણીઓને સામાન્ય કાનૂની પ્રક્રિયાથી અલગ રક્ષણ મળ્યું હતું. આ જ કારણ છે કે તે સમયે વિપક્ષ અને કાનૂની નિષ્ણાતોએ વાંધો ઉઠાવ્યો હતો.

ગૃહમાં પસાર થયા પછી, બિલ રાજ્યપાલ પાસે પહોંચ્યું, પરંતુ તેમણે તેને મંજૂરી આપી ન હતી. બાદમાં તેને રાષ્ટ્રપતિના વિચાર માટે અનામત રાખવામાં આવ્યું હતું.

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડીપફેકના ફેલાવાને રોકવા માટે સરકારે કડક નિયમો અમલી બનાવ્યા

## સરકારે કોર્ટના આદેશ, સરકારી નિર્દેશ પછી ગેરકાયદેસર સામગ્રી દૂર કરવાની સમયમર્યાદા ૩૬ કલાકથી ઘટાડીને ૩ કલાક કરી

નવી દિલ્હી,
વપરાશકર્તાઓ માટે ખુલ્લું, સલામત, વિશ્વસનીય અને જવાબદાર સાયબરસ્પેસ સુનિશ્ચિત કરવા માટે, કેન્દ્ર સરકારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા જનરેટ કરાયેલ સામગ્રીને રોકવા માટે નિયમનકારી માળખાને મજબૂત બનાવ્યું છે, જેમાં છૈં-જનરેટ કરેલ ઑડિઓ, વિડિઓ અને ટેક્સ્ટ સહિત ડીપફેકના ફેલાવાને રોકવા માટે કડક નિયમો રજૂ કરવામાં આવ્યા છે.

સુધારેલા માહિતી ટેકનોલોજી (IT) નિયમો હેઠળ, AI-જનરેટ કરેલ સામગ્રીમાં હવે સ્પષ્ટ લેબલ અને ટ્રેસેબલ મેટાડેટા હોવા જોઈએ જેથી વપરાશકર્તાઓને હેરફેર કરેલ અથવા કૃત્રિમ સામગ્રી ઓળખવામાં મદદ મળે.

સરકારે કોર્ટના આદેશ અથવા સરકારી નિર્દેશ પછી ગેરકાયદેસર સામગ્રી દૂર કરવાની સમયમર્યાદા ૩૬ કલાકથી ઘટાડીને ૩ કલાક કરી છે. સુધારેલા માળખામાં ફરિયાદ નિવારણ સમયમર્યાદા પણ ટૂંકી કરવામાં આવી છે. નગ્નતા, ઢોંગ અને અન્ય હાનિકારક AI-જનરેટ કરેલ સામગ્રી જેવા સંવેદનશીલ મુદ્દાઓને લગતી ફરિયાદોનું નિરાકરણ હવે પહેલાની ૨૪ કલાકની સમયમર્યાદાની તુલનામાં બે કલાકની અંદર કરવું આવશ્યક છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને ડીપફેક અને ગેરકાયદેસર AI-જનરેટ કરેલ સામગ્રીના અન્ય સ્વરૂપોને શોધવા, ફ્લેગ કરવા અને અટકાવવા માટે સ્વચાલિત તકનીકી પગલાં અપનાવવાની જરૂર પડશે.

સરકારે ચેતવણી આપી છે કે નવા નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ રહેનારા પ્લેટફોર્મ માહિતી ટેકનોલોજી કાયદા હેઠળ ઉપલબ્ધ "સેફ હાર્બર" સુરક્ષા ગુમાવી શકે છે. અગાઉ, ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ, સરકારે IT નિયમો, ૨૦૨૧ માં સુધારો કરીને નિયમનકારી માળખાને મજબૂત બનાવ્યું હતું, જેથી કૃત્રિમ રીતે જનરેટ કરેલી માહિતી (SGI), જેમાં ડીપફેક્સ અને છૈં-જનરેટ કરેલી સામગ્રીનો સમાવેશ થાય છે, તેનાથી થતા નુકસાનને દૂર કરી શકાય.

# દિલ્હીના દરેક પોલીસ સ્ટેશનોમાં સેનિટરી પેડ વેન્ડિંગ મશીનોનો સર્વે કરવામાં આવશે

## હાઈકોર્ટે ૬ અઠવાડિયામાં સર્વે પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો

નવીદિલ્હી,
દિલ્હી હાઈકોર્ટે રાષ્ટ્રીય રાજધાનીના તમામ પોલીસ સ્ટેશનોમાં મહિલા પોલીસ કર્મચારીઓ માટે ઉપલબ્ધતા અને સ્વચ્છતા સુવિધાઓનો સતત અભાવ હોવાનો આરોપ લગાવતી અરજી પર દિલ્હી પોલીસને નોટિસ ફટકારી છે. હાઈકોર્ટે ત્યાં તૈનાત મહિલા પોલીસ કર્મચારીઓ માટે ઉપલબ્ધતા અને સ્વચ્છતા સુવિધાઓનો સતત અભાવ હોવાનો આરોપ લગાવતી અરજી પર દિલ્હી પોલીસને નોટિસ ફટકારી છે.

મામલાનું ગંભીરતા જોતાં, હાઈકોર્ટે દિલ્હી પોલીસ કમિશનરને કડક સૂચનાઓ જારી કરી છે. કોર્ટે આદેશ આપ્યો છે કે દિલ્હીના તમામ પોલીસ સ્ટેશનોનું નિરીક્ષણ કરીને નક્કી કરવામાં આવે કે સેનિટરી પેડ વેન્ડિંગ મશીનોની સંખ્યા કેટલી છે અને તે કાર્યરત છે કે નહીં. હાઈકોર્ટે દિલ્હી પોલીસ કમિશનરને ૬ અઠવાડિયામાં સર્વે પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો છે.

દિલ્હી હાઈકોર્ટે પોલીસ સ્ટેશનોમાં આ સુવિધાઓ પૂરી પાડવા માટે લેવામાં આવનારા યોગ્ય પગલાંની વિગતો આપતો સ્ટેટસ રિપોર્ટ ફાઈલ કરવાનો નિર્દેશ આપ્યો છે. દિલ્હી હાઈકોર્ટમાં આગામી સુનાવણી ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ થશે.

જસ્ટિસ ફોર રાઈટ્સ એસોસિએશન દ્વારા દાખલ કરાયેલી અરજી બાદ કોર્ટે આ સૂચના જારી કરી હતી. અરજીમાં કહેવામાં આવ્યું છે કે પોલીસ સ્ટેશનોમાં મહિલા પોલીસ અધિકારીઓને આવી મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવી બંધારણની કલમ ૨૧ હેઠળ આવશ્યક છે, કારણ કે આ કાર્યસ્થળ પર ગૌરવ, આરોગ્ય, ગોપનીયતા અને માનવીય પરિસ્થિતિઓના અધિકારનો આવશ્યક ભાગ છે.

# મારું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ભારતમાં પ્રતિબંધિત કરવામાં આવ્યું : અરવિંદ કેજરીવાલનો દાવો



નવીદિલ્હી,
આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ગુરુવારે દાવો કર્યો હતો કે તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટને ભારતમાં પ્રતિબંધિત કરવામાં આવ્યું છે. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ મેટાના પગલા પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે સ્પષ્ટતા માંગવાના વારંવાર પ્રયાસો છતાં, કંપની જવાબ આપવામાં નિષ્ફળ ગઈ. કેજરીવાલે એક્સ પર એક વિડિઓ શેર કર્યો અને માહિતી પૂરી પાડી.

એક્સ પરની એક પોસ્ટમાં, કેજરીવાલે માર્ક ઝુકરબર્ગની આગેવાની હેઠળની કંપની દ્વારા તેમના એકાઉન્ટ પર પ્રતિબંધ પર પ્રશ્ન ઉઠાવ્યો. તેમણે મેટા પર કટાક્ષ કરતા કહ્યું કે તેણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ આટલું ન નમવું જોઈએ. કેજરીવાલે એવું પણ સૂચન કર્યું કે આ કાર્યવાહી કેન્દ્ર સરકારના ઈશારે કરવામાં આવી હશે.

તેમની એક્સ પોસ્ટમાં, અરવિંદ કેજરીવાલે સીધા મેટા ઈન્ડિયાને પૂછ્યું કે તેમના એકાઉન્ટ પર પ્રતિબંધ કેમ મૂકવામાં આવ્યો. તેમણે જણાવ્યું કે મેટાના ઈન્ડિયા ઓફિસમાં મૌખિક પૂછપરછમાં જાણવા મળ્યું કે ભારતમાં તેમનું એકાઉન્ટ પ્રતિબંધિત છે.

# કુઆલાલંપુર-કોચી ફ્લાઈટમાં મુસાફરનો ઈમરજન્સી એક્ઝિટ ખોલવાનો પ્રયાસ

## ઈન્ડિગો મુસાફરે હવામાં બે વાર વિમાનનો દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો

કોચી,
કુઆલાલંપુર-કોચી ફ્લાઈટનો ઈમરજન્સી એક્ઝિટ ખોલવાનો પ્રયાસ કરવા, સાથી મુસાફરો અને કેબિન ક્રૂને ધમકાવવા અને ઈમરજન્સી એક્ઝિટના બારીના પેનલને નુકસાન પહોંચાડવાના આરોપમાં એક મુસાફરની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીની ઓળખ જમશીર અથાનિક્કલ તરીકે થઈ છે, જે કુઆલાલંપુરથી કોચી જતી બાટિક એર ફ્લાઈટ OD231માં મુસાફરી કરી રહ્યો હતો.

કોચીન ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડે નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે ગુરુવારે સવારે ૨:૪૦ વાગ્યે ફ્લાઈટ કોચીન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યા પછી, બોર્ડમાં ખલેલને કારણે એક 'અન્યાયી' મુસાફરને પોલીસને સોંપવામાં આવ્યો હતો.

"કેરળના કૂટન્નડના ભારતીય નાગરિક જમશીર અથાનિક્કલે ઉડાન દરમિયાન વિમાનની અંદરની બારીના પેનલને નુકસાન પહોંચાડ્યું હોવાનો આરોપ છે, જેના કારણે સાથી મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. વિમાનમાંથી ઉતર્યા પછી, તેને CISF કર્મચારીઓ દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો અને આગળની કાનૂની કાર્યવાહી માટે નેદુમ્બાસરી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો. સંબંધિત એરલાઈને લાગુ નિયમો અનુસાર જરૂરી કાર્યવાહી શરૂ કરી છે. જરૂરી નિરીક્ષણ અને સમારકામ પછી, વિમાનને કામગીરી માટે મંજૂરી આપવામાં આવી હતી અને ત્યારથી તે તેની પરત સેવા પર રવાના થઈ ગયું છે," તેમાં જણાવાયું છે. એફઆઈઆર મુજબ, આ ઘટના રાત્રે ૯.૩૦ થી ૧૧.૦૫ વાગ્યાની વચ્ચે બની હતી જ્યારે વિમાન ઉડાન દરમિયાન હતું. મુસાફરે કથિત રીતે ઈમરજન્સી એક્ઝિટને બળજબરીથી ખોલવાનો પ્રયાસ કર્યો હતો, તેની બારીના પેનલને નુકસાન પહોંચાડ્યું હતું અને સાથી મુસાફરોને ધમકી આપી હતી, જેનાથી બોર્ડમાં રહેલા દરેકની સલામતી જોખમમાં મુકાઈ હતી.

# બાંગ્લાદેશ ભારત માટે બીજું પાકિસ્તાન બની ગયું શેખ હસીનાના પુત્ર સજીબ વાઝેદની ચેતવણી

## બાંગ્લાદેશમાં જે થઈ રહ્યું છે તે ભારત અને સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય

ઢાકા,
બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાએ એક મહત્વપૂર્ણ સંદેશ આપ્યો. તેમના સંબોધનમાં, તેમણે સંકેત આપ્યો કે તેઓ ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પાછા ફરી શકે છે. શેખ હસીનાએ બાંગ્લાદેશની વર્તમાન પરિસ્થિતિ પર પણ ચિંતા વ્યક્ત કરી. દરમિયાન, શેખ હસીનાના પુત્ર સજીબ વાઝેદે જોયએ બુધવારે દિલ્હીમાં મીડિયા સાથે વર્ચ્યુઅલ વાતચીત પણ કરી. આ દરમિયાન, સજીબ વાઝેદે ભારતને એક મહત્વપૂર્ણ ચેતવણી આપી. તેમણે કહ્યું કે બાંગ્લાદેશ ભારતની પૂર્વ સરહદ પર બીજું પાકિસ્તાન બની ગયું છે. તેમણે આરોપ લગાવ્યો કે ઓગસ્ટ ૨૦૨૪ થી બાંગ્લાદેશમાં રાજકીય હત્યાઓને કાયદેસર ઠેરવવામાં આવી છે, અને બાંગ્લાદેશ એક નિષ્ફળ રાજ્ય બની ગયું છે જ્યાં કાયદો અને વ્યવસ્થાનો અભાવ છે.

મીડિયા સાથે વાત કરતા, શેખ હસીનાના પુત્ર, સજીબ વાઝેદે કહ્યું, "ભારતની સૌથી મોટી ચિંતા એ હોવી જોઈએ કે બાંગ્લાદેશ ભારતના પૂર્વ ક્ષેત્રમાં બીજું પાકિસ્તાન બની ગયું છે. આજે, ભારતની પૂર્વ સરહદ પર બીજું પાકિસ્તાન છે. વિદેશી ગુપ્તચર એજન્સીઓ, ખાસ કરીને જૈં ને બાંગ્લાદેશમાં છૂટ આપવામાં આવી છે. અલ-કાયદાના સભ્યો અહીં જાહેર રેલીઓ કરી રહ્યા છે અને ભાષણો આપી રહ્યા છે. હાલમાં બાંગ્લાદેશમાં જે થઈ રહ્યું છે તે ભારત અને સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય છે. જો આને તાત્કાલિક રોકવામાં નહીં આવે, તો ભવિષ્યમાં સમગ્ર વિશ્વમાં આતંકવાદીઓ બાંગ્લાદેશથી આવશે."

દિલ્હીમાં મીડિયા સાથેની વર્ચ્યુઅલ વાતચીતમાં, શેખ હસીનાના પુત્ર, સજીબ વાઝેદે કહ્યું, "બધાએ જુલાઈ ૨૦૨૪ માં બાંગ્લાદેશમાં થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલા મૃત્યુ વિશે સાંભળ્યું હશે. આ મૃત્યુ અંગે, યુએનએ જણાવ્યું હતું કે મૃત્યુઆંક ૧,૪૦૦ હતો. જોકે, સરકારે કહ્યું હતું કે આ સંખ્યા ૮૦૦ ની નજીક હતી. આ બાકીના ૬૦૦ લોકો કોણ છે? યુએનને તેમના નામ ક્યાંથી મળ્યા? અવમ લીગ અને અમારા વકીલોએ આ પ્રશ્નના જવાબો મેળવવા માટે યુએનને વારંવાર પત્ર લખ્યો છે. જો કે, યુએનએ હજુ સુધી અમને કોઈ નામ આપ્યા નથી. વધુ ચિંતાજનક બાબત એ છે કે યુએનનો ડેટા ફક્ત ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ સુધીના સમયગાળાને આવરી લે છે, જ્યારે બધા જાણે છે કે બાંગ્લાદેશમાં લોકો હજુ પણ મરી રહ્યા છે."

સજીબ વાઝેદે કહ્યું, "બાંગ્લાદેશમાં મુહમ્મદ યુનુસની તત્કાલીન સરકારે એક વટહુકમ પસાર કર્યો હતો જે પાછળથી કાયદો બન્યો. તેને 'ઈન્ડેમ્નિટી બિલ' કહેવામાં આવ્યું. આ બિલ હેઠળ, બધા વિરોધીઓને સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી હતી.

# વિરોધપક્ષે ફક્ત જાહેર અને રાષ્ટ્રીય હિતને લગતા મહત્વપૂર્ણ મુદ્દાઓ ઉઠાવ્યા : મલ્લિકાર્જુન ખડગે

## લોકશાહીમાં વિપક્ષને પણ પોતાના વિચારો વ્યક્ત કરવાનો સંપૂર્ણ અધિકાર હોવો જોઈએ



નવીદિલ્હી,
રાજ્યસભામાં ગુરુવારે થયેલા હોબાળા વચ્ચે વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુની ટિપ્પણીનો જવાબ આપતા કહ્યું કે રિજિજુએ તેમને સંસદીય નિયમો ન શીખવાડવા જોઈએ. ખડગેએ કહ્યું, "શું મારે હવે રિજિજુ પાસેથી નિયમો શીખવા પડશે? મને પણ નિયમો ખબર છે. તમે લોકો પણ સ્પીકરના ચેમ્બરમાં જાઓ અને નિયમો ટાંકો. જો હું મારો પોતાનો વિષય વાંચીને અહીં બોલું નહીં, તો હું શું કરીશ? શું હું તમે મને આપેલો વિષય વાંચીશ? શું બોલવું, ક્યારે બોલવું અને કેવી રીતે બોલવું તે નક્કી કરવાનો મારો અધિકાર છે."

કોંગ્રેસ અધ્યક્ષે નવા ચૂંટાયેલા કોંગ્રેસના સાંસદ પવન ખેરા વિશે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુની ટિપ્પણીઓનો પણ જવાબ આપ્યો. ખડગેએ આરોપ લગાવ્યો કે સરકાર વિપક્ષી સભ્યોનું અપમાન કરી રહી છે. "તમે અમારા સભ્યનું અપમાન કરી રહ્યા છો જાણે તમે બધું જ જાણો છો." વિપક્ષી નેતાએ કહ્યું કે વિપક્ષ ફક્ત દેશને લગતા મહત્વપૂર્ણ મુદ્દાઓ ઉઠાવી રહ્યો છે. તેમની પાર્ટીએ એવા પ્રશ્નો ઉઠાવ્યા છે જે જાહેર અને રાષ્ટ્રીય હિતમાં છે.

ખડગેએ માંગ કરી કે ગૃહમંત્રીએ ગૃહમાં આવીને નિવેદન આપવું જોઈએ. તેમણે કહ્યું, "અમે ઈચ્છીએ છીએ કે સંબંધિત મંત્રી ગૃહમાં આવીને નિવેદન આપે. તે પછી, અમે સંપૂર્ણ ચર્ચા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ." ખડગેના નિવેદન દરમિયાન ગૃહમાં હોબાળો ચાલુ રહ્યો. શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ. ખડગેએ આગળ કહ્યું કે સરકાર વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓનો જવાબ આપવાને બદલે તેમને ટાળવાનો પ્રયાસ કરી રહી છે.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષે કહ્યું કે જો સરકાર પોતાના વિચારો રજૂ કરવા માંગે છે, તો તેણે તેમ કરવું જોઈએ, પરંતુ વિપક્ષને પણ પોતાના વિચારો વ્યક્ત કરવાનો સંપૂર્ણ અધિકાર હોવો જોઈએ.

# ખેડૂતને પ્રેમજાળમાં ફસાવી રૂા.૬.૩૦ લાખ પડાવનાર આફ્રિકન ગેંગ ઝડપાઈ




રાજકોટ : જસદણના ખેડૂતને ફેસબૂકની મદદથી પ્રેમજાળમાં ફસાવી જર્મનીથી ગિફ્ટ મોકલ્યાનું કહી તે છોડાવવા માટે રૂા.૬.૩૦ લાખ પડાવનાર આફ્રિકન દેશની યુવતી સહિત ત્રણ સભ્યોની ટોળકીને રાજકોટ રેન્જની સાયબર ક્રાઈમ પોલીસની ટીમે ઝડપી લઈ પાંચ દિવસના રિમાન્ડ મેળવી તપાસ આગળ ધપાવી છે.

ભોગ બનનાર ખેડૂતના બે વર્ષ પહેલા છુટ્ટાછેડા થઈ ગયા હતા. ગત મે માસમાં મેરી સેમ્યુઅલ નામની મહિલા સાથે ફેસબૂક પર પરિચય થયો હતો. મેરીએ પોતે વિધવા હોવાનું અને એક બાળકની માતા હોવાનું જણાવી લગ્ન કરવા તૈયારી બતાવી વિશ્વાસ સંપાદિત કરી લીધો હતો. એક દિવસ ભોગ બનનાર ખેડૂતને તેની માટે જર્મનીથી મોંઘી ગિફ્ટ્સ મોકલ્યાનું કહ્યું હતું.

ત્યારબાદ ભોગ બનનાર ખેડૂતને દિલ્હી પાર્સલ ઓફિસમાંથી કોલ કરી પાર્સલમાં આઈફોન, ૩૦ હજાર યુરો ડોલર વગેરે હોવાનું જણાવી તે છોડાવવા માટે ચાર્જ ભરવા કહેવાયું હતું. આ રીતે તેની પાસેથી રૂા.૬.૩૦ લાખ પડાવી લેવાયા હતા. જે અંગે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી ઉત્તરપ્રદેશના નોઈડાથી જોસિફિન યા અન્શા (ઉ.વ.૨૮, રહે. ધાના), મેગ્નગેલી ઈમાની ડેનિશ (ઉ.વ.૨૨, રહે. તાન્ઝાનિયા) અને ફિલિપ બેસિસ્ટા જોસેફ વેલેન્ટાઈન (ઉ.વ.૨૩, રહે. સાઉથ સુદાન)ની ધરપકડ કરી હતી.

ત્રણેય આરોપીઓના ટ્રાન્ઝીટ રિમાન્ડ મેળવ્યા બાદ સાયબર ક્રાઈમ પોલીસે જસદણ કોર્ટમાં રજૂ કરી પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. ત્રણેય આરોપીઓ પાસેથી ત્રણ મોબાઈલ ફોન અને તેમના પાસપોર્ટ કબજે કરાયા છે. રાજકોટ રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું કે, જોસિફિન જ ભોગ બનનાર ખેડૂત સાથે મેરી બનીને વાત કરતી હતી.

ઘણાં સમયથી ભારતમાં રહેતી હોવાથી થોડી હિન્દી ભાષા જાણે છે. ચેટ માટે એઆઈ ટુલ્સનો ઉપયોગ કરતી હતી. બાકીના બંને આરોપીઓ ફ્રોડની રકમ એટીએમમાંથી ઉપાડવા જતા હતા. આ ત્રણેય આરોપીઓએ બીજા કોને-કોને આ રીતે શિકાર બનાવ્યા છે, ભારતમાં કેટલા સમયથી રહે છે, કાયદેસર રહે છે કે ગેરકાયદેસર તે સહિતના મુદ્દે તપાસ કરાશે.

ફ્રોડની રકમ ૧૫ બેંક ખાતામાં જમા થઈ હતી. જેમાંથી રૂા.૮૦ હજાર હજુ ઉપડયા ન હોવાથી તે રકમ ફ્રીઝ કરવામાં આવી છે. બાકીની રકમ આરોપીઓએ ઉપાડી લીધી હતી. આરોપીઓના મોબાઈલ ફોનમાંથી ડેટા રીકવર માટે તેને એફએસએલમાં મોકલવામાં આવ્યા છે. આરોપીઓ તપાસમાં સહયોગ આપતા નથી. આરોપીઓની પુછપરછ માટે અંગ્રેજીના જાણકાર હોય તેવા અધિકારીઓની મદદ લેવામાં આવશે.

# ઘનશ્યામસિંહ વાઘેલાની હત્યામાં મદદગારી કરનાર આનંદ પરમાર પકડાયો

## મુખ્ય આરોપી સાથે રેકી કરવામાં અને મૃતકને ગાડીમાંથી બહાર બોલાવવામાં ભુમિકા હતી



રાજકોટ:

જલારામ ચોક નજીક ગત શનિવારે મોડી રાત્રે ઘનશ્યામસિંહ વાઘેલા નામના યુવાનની તેના જ કૌટુંબિક પિતરાઈએ છરીના ઘા ઝીકી હત્યા નીપજાવી દીધી હતી. જે મામલે મુખ્ય આરોપી ધર્મેન્દ્રસિંહ વાઘેલાની ધરપકડ કરી લેવાયા બાદ મૃતકની રેકી કરનાર તરીકે આરોપીના મિત્રની ભુમિકા ખુલતા ભક્તિનગર પોલીસે ભીલવાસના આનંદ પરમારની ધરપકડ કરી હતી.

બનાવ અંગે સહકાર મેઈન રોડ પર રઘુવીર સોસાયટીમાં-૩ માં રહેતા ૪૨ વર્ષીય યુવાનના ઘનશ્યામસિંહ અનુપસિંહ વાઘેલાની ગત તા. ૧ ઓગસ્ટની મોડી રાત્રે ભક્તિનગર સર્કલથી જલારામ ચોક તરફ જતાં રસ્તે ધર્મજીવન એપાર્ટમેન્ટત નીચે જીઈબીના ટ્રાન્સસફોર્મર સામે નાણાવટી ચોક નાઈન્થા એવન્યુ આઈ વીગ ફલેટ નં. ૧૦૨માં રેહતાં તેના કૌટુંબિક પિતરાઈ ધર્મેન્દ્રરસિંહ મહેન્દ્ર સિંહ વાઘેલા (ઉ.વ.૨૯)એ છરીથી હુમલો કરી સાતેક ઘા મારી દેતાં ઘનશ્યાનમસિંહને ગંભીર હાલતમાં સારવારમાં ખસેડાયા બાદ રવિવારે તેમણે દમ તોડી દેતાં સમગ્ર બનાવ હત્યામાં પલટાયો હતો.

જે મામલે મૃતકના પિતા અનુપસિંહ કેશુભા વાઘેલા(ઉવ ૭૦)ની ફરિયાદ પરથી ભક્તિનગર પોલીસે પ્રથમ હત્યાની કોશિશની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. બાદમાં યુવાને સારવાર દરમિયાન દમ તોડી દેતા પોલીસે હત્યાની કલમનો ઉમેરો કરવા તજવીજ આદરી હતી.

હત્યાના બનાવના મૂળ સુધી પહોંચવાની પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી હેતલ પટેલની સૂચનાને પગલે ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ જયદીપસિંહ પરમાર અને પીએસઆઈ સુખદેવસિંહ ગોહિલની ટીમના એએસઆઈ નિલેશભાઈ મકવાણા, સહિતની ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવતા મૃતકને તેના કૌટુંબિક પિતરાઈની પત્ની સાથે વાતચીત કરવાનો વ્યવહાર હોય અને તે બાબતે અગાઉ પણ મૃતક અને તેના પિતા પર ધોરાજીના ભાડેર ગામે છરી વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યાનું ખુલ્યું હતું. જે બાદ પોલીસે ગણતરીની કલાકોમાં જ લીમડી ખાતેથી હત્યાના ગુનાના મુખ્ય આરોપી ધર્મેન્દ્રસિંહ વાઘેલાની ધરપકડ કરી લેવામાં આવી હતી.

બાદમાં પોલીસની ઝીણવટભરી તપાસમાં ગુનાને અંજામ આપ્યા પૂર્વે મૃતકની રેકી કરવામાં મદદગારી કરનાર તરીકે આરોપી ધર્મેન્દ્રસિંહ વાઘેલાના મિત્ર આનંદ ખીમજી પરમાર(ઉવ ૩૦ રહે. ભીલવાસ શેરી નં.-૨, સદર બજાર, રાજકોટ)ની ભૂમિકા નીકળતા ભક્તિનગર પોલીસે તેની ધરપકડ કરી હતી.

વધુમાં પોલીસની તપાસમાં સામે આવ્યું હતું કે, હત્યા સમયે કારમાં બેઠેલા મૃતક ધર્મેન્દ્રસિંહ વાઘેલાને તમે ગાડીમાંથી બહાર આવો, તમારું કામ છે કહી આનંદ પરમારે બહાર બોલાવ્યા હતા. બાદમાં ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ છરી વડે હુમલો કરી આશરે છથી સાત ઘા ઝીકી ઘનશ્યામસિંહ વાઘેલાને મોતને ઘાટ ઉતારી લીધા હતા.

# ઓનલાઈન મંગાવેલું દૂધ બગડેલું નિકળતા રીફન્ડ મેળવવા જતાં ૧.૯૦ લાખ ગુમાવ્યા!



રાજકોટ : ઓનલાઈન એપ મારફત પાંચ થેલી મંગાવેલું દૂધ બગડેલું નિકળતા તેનું રીફન્ડ મેળવવા ગયેલા વૃદ્ધાને ગઠિયાઓ ભેટી ગયા હતા અને તેમના બેંક ખાતામાંથી રૂા.૧.૯૧ લાખ ઉપાડી લીધા હતા. સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જામનગર રોડ પરની ગાયત્રીધામ સોસાયટીમાં રહેતા શોભાબેન પ્રમોદભાઈ રાઠી (ઉ.વ.૬૩) એકલા મકાનમાં રહે છે. તેમનો પુત્ર પુલકિત જોધપુર એરબેઝ પર વિંગ કમાન્ડર તરીકે નોકરી કરે છે. પુત્રી આંચલ અમદાવાદમાં પરણેલા છે. તેમણે ગઈ તા.૧૨ જૂનના રોજ ઝેપ્ટો એપ મારફત પાંચ લિટર દૂધ મંગાવ્યું હતું. જે બગડેલું હોવાથી કંપનીના કસ્ટમર કેરમાં ફરિયાદ કરવા ગુગલમાં સર્ચ કરી નંબર મેળવ્યો હતો.

જેની ઉપર સંપર્ક કરતા કોલરે પોતાનું નામ ઈસ્માઈલ અન્સારી જણાવી ઝેપ્ટો કસ્ટમર કેરમાંથી બોલતો હોવાનું કહ્યું હતું. સાથોસાથ રૂા.૧૭૫નું રીફન્ડ આપવાની ખાતરી આપી હતી. ત્યારબાદ વ્હોટ્સએપ નંબર પરથી સંપર્ક કરી યુપીઆઈ આઈડી મારફત રીફન્ડ આપવાની પ્રક્રિયા કરાવતા શોભાબેનના બેંક ખાતામાંથી રૂા.૯૭ હજાર ટ્રાન્સફર થઈ ગયા હતા.જેથી તેમણે ગઠિયાને આ બાબતે જાણ કરતા તેણે રકમ પરત આપવાની વાત કરી રૂા.૯૫ હજાર તેમના ખાતામાં જમા થયાનો બેંક જેવો મેસેજ પર્સનલ નંબર પરથી મોકલ્યો હતો. તે મસેજ બેંકમાંથી આવ્યાનું સમજી શોભાબેને રૂા.૯૭ હજાર સામે રૂા.૯૫ હજાર જ જમા થયાનું કહેતા ગઠિયાએ બીજી વાર યુપીઆઈ આઈડી મારફત પ્રક્રિયા કરાવતા ફરીથી રૂા.૯૪,૨૬૨ બેંક ખાતામાંથી ઉપડી ગયા હતા.

આ રીતે ગઠિયાઓએ રૂા.૧.૯૧ લાખ ઉપાડી લેતા હેલ્પલાઈન નંબર ઉપર ફરિયાદ કરી હતી. જેના આધારે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# રેસ્ટોરન્ટ માલિક સહિત ચારે કરેલા હુમલામાં ઘાયલ કૂકનું મોત



રાજકોટ : આજી ડેમ ચોકડી પાસે માન સરોવર પાર્કની બાજુમાં આવેલી રોનક હોટલમાં કુક તરીકે નોકરી કરતાં મૂળ નેપાળના ગુમાનસિંગ ઈમાનસિંગ ઠાકુર (ઉ.વ.૫૦)ને પખવાડીયા પહેલા પગારના વિવાદમાં હોટલના માલિક સહિત ચાર આરોપીઓએ ગડદાપાટુનો માર મારી, ધોકા વડે હુમલો કર્યો હતો. ઘાયલ ગુમાનસિંગે આજે સિવિલ હોસ્પિટલમાં દમ તોડી દીધો હતો.

હવે આજી ડેમ પોલીસે તેનું મોત મારકુટને કારણે થયું કે પછી ઓપરેશનમાં રહેલી બેદરકારી કે કોઈ તકલીફને કારણે તે અંગે તપાસ હાથ ધરી છે. તેના મૃતદેહનું આજે ફોરેન્સિક નિષ્ણાંત તબીબોએ પોસ્ટમોર્ટમ કર્યું હતું. જેનો રિપોર્ટ સંભવતઃ આવતીકાલે પોલીસને અપાશે. રિપોર્ટ પછી જ આ કેસમાં ખૂનની કલમનો ઉમેરો કરવો કે નહીં તે અંગેનો નિર્ણય લેવાશે તેમ પોલીસ સુત્રોએ જણાવ્યું હતું.

સિવિલમાં દાખલ ગુમાનસિંગે ગઈ તા.૨૪ના રોજ એવી ફરિયાદ નોંધાવી હતી કે, ગઈ તા.૨૨ના રોજ રાત્રે તેણે ચાર મહિનાનો બાકી પગાર માંગતા હોટલ માલિક કરણ મહતરા, દીપક અને બે અજાણ્યા શખ્સોએ ગડદાપાટુનો માર મારી ધોકા વડે હુમલો કર્યો હતો.

હુમલામાં તેના મણકામાં ફેક્ચર થઈ જતાં પોલીસે તે મુજબની કલમો હેઠળ ગુનો નોંધી જે-તે વખતે હોટલ માલિક કરણબહાદુર પ્રેમબહાદુર મહતરા(ઉ.વ.૪૨), દીપક દલબહાદુર ખડકા(ઉ.વ.૨૨), પ્રકાશ કર્ણબહાદુર ખડકા (ઉ.વ.૨૫) અને લાલબહાદુર મંગલબહાદુર બુઢા (ઉ.વ.૨૫)ની ધરપકડ કરી હતી.

આ ચાર આરોપીઓમાંથી કરણબહાદુર અને વેઈટર દીપક રોનક પાઉભાજી નામની પોતાની રેસ્ટોરન્ટમાં જ રહે છે. બાકીના બંને આરોપીઓ કુક છે. જેઓ માન સરોવર પાર્ક નજીક બાલાજી રેસ્ટોરન્ટમાં રહે છે. ચારેય આરોપીઓ મૂળ નેપાળના વતની છે. જેલહવાલે થયા બાદ જામીન ઉપર છુટી ગયા હતા. ગુમાનસિંગના મોત બાદ આજી ડેમ પોલીસે કરણબહાદુર અને દીપકને હસ્તગત કર્યા હતા. બાકીના બંને આરોપીઓ અગાઉ જ નેપાળ જતા રહ્યા છે.

પોલીસ સુત્રોએ જણાવ્યું કે, ગુમાનસિંગે મણકામાં ફેક્ચર થતાં ત્રણ દિવસ પહેલા જ ઓપરેશન કરાવ્યું હતું. ઓપરેશન પછી તેને સારું પણ થઈ ગયું હતું. આજે બપોરે અચાનક તબીયત બગડતા મોત નિપજ્યું છે. આ જ કારણથી તેનું મોત હુમલામાં થયેલી ઈજાને કારણે થયું છે કે પછી ઓપરેશનમાં કોઈ તકલીફ ઉભી થતાં થયું છે તેનો ખુલાસો પોસ્ટમોર્ટમ રિપોર્ટ પછી થશે.બીજી તરફ મૃતકના પરિવારજનોએ જ્યાં સુધી આરોપીઓ ન પકડાય ત્યાં સુધી મૃતદેહ સંભાળવાનો ઈન્કાર કરી દીધો હતો.

# વિંછીયાના દડલી ગામે આધેડની હત્યા

## આરોપીઓ ન પકડાય ત્યાં સુધી પરિવારે મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો



રાજકોટ:રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના દડલી ગામે જયંતી લીંબા સોલંકી નામના આધેડની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીકી હત્યા કરવામાં આવી છે. આ ઘટના બાદ મૃતકના પરિવારે આરોપીઓ ન પકડાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો છે.

પ્રાથમિક માહિતી મુજબ, રાત્રિના સમયે અજાણ્યા હુમલાખોરોએ આ હત્યાને અંજામ આપ્યો હોવાની આશંકા છે. સવારે જયંતી સોલંકીનો મૃતદેહ તેમના પોતાના જ ઘરે ખાટલા પર લોહીલુહાણ હાલતમાં મળી આવ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ ASP, વિંછીયા પોલીસ, LCB અને SOG સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા. પોલીસે FSL અને ડોગ સ્ક્વોડની મદદથી વૈજ્ઞાનિક તપાસ શરૂ કરી છે અને હત્યારાઓને ઝડપી પાડવા માટે વિવિધ દિશામાં તપાસ હાથ ધરી છે.

મૃતકના પરિવારજનોએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે જ્યાં સુધી હત્યાના આરોપીઓ ઝડપાશે નહી ત્યાં સુધી તેઓ મૃતદેહ સ્વીકારશે નહીં. પરિવારની આ માંગને ધ્યાનમાં રાખીને હોસ્પિટલ અને પોલીસ તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

હાલ વિંછીયા પોલીસે આ સમગ્ર મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અને આરોપીઓને ઝડપી પાડવા માટે સઘન પ્રયાસો શરૂ કર્યા છે.

# જામનગર મોકલેલી ટ્રક બિનવારસી મળી:૨૫ ટન બ્રાસ સ્ક્રેપ ગાયબ, ડ્રાઈવર-ક્લીનર ઝડપાયા

રાજકોટ:દિલ્હીથી રાજકોટ અને જામનગરના વેપારીઓ માટે મોકલાયેલો અંદાજે રૂ.૨,૩૭,૩૩,૧૩૪ની કિંમતનો ૨૫ ટન જેટલો બ્રાસ સ્ક્રેપ બારોબાર સગેવગે કરી ટ્રક ડ્રાઈવર અને ક્લીનર ટ્રક મૂકીને નાસી છૂટ્યાનો બનાવ સામે આવ્યો છે.આ મામલે પોલીસ ફરિયાદ નોંધાયા બાદ ગણતરીના કલાકોમાં ભક્તિનગર પોલીસે ડ્રાઈવર-ક્લીનરને ઝડપી લઈ ચોરીનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ગોંડલ તાલુકાના હડમતાળા ગામે હનુમાન મંદિર સામે રહેતા અને શ્રી શ્યામ ટ્રાન્સપોર્ટ એજન્સીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા પૃથ્વીરાજસિંહ રેવતુભાઈ જાડેજાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રાજસ્થાનના જોધપુરના ટ્રક નં.આર.જે.૫૨જીએ-૪૪૧૩ના ડ્રાઈવર મનોહરસિંહ કરણસિંહ, કલીનર પ્રતાપસિંહ અને ગુનાહિત કાવતરામાં ખૂલે તે તમામના નામ આપ્યા છે.પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ, તા.૩૧-૭ના દિલ્હી ટ્રાન્સપોર્ટ ઓફિસેથી ટ્રક નંબર ઈન્ન-૫૨-ય્૭-૪૪૧૩ માં આશરે ૨૭ ટન બ્રાસ સ્ક્રેપ લોડ કરવામાં આવ્યો હતો.રાજકોટની પાર્ટીઓને ૨ ટન માલ આપ્યા બાદ બાકીના ૨૫૫૫૪૧.૭૫ કિલો ગ્રામ પિતળનો ભંગાર લઈ ડ્રાઈવર-ક્લિનર જામનગર જવા રવાના કરાયા પરંતુ રસ્તામાં જ ગાયબ થઈ જતા અને ટ્રક ખાલી મળી આવતા ફરિયાદ નોંધાવાઈ હતી.

# જેતપુરના થાણાગાલોળ પાસે બાઈક-બોલેરો ટક્કરમાં ૬૩ વર્ષીય ખેડૂતનું મોત



રાજકોટ:રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના થાણાગાલોળ ગામે માર્ગ અકસ્માત સર્જાયો છે. વેલનાથ બાપાના મંદિર પાસે છોટા હાથી જેવું વાહન અને બાઈક વચ્ચે ટક્કર થતા ૬૩ વર્ષીય વૃદ્ધ ખેડૂતનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.મૃતક રમેશભાઈ આંબાભાઈ ઉનાગર થાણાગાલોળ ગામના રહેવાસી હતા. તેઓ પોતાની વાડીનું કામ પતાવી બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે આ અકસ્માત બન્યો હતો.

ગામમાં આવેલા વેલનાથ બાપાના મંદિર પાસેના વળાંક પર સામેથી આવી રહેલી વાહનના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરથી રમેશભાઈ ગંભીર રીતે ફંગોળાઈ ગયા હતા અને તેમને માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત એટલો ભયંકર હતો કે રમેશભાઈનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. ઘટનાની જાણ થતાં આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં સ્થળ પર દોડી આવ્યા હતા અને તાત્કાલિક પોલીસ તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી.

માહિતી મળતા જ જેતપુર તાલુકા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. પોલીસે છોટા હાથી વાહન ના ચાલક સામે ગુનો નોંધી અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલ પાસે પોલીસ ભરતીની દોડમાં નાપાસ થતાં હતાશ યુવાને ડેટોલ પી લીધું

રાજકોટ:કુતિયાણા ખાતે રહેતા અને પોલીસ ભરતીની તૈયારી કરતા ૨૪ વર્ષીય સાહિલ ભરતભાઈ ચાવડાએ ગોંડલના પીપળીયા ટોલનાકા પાસે ડેટોલ પીને આપઘાતનો પ્રયાસ કર્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

આ ગંભીર પગલું ભર્યા બાદ યુવાનને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. નોંધનીય છે કે થોડા સમય પહેલાં જૂનાગઢમાં પોલીસ ભરતી માટે યોજાયેલી પરીક્ષામાં તે નાપાસ થતાં તેને લાગી આવ્યું હતું અને ત્યારથી તે ડિપ્રેશનમાં આવી ગયો હતો અને અંતે હિંમત હારી જતાં તેણે ડેટોલ પીને જીવન ટૂંકાવવાનો નાહિંમતભર્યો પ્રયાસ કર્યો હતો.

સાહિલના પિતા રીક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે અને સાહિલ તેમનો એકમાત્ર પુત્ર છે, જેના કારણે આ અણધારી ઘટનાથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

સાહિલે તાજેતરમાં જ પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો અને તે જોડાવાના સ્વપ્ન સાથે સખત મહેનત કરી રહ્યો હતો. તે પોલીસ ભરતીની પરીક્ષા માટે દોડની પ્રેક્ટિસ કરતો હતો.થોડા દિવસો પહેલા જ જૂનાગઢ ખાતે પોલીસ ભરતી માટે યોજાયેલી દોડની કસોટીમાં તે નાપાસ થયો હતો. આ નિષ્ફળતા તેના માનસ પર ગંભીર અસર કરી ગઈ હતી અને તે તીવ્ર હતાશામાં સરી પડ્યો હતો. આથી માનસિક તણાવ અને નિરાશાના કારણે તેણે આવેશમાં આવીને આ અત્યંત જોખમી પગલું ભરી લીધું હોવાનું પ્રાથમિક તપાસમાં સ્પષ્ટ થઈ રહ્યું છે.આ ઘટનાની જાણ થતાં જ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક સક્રિય થયો હતો અને કાર્યવાહી હાથ ધરી છે.

# ચોટીલામાં ગેરકાયદે ખનિજ વહન કરતા ૫ ટ્રેક્ટર જપ્ત

## મોરથળા, ગુગલીયાણા, થાનગઢથી ૩૦ લાખનો મુદ્દામાલ ઝડપાયો

સુરેન્દ્રનગર:ચોટીલા સબ ડિવિઝન હેઠળ મોરથળા, ગુગલીયાણા અને થાનગઢ ગામમાંથી ગેરકાયદેસર સફેદ માટી/ફાયરક્લે ખનિજનું વહન કરતા પાંચ ટ્રેક્ટર જપ્ત કરવામાં આવ્યા છે. નાયબ કલેક્ટર ચોટીલા એચ.ટી. મકવાણા અને મામલતદાર થાનગઢની ટીમે આ કાર્યવાહી કરી હતી. જપ્ત કરાયેલા મુદ્દામાલની કિંમત ૩૦ લાખ આંકવામાં આવી છે.

આ ટ્રેક્ટરો વાંકાનેર તાલુકાના કાંછીયાગાળા ગામથી માટી ભરીને મોરથળા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પકડાયા હતા. જપ્ત કરાયેલા ટ્રેક્ટરોમાં GJ 36 AL 0720, GJ 36 AL 8147, GJ 13 CA 8433 નંબરના ત્રણ ટ્રેક્ટર અને નંબર વગરના બે ટ્રેક્ટરનો સમાવેશ થાય છે. આ તમામ ટ્રેક્ટર ટ્રોલી સાથે હતા.

કુલ ?૦,૦૦,૦૦૦ (ત્રીસ લાખ રૂપિયા) નો મુદ્દામાલ જપ્ત કરીને ચોટીલા અને થાનગઢની મામલતદાર કચેરી ખાતે ખસેડવામાં આવ્યો છે.

ગેરકાયદેસર ખનિજ વહન કરનારા ઈસમોમાં વાંકાનેર તાલુકાના કાંછીયાગાળા ગામના ગોરધનભાઈ માવજીભાઈ સાપરા, સવજીભાઈ તેજાભાઈ ઘોળીયા, ગોવિંદભાઈ માવજીભાઈ સાપરા, તેમજ થાનગઢ તાલુકાના ગુગલીયાણા ગામના દશરથભાઈ લુડાભાઈ મઘવાનીયા અને રાવરાણી ગામના વેલાભાઈ સેલાભાઈ શિયાળીયાનો સમાવેશ થાય છે.આ તમામ ઈસમો સામે "ધ ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનિંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ, ૨૦૧૭" હેઠળ નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# મોંઘી બોટલમાં સસ્તો દારૂ! ૬૦૦૦ની દારૂની બોટલ ૧૦૦૦માં વેંચતો રીક્ષાચાલક ઝબ્બે

## ઓનલાઈન લીધેલ ૪ લાખની લોન ભરવા ધંધો ચાલુ કર્યો



રાજકોટ:

જો જો તમે ગેરકાયદેસર વેંચાતો અને મોંઘો દારૂ ડુપ્લીકેટ તો નથી ને કેમ કે મોંઘી સ્કોચની બોટલમાં સસ્તી વ્હીસ્કી ભરી વેંચતો ભગવતીપરાનો રીક્ષા ચાલકને પીસીબીની ટીમે દબોચી લીધો છે.પીસીબીની ટીમે ભગવતીપરાના વિનોબા ભાવે ટાઉનશીપમાંથી સસ્તી શરાબને મોંઘીદાટ બોટલમાં ભરી વેંપલો કરતાં અનીશ હિંગોરાની ધરપકડ કરી મોંઘીદાટ શરાબની બોટલ, ખાલી બોટલ, શીલ સહીત ૧૨ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે અન્ય ત્રણ દરોડામાં ૫૫ બોટલ શરાબ સાથે ત્રિપુટી પકડાઈ હતી.

દરોડાની વિગત મુજબ, શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા શહેરી વિસ્તારમાં દારૂ-જુગારની ગેરકાયદે પ્રવૃતિને નેસ્ત નાબૂદ કરવા અસરકારક કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી.

જે સૂચના અનુસંધાને પીસીબી શાખાના એમ આર ગોંડલીયાની રાહબરીમાં ટીમો પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પીએસઆઈ આર કે જાડેજા અને પી બી ત્રાજીયાની ટીમના હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ ઝાલા અને કોન્સ્ટેબલ વાલજીભાઈ જાડાને મળેલી સંયુક્ત હકીકતના આધારે ભગવતીપરામાં આવેલ વિનોબા ભાવે ટાઉનશિપ બ્લોક નં.બી/૧૬ ના પાર્કિંગમાંથી રોયલ ચેલેન્જ બેંગ્લોર તથા ઓલ સિઝન્સ જેવા સસ્તા દારૂની બોટલમાંથી દારૂ કાઢી મોંઘીદાટ દારૂની બોટલમાં ભરી ઉંચા ભાવે વેચાણ કરતા શખ્સ અનિશ આમદભાઈ હિંગોરા (ઉવ ૨૮ રહે ભગવતીપરા બી/૧૬, ૧૦૫, વિનોબા ભાવે ટાઉનશીપ રાજકોટ)ની ધરપકડ કરી મોંઘીદાટ શરાબની અલગ અલગ બોટલો, સ્કોચની ખાલી બોટલો, પ્લાસ્ટિકની ગરણી, હીટ ગન, રેડિયમ તેમજ ૨૦ નંગ સીલ મળી કુલ રૂ.૧૧,૫૦૭ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, તે છેલ્લા ચાર માસથી આ સસ્તી દારૂનો મોંઘી બનાવી વેંચતો હોવાનું સામે આવ્યું છે. તે ઓનલાઈન પ્લાસ્ટિક કેપ મંગાવતો, દારૂ ભર્યા બાદ કેપ મારી હિટ ગનથી પેક કરી દેતો હતો.

પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ પકડાયેલ શખ્સને રિક્ષાનો ધંધો ધીમો પડતાં ચારેક માસ પહેલા એક ઓનલાઈન રૂ.૪ લાખની લોન લીધી હતી. જે ભરપાઈ કરવા માટે તેમની પાસે રોજગારીનું કોઈ સાધન ન રહેતા તેને ૧ હજારની સસ્તી વિસ્કીને સ્કોચની બોટલમાં ભરી ૬ હજારમાં વેચતો હોવાનું પણ સામે આવ્યું છે.